"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળવાન બનો!



ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

આઠ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

બળવાન બનો!

['યજુર્વેદ-સંહિતા' અધ્યાય ૧ લો]

पुस्तक संख्या १५ग/6
आगत संख्या २१४८६
तिथि २४.१२.२००२
गुरुकुल ग्रन्थालय कांगड़ी

★

અનુવાદક :
નાજુકલાલ નંદલાલ ચોકસી

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

આઠ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સં. : ૨૦૦૨
આવૃત્તિ : ૨ જી ★ પ્રત : ૬૦૦૦

[સર્વ હક્ક સ્વાધીન છે.]

મુદ્રક અને પ્રકાશક :– ત્રિભુવનદાસ લ૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

હિંદુસ્તાનમાં આવનાર, ઈરાનમાં રહેનાર અને પશ્ચિમના મુલકો તરફ જનાર માનવજાતના એકત્રિત કુટુંબની જુદી જુદી શાખાઓના આર્યો છૂટા પડચા, તે પહેલાંનો સૌથી પુરાતન અને સૌથી બળવત્તર વિચારસમૂહ વેદમાં સમાયેલો છે. ઉપનિષદો, ગીતા, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર વગેરે ત્યાર પછી વેદ-વાણીના આધારભૂત પાયા ઉપર જ રચાયેલા છે. મૂળ વેદમાં શું છે તે વિષે સામાન્ય પ્રજાને તો કંઈ ખબર જ નથી; પણ આધ્યાત્મિક વિદ્યાના નૌકાસંકલનને માટે દરેક માણસને આનો થોડો ખ્યાલ હોય તો સારું એમ અમને લાગે છે તેથી આ પુસ્તક મહાગુજરાતના વાચકો સમક્ષ મૂકવામાં આવ્યું છે.

જેઓ એમ કહે છે, કે 'ધર્મનું શિક્ષણ માણસને નિર્બળ બનાવનારું છે' તેઓને આ પુસ્તકમાંથી ખાતરી થશે, કે યજુર્વેદમાં શરૂઆતમાં જ શ્રેષ્ઠતમ કર્મનો જુસ્સાદાર અને મનનીય ઉપદેશ કરવામાં આવ્યો છે. ધર્મને સાથે રાખીને વ્યવહાર કેમ કરવો, તે વાત વિદ્વદ્વર્ય પંડિત સાતવલેકરજીના (જેમણે વેદસાહિત્યની ખીલવણીની પાછળ આખું જીવન સમર્પી દીધું છે, તેમના) આમાં આપેલા અત્યંત ધ્યાન ખેંચનારા સચોટ અર્થ અને ટીકામાંથી મળી આવશે.

વેદોની ભાષા સામાન્ય સંસ્કૃત જાણનારાને પણું સમજાય તેવી નથી. આગળ-પાછળના મંત્રોના સંબંધો ગોઠવીને જ તેમાંથી સીધો અર્થ મેળવી શકાય; અને ત્યાર પછી પણ વિદ્વાનોને હાથે થોડીક સમજૂતીની જરૂર રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તકમાં યજુર્વેદના ૧ લા અધ્યાયનાં મૂળ મંત્રો, અર્થ અને વિવરણ અપાયાં છે. વેદનું નામ સાંભળીને જ ભડકી જનારા વાચકોની સગવડને ખાતર આ પુસ્તકમાં કહેવાયેલો મહામંત્ર **'બળવાન બનો!'** એ જ અમે આ પુસ્તકનું નામ આપ્યું છે. વેદનું સાહિત્ય વિસ્તૃત છે અને માનવજાતિને ઉપયોગના બધા વિષયોની ચર્ચા કરનારું છે. સમજનાર અને સમજાવનાર હોય, તો તેમાંથી આજની દુનિયા-ને સીધી રીતે કામ લાગે એવી અનેક સામગ્રી મળે એમ છે.

પંડિત સાતવલેકરજીએ સ્થાપેલા "સ્વાધ્યાય મંડળ-ઔંધ"ની ગુજરાત શાખા-તરફથી વેદનું સાહિત્ય બહાર પડે છે. આ સંસ્થાએ તો આ દિશામાં પ્રજાની પાસે નમૂના-રૂપે આ એક પુસ્તક રજૂ કર્યું છે; પણ આ નમૂનો જોયા પછી પાંચ હજાર વર્ષ કે તેથી પણ પૂર્વે પ્રૌઢ ઋષિઓ અને પ્રખર ચિંતકોને હાથે રચાયેલા અને માનવજાતિને અનેક રીતે માર્ગદર્શક એવા વેદસાહિત્યનો વધુ પરિચય મેળવવા વાચકવર્ગ પ્રેરાશે એવી આશા છે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવાની નિષ્કામભાવે રજા આપવા બદલ પંડિત સાતવલેકરજીનો તથા 'સ્વાધ્યાય મંડળ'ની ગુજરાત શાખાના મંત્રીનો આભાર માનવામાં આવે છે.

મુંબઈ,
તા. ૩–૧–'૪૬

'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'ની પ્રૌઢવાચનની
૧૮ પુસ્તકોની સાહસભરી નવી યોજના

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'

પ્રૌઢશિક્ષણ માટે ઉપયોગી થાય તેવાં અને ઓછું ભણેલાંઓ રસપૂર્વક વાંચી–સમજી શકે એવાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાની યોજના આ સંસ્થા તરફથી તૈયાર કરવામાં આવી છે; અને તેનું સંપાદન જાણીતા સાહિત્યકાર **શ્રી. મોહનલાલ મહેતા ('સોપાન')** કરે છે. પહેલી યોજના મુજબ એમાં નીચે જણાવેલાં ૧૮ પુસ્તકો પ્રસિદ્ધ થશે.

આ યોજનાનાં પુસ્તકોમાં ઓછું ભણેલાં હજારો ભાઈબહેનોને જીવનને સ્પર્શતા વિષયોનું જ્ઞાન બને તેટલી સરળ ભાષામાં આપવાનો પ્રયત્ન થશે. નાનાંમોટાં સૌકોઈ સરળતાથી વાંચી શકે એ માટે આ યોજનાનાં બધાં પુસ્તકો **આવા મોટા અક્ષરોમાં** છપાય છે.

નીચેનાં તેર પુસ્તકો તૈયાર છે:—

૧. **પ્રકાશનાં પગલાં :** (સચિત્ર) લેખક: શ્રી. કરસનદાસ માણેક
★ જગતના ભિન્નભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ ૦–૧૦

૨. **રાખની ઢગલી :** (સચિત્ર) લેખક : શ્રી. 'સૌજન્ય'
★ વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ ૦–૧૦

૩. **હાસ્યતરંગ :** (સચિત્ર) લેખક : શ્રી. જ્યોતીન્દ્ર હ૦ દવે
★ જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ–લેખો ૦–૧૦

૪. **જીવનની કલા :** લેખક : શ્રી. રવિશંકર મહેતા
★ જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન ૦–૧૦

૫. **જગતમાં જાણવા જેવું :** (સચિત્ર) સંગ્રાહક : શ્રી. છોટાલાલ માનસિંગ કામદાર ★ જગતની અદ્‌ભુતતા અને ઉપયોગિતાનો સરલ પરિચય ૦–૧૦

૬. **જીવનપરિવર્તન :** (સચિત્ર) લેખક : શ્રી. 'સોપાન'
★ જીવનપલટાની એક કરુણ–મંગલ સળંગ વાર્તા ૦–૧૦

૭. **ઇતિહાસને અજવાળે :** (સચિત્ર) લે૦ ઇન્દ્ર વસાવડા
★ ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા ૦–૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. **ગૃહજીવનની કલા :** (સચિત્ર) લે૦ "સમાજશાસ્ત્રી"
* ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય, તેનાં સૂચનો ૦–૧૦

૯ **ગામડું બોલે છે :** (સચિત્ર) લે૦ ચુનીલાલ મડિયા
* હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન ૦–૧૦

૧૦. **ગૃહજીવનનાં દૃશ્યો :** (સચિત્ર) લેખિકા: શ્રી. કુમુદ શેઠ
* આપણાં ગૃહકુટુંબનાં સાચાં શબ્દચિત્રો ૦–૧૦

૧૧. **મારો ભારત દેશ :** (સચિત્ર) લે૦ કાન્તિલાલ પરીખ
* ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય ૦–૧૦

૧૨. **આરોગ્યસાધના :** (સચિત્ર) લે૦ ડુંગરશી ધ૦ સંપટ
* આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન ૦–૧૦

૧૩. **ભગવાનનાં છોરુ :** (સચિત્ર) લે૦ પુરાતન બુચ
* હરિજનોના જીવનપ્રસંગોનો હૂબહૂ ચિતાર ૦–૧૦

નીચેનાં પાંચ પુસ્તકો હવે પછી પ્રકટ થશે.

પાંચ પુસ્તકો તૈયાર થયે તેનાં નામ અને લેખક વિષે જાહેરાત કરવામાં આવશે. આજની ધારણા પ્રમાણે એ પુસ્તકોમાં નીચેના વિષયોનો સમાવેશ થશે.

૧૪. **રવીન્દ્ર-જીવન :**
* કવિવર રવીન્દ્રનાથ ટાગોરના જીવનનો પ્રેરણાત્મક પરિચય

૧૫. **ગુજરાતના સેવકો :**
* આજના ગુજરાતને ઘડનારા મૂંગા સેવકોની જીવનકથા

૧૬. **માતૃત્વ :**
* બાળઉછેરને લગતા પ્રશ્નો અને ઉત્તરો

૧૭. **જાગ્રત નારી :**
* નારીજીવનને પ્રેરણા આપતા લેખો ને જીવનચરિત્રો

૧૮. **સાહસ-કથાઓ :**
* લોકકલ્યાણ અર્થે સાહસ કરનારા વીરોની કથાઓ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે-**અમદાવાદ** અને કાલબાદેવી રોડ-**મુંબઈ-૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

'આમ સાહિત્યશ્રેણી'

આ ગ્રંથાવલિમાં જ્ઞાન–ચારિત્ર્યવર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતે બહાર પડે છે. હાલ નીચે પ્રમાણે પુસ્તકો પ્રકટ થયાં છે:—

ગીતાસંકલન–સંપાદક: શ્રી૦ રમણ મહર્ષિ: મોઢે કરવા જેવા ગીતાના ૪૧ શ્લોકોનું સંકલન, બીજાં બે સંકલનો સાથે		૦–૩
ભગવાન બુદ્ધ–(સચિત્ર) લેખક: પુરાતન બુચ બુદ્ધદેવના કેટલાક જીવન–આદર્શોનું હૃદયંગમ નિરૂપણ	૫૬	૦–૪
કણ્ઠાભરણમ્–સંગ્રાહક: અમથાલાલ જ. શાહ: મુખપાઠ કરવા યોગ્ય ચૂંટી કાઢેલા પ્રાર્થના–મંત્રો–અર્થ સાથે	૬૪	૦–૩
કાળમુખી અને બીજી વાતો–લેખક: ચુનીલાલ મડિયા આશાસ્પદ લેખકની કાઠિયાવાડી જીવનની વાતો	૬૪	૦–૩
શ્રીમદ્ શંકરાચાર્ય (સચિત્ર) લેખક: પુરાતન બુચ: જગદ્ગુરુ આદ્ય શંકરાચાર્યનું ટૂંકું જીવન અને કવન	૪૮	૦–૩
મનને–એક સંતની મનોનિગ્રહ પ્રેરતી કવિતાઓ	૪૦	૦–૩
વિચાર સૂર્યોદય–તત્ત્વજ્ઞાનની બાળપોથી જેવું વેદાંતનું સરળ પુસ્તક		૦–૩
મેનાવતી ને **ગોપીચંદ** તથા **ભર્તૃહરિ** ને **વિક્રમ**–સ્વ૦ 'કલાપી'કૃત		૦–૩
જેસલ અને **તોરલ** તથા **ગોપીચંદ** ને **જાલંધર**– ,,	૫૬	૦–૩
જ્ઞાનનાં ઝરણાં:–સ્વામી માધવતીર્થ	૬૪	૦–૩
ઉચ્ચ જીવન:–ડૉ. હરિપ્રસાદ દેસાઈ	૫૬	૦–૩
ધ્યાન અને **જ્ઞાન**–સ્વામી માધવતીર્થ	૪૮	૦–૩
અણોજો ને નવું રેલવે સ્ટેશન–લેખક ચુનીલાલ વ૦ શાહ	૬૦	૦–૪
ઉત્તરગીતા–અર્જુનને ઉત્તરાવસ્થામાં શ્રીકૃષ્ણે આપેલા તત્ત્વ-બોધનો સરળ અનુવાદ મૂળ શ્લોકો સાથે ...	૬૪	૦–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનો મર્મ-લેખક 'સોપાન'	... ...	૮૪	૦-૬
નવજવાન- ,, ,,	... ...	૬૪	૦-૪
અહિંસાનું રહસ્ય-,, ,,	... ...	૭૨	૦-૪
એ વૃદ્ધ પુરુષ!- ,, ,,	... ...	૫૬	૦-૪
આશાને અજવાળે- ,,	... ...	૫૬	૦-૪
અબજી બાપા-કચ્છના મહાન સંતનું ચરિત્ર	... ...	૪૮	૦-૪
શ્રીસંતનો સડો-(કાવ્ય) ઈશ્વર ઘોળકિયા	... ...	૬૪	૦-૪
શ્રી તૈલંગ સ્વામી, વિશુદ્ધાનંદ તથા પૌહારીબાબાનાં ચરિત્રો		૮૮	૦-૪
બાળસદ્બોધ-વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ	... ...	૧૨૦	૦-૪
બાળકોના વિવેકાનંદ-બાળોપયોગી ટૂંકું ચરિત્ર-	...	૫૬	૦-૪
જયભારતી-(કાવ્ય) શ્રી. 'શયદા'કૃત: ભારતની ચડતી-પડતીનું દિગ્દર્શન	... ...	૩૬	૦-૬
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા-ઉપદેશયુક્ત સંવાદ આધુનિક અને રામાયણયુગની તુલના સાથે		૧૬૪	૦-૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ-૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળવાન બનો!

[યજુર્વેદ સંહિતા: અધ્યાય ૧ લો+]

૧

ओ३म् ॥ इषे त्वोर्जे त्वा, वायवस्थ, देवो वः सविता प्रार्पयतु श्रेष्ठतमाय कर्मणे, आप्यायध्वम्, अघ्न्या, इन्द्राय भागं, प्रजावतीरनमीवा अयक्ष्मा, मा व स्तेन ईशत, माघशंसो, ध्रुवा अस्मिन् गोपतौ स्यात, बह्वीर्यजमानस्य पशून्पाहि ॥ १ ॥

(१) [सविता देवः] त्वा इषे [प्रार्पयतु] (२) [सविता देवः] त्वा ऊर्जे [प्रार्पयतु] (३) [यूयं] वायवःस्थ। (४) सविता देवः वः श्रेष्ठतमाय कर्मणे प्रार्पयतु (५) [यूयं] आप्यायध्वम् (६) [यूयं] अघ्न्याः [स्थ।] (७) [यूयं] इन्द्राय भागं [आप्यायध्वम्] (८) [यूयं] प्रजावतीः (९) अनमीवाः (१०) अयक्ष्माः [स्थ] (११) स्तेनः वः मा ईशत (१२) अघशंसः [वः] मा [ईशत] (१३) अस्मिन् गोपतौ ध्रुवाः स्यात (१४) बह्वीः [प्रजाः] स्यात (१५) यजमानस्य पशून् पाहि।

(૧) **"હે મનુષ્ય! ભગવાન સવિતાદેવ (इषे त्वा) તને અન્નની પ્રાપ્તિ માટે કર્મ કરવાની પ્રેરણા કરો."** સૌથી પ્રથમ મનુષ્યે અન્ન મેળવવું જોઈએ. અન્ન સિવાય મનુષ્ય જીવી શકે નહિ. એટલે " અન્ન મેળવવા સારુ કર્મ કરવાને તૈયાર થા "

+ વાજસનેયિ–માધ્યંદિન–શુક્લ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો ઉપદેશ અત્રે કરવામાં આવેલો છે. '**સવિતા**' એ શબ્દ સૂર્યવાચક છે એ તો સહુને જાણીતું છે. પણ અહીં આગળ આ શબ્દ "सविता वै देवानां प्रसविता" (शत० ब्रा० १।१।२।१७) યાને 'સવિતા એ સર્વ દેવતાઓને પેદા કરનારો પરમેશ્વર છે' એ અર્થમાં વપરાયો છે. એટલે "સર્વને પેદા કરનારો પરમેશ્વર તને અન્નની પ્રાપ્તિ સારુ કર્મ કરવાની પ્રેરણા કરો." એવો અર્થ પહેલા વાક્યનો થાય છે. હવે માત્ર અન્ન મળવાથી જ કંઈ કામ સરે નહિ. ખાધેલું અન્ન પચાવવું જોઈએ અને તેને પરિણામે બળની વૃદ્ધિ થવી જોઈએ; તેથી બીજા જ મંત્રભાગમાં કહેવામાં આવ્યું છે, કે—

(૨) "**આ બધાંને ઉત્પન્ન કરવાવાળો ઈશ્વર** (ऊर्जे त्वा) **તને બળ વધારવાની પ્રેરણા કરો!**" અર્થાત્ કે પહેલાં પુષ્કળ અન્ન મેળવ અને પછી તે અન્નનો ઉપભોગ કરીને બળની વૃદ્ધિ કર." અન્નનો અતિશય ઉપભોગ કરવાથી યાને જોઇએ તેના કરતાં વધારે પ્રમાણમાં આહાર કરવાથી અપચો થઈને બળનો નાશ ન થાય તે માટે પૂરતી કાળજી રાખજે અને બળવૃદ્ધિ સતત થતી રહે એવી રીતે તારી દિનચર્યા રાખજે. વળી પુષ્કળ અન્ન મળ્યું અને શરીર બહુ હૃષ્ટપુષ્ટ થયું, એથી પણ કંઈ કામ પત્યું ન ગણાય. "હું કોણ છું?" એનો વિચાર કરવો જોઇએ. બધા લોકો શરીરને જ 'હું' એમ સમજે છે, પણ તે તેમનો ભ્રમ છે. '(૧) **શરીર**, (૨) **ઇંદ્રિય**, (૩) **મન**, (૪) **પ્રાણ**, (૫) **બુદ્ધિ** અને (૬) **આત્મા**'—આ છ તત્ત્વો મનુષ્યની અંદર સમાવિષ્ટ થયેલાં છે. એ છયે તત્ત્વો મળીને જ મનુષ્ય બને છે. તે પૈકી પહેલાં બે તત્ત્વો સ્થૂળ છે, ત્રીજાં ને ચોથાં તત્ત્વો સ્થુળ અને સૂક્ષ્મ તત્ત્વોને જોડનારી કડીરૂપ છે, અને છેવટના એટલે કે પાંચમા અને છઠ્ઠા નંબરનાં તત્ત્વો એ સૂક્ષ્મ તત્ત્વો છે. સ્થૂળ કરતાં સૂક્ષ્મ તત્ત્વોની શક્તિ અધિક હોવાને કારણે સૂક્ષ્મોનું મહત્ત્વ સ્થૂલ તત્ત્વો કરતાં વિશેષ છે; એટલે જ સૂક્ષ્મ તત્ત્વો મુખ્ય કહેવાય છે એવું સૂચન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા મંત્રમાં મળે છેઃ (૩) यूयं वायवः स्थ ।

(૩) **"હે મનુષ્યો ! તમે બધાં પ્રાણરૂપ છો."** શરીર નાશવંત છે અને પ્રાણ તથા તેની આગળનું તત્ત્વ જે આત્મા તે અમર છે. યજુર્વેદના ૪૦ મા અધ્યાયમાં આ જ આશયનું કથન છેઃ જેમ કે–"वायुरनिलममृतमथेदं भस्मान्तं शरीरम् (અ. ૪૦–૧૫) અર્થાત્ પ્રાણ એ (अन् + इलं) અપાર્થિવ અમૃત છે અને આ શરીર ભસ્મ થનારું છે." ૪૦ મા અધ્યાયમાંના આ મંત્રનો સંબંધ અહીં આ મંત્ર સાથે ઘટાવી જોતાં લક્ષમાં આવશે, કે જેને સારુ અન્ન મેળવ્યું અને જેનું બળ વધાર્યું, તે શરીર તો નાશવંત છે; માટે જરૂર પૂરતી તેની ઉન્નતિ સાધ્યા બાદ શાશ્વત શક્તિવાળાં અન્ય તત્ત્વો જે પ્રાણ, બુદ્ધિ ને આત્મા છે, તેમની ઉન્નતિ તરફ લક્ષ અપાવું જોઈએ. આ બાબત ઠસાવવા ખાતર **"તમે પ્રાણરૂપ છો"** એવો ઉપદેશ અહીં આ મંત્રમાં કરવામાં આવ્યો છે. અર્થાત્ "હે મનુષ્યો, તમે શરીરરૂપ નથી પણ પ્રાણરૂપ છો." અગાઉના બે મંત્રોમાં એક વચનનો પ્રયોગ થયેલો છે તે ધ્યાનમાં લો. એક વચનનો એ પ્રયોગ એમ બતાવે છે, કે એ ઉપદેશ વ્યક્તિગત કરવામાં આવેલો છે. અન્ન મેળવવું અને બળની વૃદ્ધિ કરવી એ બન્ને બાબતો દરેકે વ્યક્તિગત કર્યે જ છૂટકો; પણ મનુષ્ય એ સંઘમાં રહેનારું પ્રાણી હોવાથી એની પછી આવતો **"હું સંઘમાં રહેનારો છું"** એ ઉપદેશ બરાબર સમજી લઈને પોતાના જીવનમાં ઉતારવો જોઈએ. અર્થાત્ આધ્યાત્મિક જીવન એટલે કે સંઘજીવન. એ કેવી રીતે તે આગળ પર કહેવામાં આવશે. (૪) सविता देवः वः श्रेष्ठतमाय कर्मणे प्रार्पयतु । આ મંત્રનો અર્થ એવો થાય છે, કે બધાંને ઉત્પન્ન કરનારો દેવ તમને બધાંને શ્રેષ્ઠતમ કર્મ કરવાને પ્રેરો; અર્થાત્ કે **તમે બધાં ભેગાં મળીને સર્વની ઉન્નતિ સારુ જરૂરજોગાં ઉત્તમ કર્મો કરો.'** એવો ઉપદેશ આ ૪થા મંત્રમાં કરવામાં આવ્યો છે. કર્મ કર્મમાં પુષ્કળ ભેદ છે. **'વિકર્મ, અકર્મ, કર્મ, શ્રેષ્ઠ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મ, **શ્રેષ્ઠતર કર્મ, શ્રેષ્ઠતમ કર્મ'** એવાં અનેક કર્મો છે. 'વિકર્મ' એટલે વિરુદ્ધ કર્મ, એટલે કે જે કરવાથી અવનતિ થાય તેવું કર્મ. 'વિકર્મ' પછીના કર્મ–પ્રકારો એકએકથી ચઢિયાતા પ્રકારનાં કર્મો હોઈ તે બધાંમાં ઉત્તમોત્તમ દરજ્જો **શ્રેષ્ઠતમ કર્મ**નો છે. એટલે જ આ મંત્રમાં કહેવામાં આવ્યું છે, કે પ્રત્યેક મનુષ્યે કિંવા મનુષ્યસંઘે **શ્રેષ્ઠતમ કર્મ** કરવાની મહત્ત્વાકાંક્ષા સેવવી; અર્થાત્ હીન કહેતાં હલકાં કર્મો પોતા દ્વારા ન થાય એવી ખબરદારી મનુષ્ય માત્રે રાખવી જોઈએ. આ ચાર મંત્રભાગોનો પરસ્પર સંબંધ ઘટાવી જોતાં વાચકના ધ્યાનમાં સહેજે આવી જવું જોઈએ, કે પહેલા બે મંત્રોમાં 'અન્ન મેળવ અને બળ વધાર' એવો જે ઉપદેશ કરવામાં આવ્યો છે, તેમાં પણ **'પ્રશસ્તતમ (ઉત્તમોત્તમ) કર્મો દ્વારા અન્ન મેળવ અને બળ (શક્તિ) વધાર'** એવો જ ભાવાર્થ સમજવાનો છે. 'ગમે તેવું દુષ્ટપણું કરીને અન્ન મેળવ' એવો ભાવ અલબત નથી જ સમજવાનો. સમસ્ત 'યજુર્વેદ' માં **'કર્મ કરો'**એવો ઉપદેશ જ્યાં જ્યાં આવે, ત્યાં ત્યાં 'પ્રશસ્તતમ કર્મ કરો' એવો જ અર્થ સમજવાનો છે. એવાં શ્રેષ્ઠ કર્તવ્ય કર્મો કરીને જ (૫) आप्यायध्वम् કહેતાં તમારે સહુએ પોતાની ઉન્નતિ કરી લેવી. आप्यायन એટલે સર્વાંગી ઉન્નતિ–'સમવિકાસ' એ એનો ગર્ભિત અર્થ છે. " आप्यायन्तु ममांगानि वाक्प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्म० " (ઉપનિષચ્છાન્તિ) અર્થાત્ કે મારા સઘળા અવયવો, મારી સઘળી ઇંદ્રિયો, મારી શક્તિ વગેરે બધું જ વૃદ્ધિંગત થાઓ: એ ધ્યેય અહીં રજૂ થયેલું છે. શારીરિક, માનસિક, વ્યક્તિગત, તેમ જ સામુદાયિક એવી સર્વ પ્રકારની ઉન્નતિ આ 'આપ્યાયન' શબ્દ દ્વારા સુચવાઈ છે. અન્ન મેળવવું, બળ વધારવું, પ્રાણશક્તિની વૃદ્ધિ કરવી અને પ્રશસ્તતમ કર્મો કરવાં એ બધું આપણો સઘળાંનો વિકાસ થાય, સઘળાંનો અભ્યુદય થાય એટલા માટે જ આવશ્યક છે: કારણ કે તમે બધાં (૬) "अघ्न्याः" કહેતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી નખાવાને અયોગ્ય છો. તમારી શક્તિનો હ્રાસ થાય એ બરાબર નથી. હે મનુષ્યો ! તમે પોતે થઇને પોતાનો નાશ કરો એ કિંવા બીજા કોઈ દ્વારા તમારો નાશ થાય એ કોઈ પણ રીતે યોગ્ય નથી. બધી રીતે તમારી ઉન્નતિ જ થવી જોઈએ. તમારી આબાદી થાય, તમારી વૃદ્ધિ થાય એવા જ પ્રકારનાં આચરણો તમારે કરવાં ઘટે; એટલું જ નહિ, પણ કોઈ તમારો નાશ કરવાને તત્પર બને તો તમારે તેનો પ્રતિકાર કરવો જોઈએ યાને તેની સામે થવું જોઈએ, અને તેમ કરીને તમારી સર્વાંગી ઉન્નતિનો માર્ગ તમારે નિષ્કંટક બનાવવો જોઈએ; એ જ અત્યારે તમારું પ્રશસ્તતમ કર્મ છે. આ રીતની તમારી સર્વાંગી ઉન્નતિ સાધવાનું શક્ય બને એટલા ખાતર તમે (૭) इन्द्राय भागं श्रेष्ठतमाय कर्मणे आप्यायध्वम् યાને (તમારા) નરેન્દ્ર માટેના (તમારી પ્રાપ્તિના આપવા લાયક વ્યાજબી) ભાગમાં શ્રેષ્ઠ કર્મ કરવા ખાતર વધારો કરી આપીને તેને સોંપી દ્યો. તમારા શત્રુનો નાશ કરનાર જે શક્તિ છે, તેને ઇંદ્ર કહેવામાં આવે છે. (इन् शत्रून् द्‍णाति इति इन्द्रः) એવા નરેંદ્રનો ભાગ નરેંદ્રને હવાલે કરી દીધાથી તે તમારા લાભમાં ઉત્તમ પ્રકારનું રાજ્યતંત્ર ચલાવીને સુરાજ્ય–વ્યવસ્થા દ્વારા તમારી ઉત્તમ આબાદી સાધશે; અને એ રીતે રાજા તથા પ્રજા એક બીજાના સહાયક બનીને બેઉ જણ હળીમળીને પોતાની સર્વાંગી ઉન્નતિનાં કાર્ય કરતાં રહેશે, તો બન્નેની ઉન્નતિ ખાતરીથી થતી રહેશે. એટલા માટે નરેંદ્રનો ભાગ તેને હવાલે કરી દેવાનું વીસરવું નહિ. આ પ્રમાણે સુરાજ્ય અને સ્વરાજ્યના તંત્ર નીચે તમે રહેશો, તો (૮ થી ૧૦) प्रजावतीः, अन् + अमीवाः, अ–यक्ष्माः કહેતાં તમે ઉત્તમ સંતતિવાળાં, નીરોગી અને ક્ષયાદિ રોગ વગરનાં બનીને સુખી જીવન જીવવાને યોગ્ય બનશો; કારણ કે ઉત્તમ પ્રકારની કર્તવ્યશીલ સંતતિ પ્રાપ્ત થવી તથા રાષ્ટ્રમાં રોગરાઈનો ઉપદ્રવ ન થાય તેનો આધાર ઉત્તમ રાજ્યવ્યવસ્થા પર જ રહેલો છે. જે રાજ્યવ્યવસ્થાને યોગે રોગરાઈ કમી થાય, ઉત્તમ પ્રકારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્યશક્તિવાળી પ્રજા પાકે, તે જ રાજ્યવ્યવસ્થા ઉત્તમ એમ સમજવું. કદાચ કોઈ દુષ્ટ, સ્વાર્થી અગર ચોરવૃત્તિના દુષ્ટ માનવીનો અમલ તમારા પર ચાલુ થાય, તો (૧૧–૧૨) स्तेनः वः मा ईशत, अघशंसः वः मा ईशत કહેતાં, 'ચોર તમારો સ્વામી અથવા શાસનકર્તા ન બનો. તેમ જ પાપી તરીકે જેની ખ્યાતિ છે, એવો દુષ્ટ તમારા પર અધિકાર ન જમાવો.' આનો અર્થ એવો થાય છે, કે ચોર અગર પાપીના અમલ નીચે તમે રહેશો નહિ. ચોર અગર પાપી તમારા પર અધિકાર જમાવવા માગે, ત્યારે તમે તેનો સામનો કરજો. તેને હરાવીને દૂર દૂર ભગાડી દેજો. 'ચોર અને પાપીના અધિકાર નીચે નહિ જ રહીએ' એવો દૃઢ નિશ્ચય તમે કરજો; અર્થાત્ કે તમારા શત્રુને સ્વશત્રુ તરીકે જે માનતો હોય, અને તે શત્રુને મિટાવી દેવાને પોતાની તમામ શક્તિ ખર્ચી નાખવાને જે તત્પર હોય, તેવાને જ તમે તમારો ઇંદ્ર યાને શાસક માનજો અને તેના અધિકાર નીચે તમે આનંદથી રહેજો. (૧૩) अस्मिन् गोपतौ ध्रुवाः स्यात કહેતાં આવા પૃથ્વીપતિના અધિકાર (સત્તા) નીચે સુસ્થિર (કાયમ) રહેજો. જે રાજા તમારું ધન લૂંટતો ન હોય તથા તમારી સંગાથે પાપાચાર કરતો ન હોય, એટલું જ નહિ પણ તમારી ગૌ કહેતાં ભૂમિ–માતૃભૂમિનું ખરા અંતઃકરણપૂર્વક (पतिः=पाति) ઉત્તમ પ્રકારે પાલન કરતો હોય એવા રાજાના શાસન તળે આનંદે રહેજો, અને (૧૪) बह्वीः स्यात કહેતાં પુષ્કળ રીતે વધજો: સંખ્યાની દૃષ્ટિએ, ગુણોની દૃષ્ટિએ, કર્તવ્યની દૃષ્ટિએ, તેમ જ બીજી બધી દૃષ્ટિએ તમારી અભિવૃદ્ધિ કરતા રહેજો; અર્થાત્ કે તમારી વસતિવાડી જેમ વધવા દેજો, તેમ તમારા ઇતર ગુણોનો પણ વિકાસ થવા દેજો. (૧૫) यजमानस्य पशून् पाहि એટલે કે 'યજમાન(કહેતાં યજ્ઞ કરવાવાળા)નાં પશુઓનું રક્ષણ કરજે.' અત્રે યજમાન કોણ, તેનાં પશુ કોણ, અને તેમનું પાલન અથવા રક્ષણ કરવાનું તે કેવી રીતે એનો આપણે વિચાર કરીએ, તો 'आत्मा यजमानः' (कौ० ब्रा० १७।७ ॥ गौ०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रा० उ० ५-४). 'इन्द्रियाणि पशवः (नृ० पू० उ० १ । ४) અહીં પહેલા નંબરનો યજમાન આત્મા ઠરે છે, અને તેનાં પશુ તરીકે દશ ઇંદ્રિયો ઠરે છે. ઇંદ્રિયો એ આત્મા નામના યજમાનનું પશુધન છે. એ પશુઓ ચરવા કાજે સારે—નરસે ઠેકાણે દોડાદોડ કરે છેઃ એમ કરવાનો તેમનો સ્વભાવ છે; એટલા માટે એમના પર દેખરેખ રાખનાર તરીકે કોઈને નીમવો જોઈએ, અને તેની નજર બહાર તેમને જવા દેવાં ન જોઈએ—નહિ તો એ પશુઓ ખેતરમાં આવેલો હરિયાળો ચારો ખાવાને દોટ મૂકશે, અને પરિણામે ભોગવિષયોના ખાધરા(ઊંડા ખાડા)માં પટકાશે. બીજા નંબરનો યજમાન યજ્ઞ કરનારો યાજક છે. એનું પશુધન ગાય, વાછરડાં વગેરે ઢોરોનું બનેલું હોય છે. એ ઢોરોનું પણ, તેઓ અવળે માર્ગે ચઢી જાય નહિ એટલા ખાતર રક્ષણ કરવું ઘટે છે; કારણ કે તેમના દ્વારા પ્રાપ્ત થતાં દૂધ, ઘી યજ્ઞમાં આહુતિ તરીકે વપરાય છે. ત્રીજા નંબરનો યજમાન પ્રજાપાલક રાજા કહેવાય. 'यजमानो ह्येव...प्रजापतिः' (श० ब्रा० १ । ६ । १ । २०) એટલે કે 'પ્રજાનું પાલન કરનાર રાજા એ રાષ્ટ્રનો યજમાન છે,' અને તે राष्ट्रंवा अश्वमेधः । (श० ब्रा० १३ । १ । ६ । ३ ॥ तै० ३ । ८ । ९ । ४) રાષ્ટ્રરૂપી અશ્વમેધનું અનુષ્ઠાન કરે છે. આ પ્રજાપતિ કહેતાં રાજારૂપી યજમાનના રાષ્ટ્રીય મહાયજ્ઞનાં પશુઓ જોવા જઈએ, તો તે વિવિધ પ્રકારનાં રાષ્ટ્રકાર્ય કરવાને સારુ રાજા તરફથી નિમાયલા અધિકારીઓ છે. આ અધિકારીરૂપી પશુઓ કોઈ કોઈ વાર લાંચ—રૂશવત વગેરે ખાઈને અવળે માર્ગે ઊતરી પડે છે; એટલે આ અધિકારીરૂપી પશુઓ પોતાનાં કર્તવ્ય કર્મોનું ઉલ્લંઘન ન કરે એટલા ખાતર તેમના ઉપર એક નિરીક્ષક નીમાવો જોઈએ અને તેણે તેમને અવળે માર્ગે જતાં અટકાવવા જોઈએ. આ પ્રમાણે આ મંત્ર ભાગમાંના 'યજમાન' 'પશુ' અને 'તેમના પાલન અથવા રક્ષણ'નો અર્થ સમજવાનો છે. આ વિશિષ્ટ અર્થની સમજપૂર્વક આ મંત્રનું મનન કરવાથી આ ઉપદેશમાંથી વાચકને પુષ્કળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધ મળે તેમ છે. આ પહેલા મંત્રના આવા સામાન્ય પ્રકારના ઉપદેશ પછી કેટલાકના મનમાં એવી લાગણી ઊભી થવાનો સંભવ છે, કે "આપણે તો કેવળ અશક્ત અને તુચ્છ પ્રાણી છીએ: આવી જાતની સર્વાંગી ઉન્નતિનું પ્રચંડ કાર્ય સાધવાનું આપણું તે શું ગજું ?" આ તુચ્છતાનો ભાવ સમૂળગો ટાળી દેવા ખાતર બીજા મંત્રની અંદર 'મનુષ્યની શક્તિ કેવડી મોટી છે' તે કહેવામાં આવ્યું છે. મનુષ્ય પોતાને કેવળ તુચ્છ—નાચીજ વસ્તુ સમજે છે, પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ તેની શક્તિ કેવડી મોટી છે તે જુઓ:—

२

वसोः पवित्रमसि द्यौरसि, पृथिव्यसि, मातरिश्वनो घर्मोसि, विश्वधाऽअसि, परमेण धाम्ना दँहस्व, मा ह्वार्मा ते यज्ञपतिर्ह्वार्षीत् ॥

(१) वसोः पवित्रम् असि (२) द्यौः असि (३) पृथिवी असि (४) मातरिश्वनः घर्मः असि (५) विश्वधा असि (६) परमेण धाम्ना दँहस्व । (७) मा ह्वाः (८) ते यज्ञपतिःमा ह्वार्षीत् ।

(१) "वसोः पवित्रम् असि" એટલે કે 'તું વસ્તુઓને પવિત્ર કરવાનું સાધન છે.' पवित्रम् એટલે 'શુદ્ધ કરવાનું સાધન,' જેવું કે– ચાળણી, ગળણી વગેરે. ['वसूनां पावकश्चास्मि' યાને 'વસુઓને પાવન કરવાવાળો હું છું' એવું ગીતાવચન છે. (गी. १०–२३) 'पावक' શબ્દનો અર્થ 'અગ્નિ' તેમ જ 'પવિત્ર કરનાર' એવો બે પ્રકારનો થાય છે. આ મંત્રમાંના 'वसोः पवित्रम्' એ વાક્યની 'वसूनां पावकः' એ ગીતાવાક્ય સાથે સરખામણી અવશ્ય કરવા જેવી છે.] વસુના આઠ પ્રકાર છે:—'अष्टौ वसवः......अग्निश्च पृथिवी च वायुश्चान्तरिक्षं चादित्यश्च द्यौश्च चन्द्रमाश्च नक्षत्राणि चैते वसव, एते हीदँ सर्वं वा यन्ते॥ (श० ब्रा० ११।६।६।६) એટલે કે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિ, પૃથ્વી, વાયુ, અંતરિક્ષ, આદિત્ય, દ્યૌ, ચંદ્રમા, અને નક્ષત્રો એ આઠ વસુઓ કહેવાય છે; કેમ કે તેઓ બધાંને વસાવે છે યાને બધાંની અંદર રહેલાં છે. બ્રહ્માંડની અંદરના આ વસુઓ પ્રત્યેક પિંડમાં વ્યાપેલા છે. **'પિંડે તે બ્રહ્માંડે'** આ ન્યાય બધે જ પ્રસિદ્ધ છે. તે મુજબ આ શરીરની અંદર આ પૃથ્વી આદિ આઠ વસુઓનો નિવાસ હોઈ, તેમને પવિત્ર કરવાનું કામ યાને એ વસ્તુઓને ચાળી–ગાળીને શુદ્ધ કરી લેવાનું કામ આ ઠેકાણે જીવાત્મા કરતો રહે છે. એટલે આ દેહમાં જ્યાં લગી જીવ હોય, ત્યાં લગી દેહ પવિત્ર રહે છે; પણ જ્યાં તે નીકળી ગયો, કે લાગલો દેહ અપવિત્ર બની જાય છે. આ આઠ પ્રકારના વસુઓને આ શરીરમાં ધારણ કરીને તેમને પવિત્ર સ્થિતિમાં રાખવાનું કાર્ય આ જીવાત્મા કરતો હોવાથી તેને માટે 'વસુઓને પવિત્ર (પાવન) કરવાવાળો' એવું અત્રે કહેવાયું છે. આમ 'જીવાત્મા' એ વસુઓને ધારણ કરવાવાળો અને તેમને પાવન અથવા શુદ્ધ કરવાવાળો હોવાથી તેની યોગ્યતા બહુ જ મોટી ઠરે છે. પંચ મહાભૂતો પર અધિકાર ચલાવવાની શક્તિ એ તો તેનો સ્વાભાવિક ગુણ છે. તો પછી 'હું શક્તિહીન છું' એવું માનવાને મનુષ્ય માટે કંઈજ કારણ નથી. (૨–૩) "द्यौः असि पृथिवी असि।" કહેતાં દ્યુલોક તું છે, પૃથ્વીલોક તું જ છે, અને અન્તરિક્ષ લોક પણ તું જ છે.' આ પ્રમાણે, હે મનુષ્ય! તું જ ત્રિલોકી સ્વરૂપ છે; અર્થાત્ કે તારી પોતાની અંદર જ આ ત્રણે લોક આવેલા છે. "नाभ्या आसीदन्तरिक्षं शीर्ष्णो द्यौः समवर्तत । पद्भ्यां भूमिः ।" (ऋ. १०–९०–१४॥ वा. य. ३१–१३). એટલે કે નાભિ મધ્યે અંતરિક્ષ, મસ્તક મધ્યે દ્યુલોક, અને પગોમાં ભૂમિનાં સ્થાનક છે. મતલબ કે વિરાટ પુરુષના બ્રહ્માંડદેહમાં જેમ ત્રિલોકીનું સ્થાન છે, તેમ જ જીવાત્માના પિંડદેહમાં પણ તેનું સ્થાન છે. માનવીનું મસ્તક, તેનો મધ્યભાગ અને નીચલો ભાગ એ અનુક્રમે દ્યુ, અંતરિક્ષ અને ભૂલોક છે. આ પ્રમાણે આ ત્રિલોકીનો સામ્રાજ્યવૈભવ મનુષ્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહમાં મોજુદ છે. "शिरो देवकोशः । (अथर्व १०-२-२७) नवद्वारा देवानां पूः...स्वर्गः । (अथर्व १०-२-३१) એટલે કે 'મસ્તક એ દેવોનો ખજાનો છે. નવદ્વારવાળી આ (શરીરરૂપી) નગરી એ સ્વર્ગ છે.' આ બધાં વૈદિક વર્ણનો પરથી, મનુષ્યની શક્તિ કેવડી મોટી છે, તેની કલ્પના કરી શકાશે. મનુષ્યની એ શક્તિનો વિકાસ સાધવાનો છે. બીજની અંદર જેવી રીતે વૃક્ષ છુપાયેલું છે, તેવી જ રીતે મનુષ્યદેહની અંદર ત્રિલોકી સમાયેલ છે. પ્રયત્ન કરવામાં આવે; તો તેની આ શક્તિ વૃદ્ધિંગત થતી દેખાય. અહીં દેખાડવાનું છે તે એ જ, કે મનુષ્ય વાસ્તવિક રીતે કંઈ દુર્બળ નથી. એટલે તે જો પોતાની ઉન્નતિ માટે યત્ન કરશે, તો પુષ્કળ પ્રમાણમાં તેનો વિકાસ થશે જ થશે. આ ઉપદેશ પ્રસ્તુત મંત્રભાગનો હોઈ મનુષ્ય માત્રે બરાબર લક્ષમાં લેવો ઘટે છે. (૪) "मातरिश्वनः घर्मः असि ।" યાને 'પ્રાણની ઉષ્ણતા તું છે.' શરીરની અંદર જ્યાં લગી પ્રાણની હાજરી હોય છે, ત્યાં લગી જ શરીરમાં ઉષ્ણતા ટકે છે; પ્રાણ નીસરી ગયા કે લાગલું શરીર ઠંડુંગાર બની જાય છે. 'मातरि-श्वा' નો અર્થ 'આકાશમાં સંચરનારો વાયુ' એવો થતો હોઈ એ માતરિશ્વા જ માનવ શરીરમાં પ્રાણરૂપે કાર્ય કરે છે; પરંતુ જીવાત્માની હાજરી શરીરમાં જ્યાં સુધી રહે છે, ત્યાં સુધી જ પ્રાણની હાજરી તેમાં રહે છે અને તે શરીરને ઉષ્ણ રાખે છે; અર્થાત્ કે ઉષ્ણતા રાખવાનું કામ પ્રાણ દ્વારા જીવાત્મા જ મુખ્યત્વે કરે છે, એવું અહીં કહેવાયું છે. એ ઉદ્દેશપૂર્વક આ વર્ણન દ્વારા જીવાત્માની જ એક શક્તિનું વર્ણન અત્રે કરવામાં આવ્યું છે; અને બાહ્ય વાયુને તાબામાં લઈ શરીરને ઉષ્ણ રાખનારો 'હું' જ છું એવો બોધ મળે છે. (૫) 'विश्व-धा असि' કહેતાં 'તું સર્વને ધારણ કરવાવાળો છે.' ત્રિલોકીને ધારવાવાળો આ જીવાત્મા છે, એવું તો આ પહેલાંના ૧૭ થી ૧૯ મંત્રભાગોના વિવેચનમાં બતાવાઈ ગયું છે. ત્રિલોકી એટલે જ વિશ્વ. બ્રહ્માંડમાંનું વિશ્વ જેમ પરમાત્મા ધારણ કરે છે, તેમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિંડ મધ્યેનું વિશ્વ આ જીવાત્મા ધારણ કરે છે. પિંડાભિમાની જીવાત્મા શરીર છોડીને નીકળી જાય છે, ત્યારે એકલું-અટૂલું બનેલું આ શરીર સડવા માંડે છે; તે પરથી જ જીવાત્મા વિશ્વનું ધારણ કેવી રીતે કરે છે, તેનો ખ્યાલ આવશે. પરમાત્મા એ બ્રહ્માંડના વિશ્વનો ધારક છે અને જીવાત્મા એ પિંડસ્થ વિશ્વનો ધારક છે. પહેલો એટલે કે પરમાત્મા '**પરમ પિતા**' છે, અને બીજો એટલે કે જીવાત્મા એ તેનો '**અમૃતપુત્ર**' છે. આમ હોઈ પુત્ર પોતાના પિતાને આશરે વિકસે છે વા ઉન્નત થાય છે, એ જ વાત આના પછીના મંત્ર-ભાગમાં કહેવાઈ છે. (૬) "परमेण धाम्ना दृंहस्व "નો માયનો 'તું પરમ ધામની સહાય વડે વધ કહેતાં વિકાસ પામ' એવો થાય છે. 'परम धाम' એટલે કે 'મોટું ઘર'; અને મોટું ઘર તો જીવાત્માનો પિતા જે પરમાત્મા તેનું જ કહેવાય ને? જીવાત્માનું ઘર એ સૂક્ષ્મ ધામ કહેવાય. એ **સૂક્ષ્મ ધામને** નિજ શક્તિના વિકાસ-પૂર્વક વિશાળ બનાવવાનું છે. પરમ ધામની અંદર સૂર્યાદિ જે દિવ્ય પદાર્થો છે, તેમનો જ અંશ આપણા આ સૂક્ષ્મ ધામમાં નેત્રાદિ સ્થાનકોમાં સૂક્ષ્મ રૂપે મોજુદ છે; એટલે નેત્રોની શક્તિ સૂર્યના પ્રકાશ દ્વારા વૃદ્ધિ પામે છે અને અંધકારના યોગે ઓછી થાય છે. આટલા પરથી 'વૃદ્ધિ કિંવા વિકાસ'નો નિયમ વાચકોના ખ્યાલમાં સહેજે આવી જશે; અર્થાત્ કે આપણા શરીરમાં રહેલાં સૂક્ષ્મ તત્ત્વોનો વિકાસ વિશ્વમાં રહેલાં મહત્તત્ત્વોની સહાયથી જ કરવાનો છે. વિકાસ વા ઉન્નતિનો એ જ નિયમ છે. ઉન્નતિના સઘળા નિયમો આ મુદ્દા પર જ રચાયા છે. એટલે જ મંત્રમાં કહેવાયું છે, કે તું **"પરમ ધામની સહાય વડે નિજ સૂક્ષ્મ ધામને દૃઢ કર (એટલે કે વિકસાવ)."** (૭) मा ह्वाः એ મંત્રભાગથી 'તું કુટિલ થઈશ મા' એવું ઉપદેશાયું છે. મનુષ્યમાં કુટિલતા દાખલ થઈ એટલે તેનો નાશ થયો જ સમજવો. શરૂશરૂમાં તો કુટિલતાથી ફાયદો થાય છે એમ મનુષ્યને લાગે છે. પરંતુ છેવટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર્યંતનો વિચાર કરી જોવાથી તરત જ ખ્યાલમાં આવી જાય છે, કે કુટિલતા દ્વારા કુટિલતા આચરનાર મનુષ્યનો પોતાનો જ નાશ થાય છે. મતબલ કે કુટિલતા આત્મઘાતક છે. (૮) તે यज्ञपतिः मा ह्वार्षीत् કહેતાં 'તારો યજ્ઞપતિ કુટિલ ન બનો;' અર્થાત્ કે જે કર્મ પાછળ તું તારી શક્તિ અર્પે, તે કર્મ જો સામુદાયિક કહેતાં જાહેર હિતનું હોય, તો તે સામુદાયિક કાર્યનો મુખ્ય સંચાલક સુદ્ધાં કુટિલ ન બનવો જોઈએ; કારણ કે મુખ્ય સંચાલકમાં કુટિલતાનો દોષ દાખલ થતાં તેના બધા જ અનુયાયીઓ કુટિલ બનશે અને પરિણામે સહુનો જ નાશ થશે. એટલે જ આ 'યજુર્વેદ'માં જે કર્મો વિષે કહેવામાં આવ્યું છે, તે બધાં 'अ–ध्वर' કહેતાં અકુટિલ અથવા અહિંસાપૂર્ણ કર્મો સમજવાનાં છે. અકુટિલ કર્મોનું આચરણ એનું જ નામ યજ્ઞ છે. 'સમુદાયમાંની પ્રત્યેક વ્યક્તિ, આખો સમુદાય અને સમુદાયનો નેતા: એ બધાં જ સરળ વર્તનવાળાં હોય અને તે પૈકી કોઈ જ કુટિલ ન બને'—એ જ આ બે મંત્રભાગોનો ભાવાર્થ છે.

૩

वसोः पवित्रमसि शतधारं, वसोः पवित्रमसि सहस्रधारम् ।
देवस्त्वा सविता पुनातु वसोः पवित्रेण शतधारेण सुप्वा, कामधुक्षः ॥

(१) वसोः शतधारं पवित्रम् असि । (२) वसोः सहस्रधारं पवित्रम् असि (३) सुप्वा सविता देवः शतधारेण वसोः पवित्रेण त्वा पुनातु (४) काम् अधुक्षः ?

(૧–૨) वसोः शतधारं सहस्रधारं पवित्रम् असि। એટલે કે 'વસુઓને શુદ્ધ કરવાનું સેંકડો ને હજારો ધારાવાળું સાધન તું જ છે.' [અગાઉ ૧૬ મા મંત્રભાગના સ્પષ્ટાકરણમાં જે કહેવામાં આવ્યું છે, તે અહીં વાચકોએ ફરી જોઈ જવું. તેમાં સૂચવેલું પવિત્રીકરણ વા શુદ્ધીકરણનું કાર્ય જીવાત્મા પોતાના હજારો ધારાપ્રવાહોથી કરે છે, એવું અત્રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२१४८६
२८.१२.२००२
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિપાદન થયેલું છે.] જીવાત્માની શક્તિ આ શરીરમાં અને આ જગતમાં અનંત રીતે કાર્ય કરી રહી છે, એ આ મંત્રભાગો દ્વારા દેખાડવામાં આવ્યું છે. આ જીવાત્માના પરમધામમાં રહેવાવાળો પરમ પિતા પરમાત્મા હોઈ તેનામાં જ ઉપર્યુક્ત આઠ વસુઓને પવિત્ર કરવાની–શુદ્ધ કરવાની શક્તિ છે જ છે, અને એ શક્તિના હજારો પ્રવાહ દ્વારા એ સમગ્ર વિશ્વનું પવિત્રીકરણ કરતો રહે છે. એ જ પરમ પિતા તારું કહેતાં મનુષ્યનું પવિત્રીકરણ કરો, એમ આના પછીના મંત્રભાગમાં કહેવાયું છે. (૩) "सु–प्वा सविता देव: शतधारेण वसो: पवित्रेण त्वा पुनातु। એટલે સર્વને ઉત્તમ પ્રકારે પવિત્ર કરનારો સર્વનો ઉત્પાદક દેવ સેંકડો ધારા દ્વારા વસુઓનું પવિત્રીકરણ કરવાના સાધન વડે તને પવિત્ર કરો." અર્થાત્ કે હે મનુષ્ય! આ જગન્નિયંતા પરમેશ્વર તરફ જો તું વળીશ, તો તે તારું પવિત્રીકરણ સર્વ રીતે કરશે જ કરશે; પણ તે માટે તારું મન તારે તેના પ્રત્યે વાળવું જોઈશે. તેમ થશે, તો જ તું પવિત્ર બનીશ અને ઉન્નત પણ થઈશ; પણ તેને છોડીને તું બીજી તરફ વળીશ, તો તારી અવનતિ જ થશે. આ વાત તું ધ્યાનમાં રાખજે. [પાછળ આવી ગયેલા ૨ થતા ૩ નંબરના મંત્રભાગોમાં 'તારા આ સૂક્ષ્મ ધામમાં સ્વર્ગ પણ છે' એવું કહેવાયું છે; એટલે સ્વર્ગીય કામધેનુની હાજરી પણ ત્યાં હોય જ. એ કામધેનુનું દૂધ તું પીએ છે ખરો ને? કે પછી એ કામધેનુનું અમૃત છોડીને બીજા કશા વિષનું પાન તું કરે છે? એની તપાસ કરવાના ઉદ્દેશથી આગળનો પ્રશ્ન પુછાયો છે, કે–] (૪) काम् अधुक्षः ? યાને 'કઈ ગાયનું દૂધ તેં દોહ્યું વારુ?' અર્થાત્ કે આ સ્વર્ગીય કામધેનુઓ પૈકી કઈ ધેનુનું દૂધ તારા પીવામાં આવ્યું છે? કહેવાની મતલબ એ છે, કે જીવનના પૂર્વ ભાગમાં શું કર્યું છે, તેનો વિચાર વાચકોએ આ ઠેકાણે કરવાનો છે. અહીં એવી શંકા કેટલાકને થવાનો સંભવ છે, કે 'અમારી પાસે તે વળી કઈ કામધેનુ છે?' આનો ખુલાસો આગળના મંત્રભાગમાં કરવામાં આવ્યો છે, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सा विश्वायुः सा विश्वकर्मा सा विश्वधायाः । इन्द्रस्य त्वा भागꣳ सोमेनातनच्मि विष्णो हव्यꣳरक्ष ॥ ४ ॥

(१) सा विश्वायुः (२) सा विश्वकर्मा (३) सा विश्वधायाः (४) इन्द्रस्य भागं त्वा सोमेन आतनच्मि (५) विष्णो । हव्यं रक्ष ॥

(૧–૩) 'सा विश्वायुः, सा विश्वकर्मा, सा विश्वधायाः એટલે કે સર્વ આયુષ્ય, સર્વ કર્મશક્તિ, સર્વ ધારક શક્તિરૂપી ત્રણ કામધેનુઓ અહીં સમજવાની છે. આ ત્રણ કામધેનુઓ પ્રત્યેક જણની પાસે હોય છે. તે પૈકી કોણે કઈ કામધેનુનું દૂધ કાઢયું ને તે પીને કેવા પ્રકારની પુષ્ટિ પ્રાપ્ત કરી તેનો વિચાર જેણે તેણે કરી લેવાનો છે. કોણે પોતાનું આયુષ્ય વધારીને દીર્ઘ જીવન પ્રાપ્ત કર્યું ? કોણે પોતાની કર્મશક્તિ વધારીને ઉત્તમ પ્રકારના પુરુષાર્થ દ્વારા સવિશેષ યશ સંપાદન કર્યો ? અને કોણે પોતાની ધારક–શક્તિમાં વધારો કરી પુષ્કળ લોકોનું ધારણ–પોષણ કર્યું વારુ ?—આ પ્રશ્નોના ઉત્તર જેણે તેણે પોતપોતાના આચારવ્યવહારનો વિચાર કરીને આપવા રહે છે. આજ પર્યંત આ દિશામાં કંઈ જ થઈ શક્યું ન હોય, તો તે ભારે ભૂલ થઈ ગઈ છે, એમ માનીને હવે વધુ વાર તે ભૂલ ચાલુ રહેવા ન દેવી; એટલે ઉન્નતિનો થોડો પણ પંથ કાપવાનું તો બની આવશે જ. પ્રત્યેક મનુષ્યની અંદર આયુષ્ય, કર્તૃત્વશક્તિ અને ધારક-શક્તિ રહેલાં હોઈ તેમના યોગે તે પોતાની સર્વ પ્રકારની ઉન્નતિ કરી શકે છે, એવો ભાવાર્થ આ મંત્રનો છે.

(૪) "इन्द्रस्य भागं त्वा सोमेन आतनच्मि—તું કે જે ઇંદ્રનો ભાગ છે, તેને હું સોમ વડે વધારું છું." આ મંત્રનો ભાવ બરાબર સમજવા સારુ ઉન્નતિનો એક નિયમ સમજી લેવાની અત્રે જરૂર છે. '**ઇંદ્રને સોમ વડે વધારવો**' કિંવા '**સોમની સહાયથી ઇંદ્રની શક્તિ વધે**' એ નિયમ અત્રે રજૂ થયો છે. વેદ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદની અંદર 'ઇંદ્ર–સોમ, પ્રાણ–રયિ, સૂર્ય–ચંદ્ર' ઇત્યાદિ પુષ્કળ 'જોડ–દેવતા' વાચક શબ્દો વિલક્ષણ સાંકેતિક અર્થમાં વપરાયા છે. 'धन-ऋण' એ અર્થમાં પુષ્કળ ઠેકાણે આ શબ્દ વપરાયો છે. ('પ્રશ્નોપનિષદ' જુઓ). 'ધન' અને 'ઋણ' એ બે શક્તિ પરસ્પરની પોષક છે. ખાસ કરીને ઋણવાનના સંબંધથી ધનવાન પુષ્ટ બને છે, એ તો આપણે પોતાની નજરે નિહાળીએ છીએ. અનેક શરીરોની રયિ કિંવા સોમ–શક્તિ પણ એક આત્માની ઇંદ્રશક્તિને પ્રકાશિત કરે છે, એમ યોગ્ય વિચારને અંતે સમજી શકાશે. 'ઇંદ્ર' શબ્દનો 'જીવાત્મા, રાજા, સૂર્ય અને પરમાત્મા' ઇત્યાદિ અર્થ થાય છે. આ ઇંદ્રાર્થના ક્રમાનુસાર 'શરીર, પ્રજા, ગ્રહમાળા અને સૃષ્ટિ' એ સોમ કિંવા રયિશક્તિ છે. (અર્થાત્ કે શરીર એ જીવાત્માની, પ્રજા એ રાજાની, ગ્રહમાળા એ સૂર્યની, અને સૃષ્ટિ એ પરમાત્માની રયિશક્તિ છે). આ જે તે રયિશક્તિ પોતપોતાના ઇંદ્રની શક્તિ પ્રકટ કરે છે. સ્થૂળ–સૂક્ષ્મ–શરીરો દ્વારા આત્માનો વૈભવ પ્રકટ થાય છે, પ્રજા વડે રાજા શોભે છે, ગ્રહમાળા દ્વારા સૂર્યનું મહત્ત્વ લક્ષમાં આવે છે, અને સૃષ્ટિ દ્વારા પરમેશ્વરની શક્તિની કલ્પના આવે છે. '**મુખ્યની આબાદી અર્થે ગૌણોની શક્તિ ખર્ચાય**' આ નિયમ છે. અનેક સૈનિકોના ભોગે મેળવેલા યશથી સેનાપતિ યશસ્વી બને છે, અનેક માંડલિકોના સંગઠિત પ્રયત્નોના પ્રતાપે સમ્રાટનો વિજય સિદ્ધ થાય છે; તેવી જ રીતે આપણા શરીરની અનેક ઇંદ્રિયોના ધર્માનુષ્ઠાનને પ્રતાપે જીવાત્માની શક્તિનો વિકાસ થાય છે. સોમ વડે ઇંદ્રને વધારવાનો આશય આવો સમજવાનો છે. "તું ઇંદ્રનો ભાગ હોઈ તને હું સોમ વડે વિકસાવું છું." આ મંત્ર સાધકને ઉદ્દેશાયલો હોઈ કહે છે, કે "હે સાધક! તું ઇંદ્રનો અંશ છે, તેથી તારી વૃદ્ધિ વા તારો વિકાસ સોમ દ્વારા થવાનો છે." ઇંદ્રનો ભાગ એ જીવ છે. વિશ્વવ્યાપક ઇંદ્રશક્તિનો જે અંશ આ દેહમાં આવ્યો છે, તે ઇંદ્રનો અંશ માત્ર ભલે ને હોય, પણ વસ્તુતઃ છે તો ઇંદ્ર જ–અગ્નિનો અંશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને અગ્નિ જેમ એક છે, તેમ જ–તેવી જ રીતે જીવાત્મા એ પણ નાનકડો ઇંદ્ર જ છે. તે સોમશક્તિના યોગથી વધવાનો છે; એટલા સારુ આપણે સોમશક્તિનો ઉપયોગ કેવી રીતે કરવો અને આપણી ઉન્નતિ કેવી રીતે સાધવી તે નક્કી કરવું જોઈએ. એમ કરવું એનું જ નામ વિદ્યા. શરીર દ્વારા આત્માની ઉન્નતિ કેવી રીતે કરી લેવી, સોમાદિ વનસ્પતિના યોગે શરીરને નીરોગી અને પુષ્ટ કેમ કરવું, એ બધાનો વિચાર આ વિદ્યાની અંદર સમાવિષ્ટ થાય છે. સાધકની ઉન્નતિ શક્ય બને એટલા ખાતર, સૃષ્ટિ મધ્યે, સોમ-શક્તિ પરમેશ્વરે ભરપૂર તૈયાર રાખી છે. સાધકોએ એ શક્તિનો ઉપયોગ મોજ પડે તેટલો કરીને પોતપોતાની ઉન્નતિ કરી લેવાની છે; એટલે જ આ મંત્રથી પરમેશ્વર આશ્વાસન આપે છે, કે "હે સાધક! તું ઇંદ્રનો અંશ છે, ને તારો વિસ્તાર અગર વિકાસ સોમ શક્તિદ્વારા થવાનો છે." આ ઉપદેશથી, ઉન્નતિનું સાધન કયું છે, તે લક્ષમાં આવી શકશે. (૫) "विष्णो ! हव्यं रक्ष" એટલે કે "હે વિષ્ણુ! આ હવ્યનું તું રક્ષણ કર." '**વિષ્ણુ**' એટલે 'વ્યાપક દેવ'. (वेवेष्टि–व्याप्नोति) સચરાચર સકળ સૃષ્ટિમાં વ્યાપી રહેલો સર્વવ્યાપી દેવ તે જ વિષ્ણુ. ભક્ત એ સર્વવ્યાપી દેવની પ્રાર્થના કરે છે, કે–'હે દેવ! આ હવિ એટલે કે આ અર્પવાયોગ્ય પદાર્થ તારે માટે આણેલો છે: તેની રક્ષા હવે તું જ કરજે!' અહીં 'હવિ' શબ્દનો પ્રયોગ 'આત્મ–સર્વસ્વ'ના અર્થમાં જ થયેલો છે. એટલે એ અર્થ ઘટાવતાં મંત્રનો અર્થ આવો થાય, કે–"હે દેવ! મેં તો મારું સર્વસ્વ તને અર્પણ કરી દીધું છે. હવે 'મારું' એવું કશું જ અહીં અવશિષ્ટ નથી; કારણ કે હું તો મારું સર્વસ્વ તને અર્પણ કરી ચૂકયો છું; એટલે એનું રક્ષણ તારે જેમનું કરવું હોય તેમનું કરજે. સોમશક્તિ દ્વારા જેવો વિકાસ તારે કરવો હોય તેવો કર અને મારી ઉન્નતિ સાધ! હવે મારું પોતીકું, મારું સ્વતંત્ર એવું કંઈ જ નથી: બલકે હવેથી તો 'હું જ તારો' થઇને રહેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું. મારાં કર્તવ્યકર્મો મારે હાથે યોગ્ય રીતે થતાં રહે અને મને તારા તરીકે આ જગતમાં વર્તતાં આવડે એટલા માટે હું આ પ્રતિજ્ઞા કરું છું; કે—

૫

अग्ने व्रतपते व्रतं चरिष्यामि तच्छकेयं तन्मे राध्यताम्। इदमहमनृतात्सत्यमुपैमि ॥५॥

(१) व्रतपते अग्ने! व्रतं चरिष्यामि, तत् शकेयम्, मे तत् राध्यताम्। इदम् अहम् अनृतात् सत्यम् उपैमि ॥

(૧) "व्रतपते अग्ने! व्रतं चरिष्यामि, तत् शकेयं, मे तत् राध्यताम्, इदम् अहम् अनृतात् सत्यम् उपैमि।" અર્થાત્ કે "હે વ્રતપાલક તેજસ્વી પ્રભુ! હું એક વ્રત લઉં છું, તે મારાથી પળાય અને પૂરેપૂરું પાર પડે. એ વ્રત આ, કે "**હું અસત્યના ત્યાગપૂર્વક સત્યનો સ્વીકાર કરું છું.**" મતલબ કે "**સત્યપાલન**' એ મોટું વ્રત છે. જીવતાં લગી તે આચરવાનું છે. '**સત્યની ખોળ કરવી, સત્ય દેખાતાં જ તેને સ્વીકારી લેવું, હમેશાં સત્યના પક્ષમાં રહીને જીવનવ્યવહાર ચલાવવો, સત્યને કાજે આત્મસમર્પણ કરવું; એટલું જ નહિ, પણ સત્યની ખાતર નિજ પ્રાણ ન્યોછાવર કરવા પડે તો તે પણ કરવા**" એવું મહાવ્રત આ સત્યપાલનનું છે. વેદ તેમ જ ઉપનિષદ બન્ને પ્રતિપાદન કરે છે, કે "हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखं, तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥" (काण्व यजु० ४०।१५; ईश उ० १५; वा० य० ४०।१७। पूर्वार्ध)

અર્થાત્ કે 'સુવર્ણના ઢાંકણાથી સત્ય ઢંકાયેલું છે. સત્યની ઝાંખી કરવી હોય, તો એ સોનાનાં ઢાંકણને ખસેડી લે.' આ પ્રમાણે આ જ વેદના છેલ્લા અધ્યાયમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સુવર્ણના મોહમાં સત્ય અટવાઈ ન જાય, વિસારે ન પડે, એટલા માટે આ પ્રથમ અધ્યાયમાં જ આ સત્યપાલનની પ્રતિજ્ઞા રજૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં આવી છે. લોભને છોડ્યા વગર સત્યપાલનની શક્યતા નથી અને સત્યપાલન વગર આત્મશક્તિનો વિકાસ થવાનું શક્ય નથી. આત્મોન્નતિ ખપતી હોય તો સત્યપાલન અનિવાર્ય સમજવાનું છે. સાધકે આ મહાવ્રત ખુદ આચરવું જોઈએ. સાધકની ઉન્નતિ માટે પરમેશ્વરે જગતની અંદર સોમશક્તિ ભરપટ્ટે ભરી હોય, અને સાધકે પોતાની ત્યાગવૃત્તિ ફાવે તેટલા પ્રમાણમાં ખીલવી હોય, છતાં એ બધાંને યોગે પોતાનું વધારેમાં વધારે કલ્યાણ સધાય એવી જો સાધકની ઇચ્છા હોય, તો તો સત્યપાલનના મહાવ્રતનું આચરણ એકનિષ્ઠાથી તેણે કરવું જ જોઈએ. ઉન્નતિનું ખરું સાધન એ જ છે.

૬

कस्त्वा युनक्ति सः त्वा युनक्ति कस्मै त्वा युनक्ति तस्मै त्वा युनक्ति। कर्मणे वां, वेषाय वाम् ॥ ६ ॥

(१) कः त्वा युनक्ति ? (२) सः त्वा युनक्ति (३) कस्मै त्वा युनक्ति ? (४) तस्मै त्वा युनक्ति (५) कर्मणे वाम् [युनक्ति] (६) वेषाय वाम् [युनक्ति]

(१-૩) कः त्वा युनक्ति ? कस्मै त्वा युनक्ति ? એટલે કે "કોણ તને કાર્યમાં જોડે છે?" અને "શા સારુ તને કામમાં જોડે છે?" એનો વિચાર કર. કામ કરવાની પ્રેરણા આપણા હૃદયમાં જે કરે છે, તે કોણ છે, અને શા માટે તે પ્રેરણા કરે છે, એનો વિચાર હરેક મનુષ્યે કરવો જોઈએ. આપણને જે પ્રેરણા થાય છે તે ક્યાંથી થાય છે, તેની તપાસ કરવી અને તેનો વિચાર કરી તે પ્રેરણા કરનારનો પત્તો મેળવવો એ અત્યંત જરૂરનું છે. [ઉપનિષદો પૈકી 'केन ઉપનિષદ'માં અને અથર્વ વેદમાંના 'केन सूक्त' (अथर्व १०-२)। માં આ પ્રેરકનો વિશેષરૂપે વિચાર થયેલો છે. વાચકોએ આ સૂક્તો અવશ્ય જોઈ લેવાં.] આ અધ્યાયના હવે પછીના બે મંત્રભાગોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બે પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા છે: (૨–૪) "स त्वा युनक्ति, तस्मै त्वा युनक्ति।" એટલે કે 'તે (કહેતાં આત્મા) તને કર્મ કરવાની પ્રેરણા કરે છે, અને તે તેને સારુ (એટલે કે સત્યધર્મના દર્શન સારુ) તને પ્રેરણા કરે છે (કર્મમાં જોડે છે). રથને જેમ ઘોડા જોડેલા હોય છે, તેમ મનુષ્ય માત્ર આ કર્મરૂપી રથ સાથે જોડાયલા હોય છે, તેથી જ સઘળાં મનુષ્યો કંઈ નહિ ને કંઈ કાર્ય કર્યા જ કરે છે. તેમની આ કર્મપ્રવૃત્તિ શુભ માર્ગે વળે, એટલા ખાતર વિરુદ્ધ કર્મો કયાં અને અનુકૂળ કર્મો કયાં તે સૂચવીને મનુષ્યને પ્રતિકૂળ કિંવા વિરુદ્ધ કર્મોથી નિવૃત્ત કરી શ્રેષ્ઠતમ કર્મ વિષે પ્રવૃત્ત કરવો જોઈએ; કારણ કે શ્રેષ્ઠતમ કર્મમાં પ્રવૃત્ત થયેલો મનુષ્ય પોતાની ઉન્નતિ ઝટ સાધી શકે છે. એટલે જ આ પછીના મંત્રભાગોમાં કહેવાયું છે, કે (૫–૬) "कर्मणे वां, वेषाय वां युनक्ति।" એટલે કે 'શ્રેષ્ઠ કર્મ માટે તથા ગૃહપ્રવેશ અર્થે તમને બન્નેને તે કર્મ સંગાથે જોડે છે અથવા કર્મમાં પ્રવૃત્ત કરે છે. 'કર્મ' શબ્દથી શ્રેષ્ઠતમ કર્મ સમજવું એવી સ્પષ્ટતા તો આ પહેલાં (આ જ અધ્યાયની ૪ થી ટીપણીમાં) કરવામાં આવી છે જ. શરૂશરૂમાં તો મનુષ્યને સારાં કે નરસાં ગમે તે કર્મ કરવાની પ્રેરણા ઉદ્ભવે છે. નરસાં કિંવા બૂરાં કર્મોનાં ભયંકર પરિણામ આવે છે, એવો અનુભવ વારંવાર થવા માંડતાં તે તેવાં કર્મો કરવાનો નાદ છોડી દે છે અને સત્કર્મોમાં જ પ્રવૃત્ત થાય છે. આવી રીતે ખાલી કર્મની પ્રવૃત્તિ સુદ્ધાં મનુષ્યનો રાહ સુધારે છે અને એને વ્યાજબી ઝોક આપે છે. '**કર્મ ચિત્તશુદ્ધિ કરે છે**' એવું જે કહેવામાં આવે છે તે આનું જ નામ. 'કર્મ કરવાં તે શાને સારુ? કર્મનો અંતિમ ઉદ્દેશ શો? એવી શંકા ઉપસ્થિત થવાનો અત્રે સંભવ છે; તેથી તેના સમાધાન દાખલ 'वेषाय' એટલે કે 'ઘર સારુ કિંવા ગૃહપ્રવેશ મેળવવા સારુ' એ પ્રયોગ થયેલો છે. 'वेश' અગર 'वेष' એ શબ્દનો અર્થ 'ઘર' કિંવા 'પ્રવેશ' એવો થાય છે. સાધક પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર ભેગો જલદી જલદી થઈ શકે, અને જે દિવ્ય સ્થાનમાં તેનો પ્રવેશ હજી સુધી થઈ શકયો નથી, તે સ્થાનમાં તે સુગમતાથી પહોંચી જઈ શકે, તેટલા સારુ તે–કહેતાં આત્મા સાધકને કર્મની પ્રેરણા કરે છે. આ કર્મો કર્યાથી સાધક પોતાને ઘેર જલદી પહોંચે છે અને ત્યાં તેનો પ્રવેશ પણ સુગમ બને છે. "वां युनक्ति" એટલે કે તમને બન્નેને તે કામમાં જોડે છે. આ બે તે કોણ? જ્ઞાની–અજ્ઞાની, સબળ–નિર્બળ, અધિકારી–અનધિકારી, એવા બે પ્રકારના લોકો હોય છે, તે બેઉ પ્રકારનાને તે પ્રેરણા કરે છે. મનુષ્યની અંદર પુરુષાર્થ કરવાની જે પ્રવૃત્તિ હોય છે, તે આ કારણને લીધે જ હોય છે. અને એ પ્રવૃત્તિને લીધે મનુષ્યની ઉન્નતિ શકય બને છે. પુરુષાર્થ કરવો કિંવા પ્રશસ્ત કર્મો કરવાં તે શાને સારુ કરવાં? એવું વખત છે ને કોઈ પૂછે તો તેનો ઉત્તર એ છે, કે આપણી અંદરનો દુષ્ટ ભાવ દૂર થાય, સમાજમાંનાં દુષ્ટ માણસો દૂર થાય અને સર્વ કોઇનું કાર્યક્ષેત્ર વિસ્તરે, એટલા સારુ જ સકળ પુરુષાર્થ વા પ્રયત્ન કરવાનો હોય છે. આગળ આવતા મંત્રભાગમાં એ જ કહેવામાં આવ્યું છે.

૭

प्रत्युष्टꣳरक्षः प्रत्युष्टा अरातयो निष्टप्तꣳरक्षो निष्टप्ता अरातयः । उर्वन्तरिक्षमन्वेमि ॥ ७ ॥

(१) रक्षः प्रत्युष्टम् (२) अ–रातयः प्रत्युष्टाः (३) रक्षः निष्टप्तम् (४) अ–रातयः निष्टप्ताः (५) उरु अन्तरिक्षम् अन्वेमि ॥

(१–४) रक्षः प्रत्युष्टं, निष्टप्तं, अरातयः प्रत्युष्टाः, निष्टप्ताः । એટલે કે 'રાક્ષસ દાઝીને નાસી ગયો અને શત્રુઓ પણ તાપ ન સહેવાતાં ઊભી પૂછડીએ નાઠા.' મતલબ કે એ સર્વનો પરાભવ થઈને કાયમને માટે તેઓ પલાયન કરી ગયા. પુરુષાર્થ–પ્રયત્ન–નું આ પરિણામ છે. પુરુષાર્થ આવો થવો જોઈએ. (रक्षति इति रक्षः) જેના યોગે ક્ષીણતા આવે તેનું નામ રાક્ષસ. રાક્ષસ ક્ષીણતા આણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. શરીરને વિષે રોગબીજ એ રાક્ષસ છે; કારણ કે તે શરીરને ક્ષીણ કરે છે. શરીરસ્થ ધાતુને પચવા ન દેતાં શરીરની બહાર તે કાઢી નાખે છે, તેથી શરીર ક્ષીણ બને છે; એટલા માટે એને તપાવીને કાઢી મૂકવો જોઈએ, બલ્કે એનો નાશ કરવો જોઈએ. શરીરમાંથી રોગબીજનો નાશ થયો એટલે શરીર નીરોગી અને હૃષ્ટપુષ્ટ થવા માંડે છે. "तप" કરવાના જે ઉપાય સૂચવવામાં આવ્યા છે, તે ઉપાયોથી આ રાક્ષસને તપાવાય છે કિંવા દઝાડાય છે અને તેને પરિણામે તે ભાગી જાય છે વા નાશ પામે છે. ઉપવાસ, યોગ-સાધનામાંનાં યમ–નિયમપાલન, આસન, પ્રાણાયામ–ઇત્યાદિ અનુષ્ઠાનો આ અંતરના રાક્ષસોને તપાવીને દૂર કરવા માટે જ છે; એ દૃષ્ટિએ 'निष्टप्तम्' એ સમાસમાંનો तप्त શબ્દ ખાસ વિચારવા જેવો છે. શરીરની બાબતમાં જે બને છે, તે જ રાષ્ટ્રની બાબતમાં પણ બને છે. રાષ્ટ્રને વિષે પણ બહારથી રાક્ષસો આવે છે ને રાષ્ટ્રને ક્ષીણ કરી નાખે છે. રાષ્ટ્રની કિંવા માનવસમૂહની ચઢતી વા ઉન્નતિનો અવરોધ કરનાર બધા જ રાક્ષસ કહેવાય. બીજા લોકોને પરતંત્રતામાં બાંધી રાખનાર અને તેમની ઉન્નતિને અટકાવનાર રાક્ષસ જ કહેવાય. સામાજિક તેમ જ રાષ્ટ્રીય ક્ષેત્રોમાંના એવા રાક્ષસોને પણ સત્યાગ્રહની શક્તિથી તપાવીને દૂર ભગાડવા જોઈએ અને આત્મબળના જોરે સ્વરાજ્ય સંપાદન કરીને રાષ્ટ્રીય દૃષ્ટિએ નીરોગી બનવું જોઈએ. આ પ્રમાણે વ્યક્તિને વિષે તેમ જ સંઘને વિષે આ ઉપદેશની વાસ્તવિકતા વાચકોએ જોઈ કાઢવી. હવે, अराति શબ્દનો વિચાર કરીએ. अराति એટલે અદાતા, એટલે કે ન દેનારો, ચિંગૂસ કિંવા કંજુસ. આવા લોક સમાજના તેમ જ વ્યક્તિના પણ શત્રુ છે; અગર તો જે માણસ ઉન્નતિનો શત્રુ હોય તેને પણ अराति કહેવામાં આવે છે. એવા अरातिઓને પણ દૂર કરી દઈને સમાજને નિર્ભય બનાવવો જોઈએ. મનુષ્યનો પુરુષાર્થ–પ્રયત્ન આ દિશામાં થવો જોઈએ, અને તે એવો વેગબંધ અને એવા ઉગ્ર પ્રમાણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવો જોઈએ કે જેથી કરીને પુરુષાર્થ કરનારા લોકો, શત્રુગણ દૂર થયાનો મહોત્સવ, પોતે જાતે માણી શકે ને પોતાની નજરે નિહાળી શકે. આવા પ્રકારની આતુરતા કિંવા આવો દઢ નિશ્ચય પુરુષાર્થ કરનારના પ્રયત્નમાં હોય એ બહુ જરૂરનું છે, એમ જણાવવા ખાતર 'निष्टप्तम्' ઇત્યાદિ શબ્દપ્રયોગોમાં ભૂતકાળ વાપરવામાં આવ્યો છે. આ કાર્ય સિદ્ધ થઈ ચૂક્યું, એવું કર્તાને લાગે, એટલી પ્રબળ શક્તિથી આ પુરુષાર્થનાં વૈયક્તિક અગર સામાજિક કાર્યો થવાં જોઈએ. એ મુજબ શત્રુનો ભય ટળ્યા પછી નિજ કાર્યક્ષેત્રનો વિસ્તાર થવાની જરૂર છે; એમ બતાવવા માટે એ પછી આવતા મંત્રભાગમાં કહેવામાં આવ્યું છે, કે-(૫) "उरु अन्तरिक्षम् अन्वेमि" એટલે કે "વિશાળ ક્ષેત્રમાં (યથેચ્છ) હું વિચરું છું." અર્થાત્ કે અત્યાર લગી હું નાનકડા ક્ષેત્રમાં હતો, તે સંકુચિત વાતાવરણ હવે દૂર થયું છે, એટલે હવે હું વિસ્તૃત ક્ષેત્રમાં-વિસ્તૃત વાતાવરણમાં સંચાર કરવા લાગ્યો છું. બધાં ય માણસો આ વિસ્તૃત વાતાવરણમાં જો કે વિચરે છે, તથાપિ વિદ્યા, સંસ્કૃતિ તથા પુરુષાર્થની ન્યૂનાધિકતાને કારણે મનુષ્યના મન પર જે પ્રકારનું પરિણામ નીપજે છે, તેવે પ્રકારે તેનું મન સંકુચિત કિંવા વિસ્તૃત વાતાવરણમાં વિચરવા લાગે છે. અત્યાર લગીના ૧ થી ૭ વેદમંત્રોમાં અપાયેલો ઉપદેશ બરાબર મનમાં ઠસી ગયો, પ્રશસ્ત કર્મો કરવા તરફ જાતને વાળી લીધી, સત્યના જ અવલંબન-પૂર્વક સત્યને જ આધારે પોતાનો જીવનવ્યવહાર ચલાવવાનો નિશ્ચય થયો, એટલે એ માણસ વિસ્તૃત વાતાવરણમાં સ્વૈર સંચાર કરવાને યાને યથેચ્છ વિચરવાને યોગ્ય બને છે, સ્વાર્થાંધતાને કારણે મનુષ્યનું વાતાવરણ પક્ષપાતી બનીને દિવસાનુદિવસ સંકુચિત બનતું જાય છે. મનુષ્યમાત્રના હિતની ખાતર સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરવાની નિષ્ઠા ઉત્પન્ન થતાં એ જ મનુષ્યનું વાતાવરણ વિસ્તૃત બને છે. માનવીનાં જ્ઞાનક્ષેત્ર અને કર્મક્ષેત્ર જેટલા પ્રમાણમાં વિસ્તૃત થાય છે, તેટલા જ પ્રમાણમાં તે ક્ષેત્રો તેની ઉન્નતિને સહાયકર્તા થઈ પડે છે. સાધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યની નજર પોતાના કુટુંબ પૂરતી જ દોડે છે, એટલે તેનું કાર્યક્ષેત્ર એટલા પૂરતું જ બની રહે છે; બીજો માણસ પોતાના રાષ્ટ્ર પૂરતી નજર દોડાવે છે, એટલે તેનું કાર્યક્ષેત્ર રાષ્ટ્ર જેટલું વ્યાપક બને છે; પણ ત્રીજો માણસ મનુષ્યમાત્રનું કલ્યાણ કેવી રીતે સધાય તે જુએ છે, યાને તેની વૃત્તિ 'वसुधैव कुटुम्बकम्'ની ભાવનાવાળી હોવાને લીધે તેનું કાર્યક્ષેત્ર અત્યંત વિસ્તૃત થયું હોય છે. જેનો જેટલો ક્ષેત્રવિસ્તાર, તેટલી જ તેની મોટાઈ. અંતરિક્ષ કહેતાં ક્ષેત્રવિસ્તાર અને અંતઃકરણનો વિસ્તાર એ બેનો પરસ્પર નિકટ સંબંધ છે. વિસ્તૃત કાર્યક્ષેત્ર પ્રાપ્ત થવું, એટલે કે એટલાં બંધનો દૂર થવાં. બધાં જ બંધનો જેનાં દૂર થઈ જાય છે તેનું અંતરિક્ષ એટલું બધું વિસ્તૃત બને છે, કે તેની કંઈ સીમા જ નથી રહેતી. એ સ્થિતિને જ **મુક્તિ** કહે છે. મુક્તિની એ અંતિમ અવસ્થા સિદ્ધ થતાં લગીમાં જે જે ક્ષેત્રવિસ્તાર આપણા સંચારને પ્રાપ્ત થાય, તે તે વિસ્તાર ક્રમિક મુક્તિનું એક એક પગથિયું જ છે એમ સમજવું. એ રીતે વિચારી જોતાં આપણે અત્યારે કઈ પાયરી પર છીએ–કયે પગથિયે છીએ, તે જેણે તેણે નક્કી કરી લેવું.

૮

धूरसि धूर्व धूर्वन्तं, धूर्व तं योऽस्मान्धूर्वति, तं धूर्व यं वयं धूर्वामः । देवानामसि वह्नितमꣳ सस्नितमं पप्रितमं जुष्टतमं देवहूतमम् ॥ ८ ॥

(१) धूः असि (२) धूर्वन्तं धूर्व (३) तं धूर्व यः अस्मान् धूर्वति (४) यं वयं धूर्वामः तं धूर्व (५) देवानां वह्नितमं, सस्नितमं, पप्रितमं, जुष्टतमं, देवहूतमम्, असि

(૧) "धूः असि" એટલે કે "તું વિનાશક છે." હે મનુષ્ય! તું નાશ કરનારો છે, યાને તારામાં નાશ કરવાની વૃત્તિ તેમ જ શક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તારી એ વિનાશક વૃત્તિ–શક્તિને પણ સારું વલણ મળવું જોઇએ. તેમ નહિ થાય, તો તારે હાથે સારી બાબતોનો પણ નાશ થવા પામશે; એટલા માટે તારે તારી વિનાશક શક્તિને નીચે જણાવેલા નિયમ પ્રમાણે વર્તન રાખીને યોગ્ય વલણ આપવું જોઈએ. આ નિયમ એવો છે, કે (૨) "धूर्वन्तं धूर्व" યાને "જે ઘાત કરે, તેનો જ ઘાત અગર નાશ કરવો." પોતાની અંદર જે વિનાશક શક્તિ છે, તેનો ઉપયોગ ઘાત–પાત કરનારાંનો નાશ કરવાને કામે જ કરવો; જેઓ ઘાતક કે વિનાશક નથી, તેમનું અહિત કદાપિ કરવું નહિ. હવે ઘાતક કોને કહેવો તેનો વિચાર કરવો ઘટે. ઘાતક કોને ગણવો, તે આ પછીના બે મંત્રભાગોમાં સૂચવાય છે. (૩) "यः अस्मान् धूर्वति, तं धूर्व।" એટલે કે "જે એકલો છતાં અમારા બધાંનો નાશ કરે છે, જે એકલો છતાં પુષ્કળને ત્રાસદાયક નીવડે છે, તે ઘાતક હોઈ એવા દુષ્ટ માણસનો નાશ કરવો." તેવી જ રીતે (૪) "यं वयं धूर्वामः तं धूर्व' યાને 'જે એકને અમે સઘળાં એક મતે દૂર કરવા ઇચ્છીએ, યાને જે સર્વાનુમતે દુષ્ટ હોવાનું ઠરે, તેને સમૂળગો દૂર કરવો.' એક મનુષ્ય આખા સમાજને ત્રાસ આપતો હોય, અથવા જે એક જણ માટે સર્વના દિલમાં એક સરખો તિરસ્કાર વ્યાપેલો હોય, તેને દૂર કરી દીધાથી આખા સમાજનો ત્રાસ ટળી જાય છે, અને સમાજને પોતાની ઉન્નતિ કરી લેવાનો માર્ગ વિચારી કાઢવાનું સરળ બને છે. આ પ્રમાણે જનસમાજની ઉન્નતિનો માર્ગ નિષ્કંટક બનાવવાનો મનુષ્યે પ્રયત્ન કરવાનો છે. મનુષ્ય કેવળ વિનાશક શક્તિવાળું પ્રાણી છે એવું નથી. તેની યોગ્યતા બહુ જ મોટી છે. 'જુઓ:—(૫) "देवानां वह्नितमं, सस्नितमं, पप्रितमं, जुष्टतमं, देवहूतमम् असि।" અર્થાત્—(त्वं देवानां वह्नितमम् असि।"—એટલે કે તું દેવોનો મોટો વાહક છે). માનવી દેવોના વાહનરૂપ છે; કેમ કે તેના શરીરમાં નેત્રસ્થાને સૂર્ય, હૃદયસ્થાને ચંદ્ર, નાસિકાસ્થાને પ્રાણ કહેતાં વાયુ, પાદસ્થાને પૃથ્વી અને નાભિસ્થાને અંતરિક્ષ રહેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાત્પર્ય કે બ્રહ્માંડના સર્વે દેવતાઓ અંશરૂપે માનવી શરીરમાં આવીને રહેલા છે. (બીજા મંત્રની ૨ થી ૫ સુધીની ટીપણી ફરી જોઈ જાઓ.) આત્મા એ આ શરીરરૂપી રથનો સારથિ છે; એટલે આ શરીરમાં સઘળા દેવતાઓનો વાસ હોવાને કારણે જીવાત્મા એ સઘળા દેવતાઓનો વાહક ઠરે, એ તો ઉઘાડી વાત છે. વાચકોએ આ સત્ય અત્રે બરાબર પિછાની લેવું. (त्वं देवानां सस्नितमम् असि—એટલે કે 'તું દેવતાઓને ઉત્તમ પ્રકારે દૃઢ બાંધી રાખનારો કિંવા શુદ્ધ કરનારો કિંવા દેવતાઓની શક્તિ વધારનારો છું.') જીવાત્મા દેવતાઓને શુદ્ધ કરનારું સાધન છે, એ બાબત ૨ : ૧ થી ૩ : ૨ સુધીની ટીપણીઓ જોઈ જવી; અને જીવાત્મા દેવતાઓને દૃઢ બાંધી રાખનારો છે, એ વાત તો પ્રત્યક્ષ પ્રમાણ છે. આ શરીરની અંદર નેત્રોને સ્થાને સૂર્યને બાંધી રાખ્યો છે, અન્ય ઇંદ્રિયોને વિષે અન્ય દેવતાઓને બાંધી રાખેલા છે. જીવાત્માએ પોતાના સ્નેહપાશ વડે એ સઘળા ૩૩ કરોડ દેવતાઓને પોતાના પિંડ મધ્યે બાંધ્યા હોવાને કારણે તે બધા તેને વશ વર્તે છે, એવું એક દૃષ્ટિએ કહી શકાય. આ ઉપરથી જીવાત્માને દેવતાઓને બાંધી રાખનારો કેમ કહ્યો છે, એ સહજ સમજી શકાશે. (त्वं देवानां पप्रितमम् असि—એટલે કે 'તું દેવોને પૂર્ણ કરવાવાળો છે'.) એના પિંડની અંદર જે સઘળા દેવોનો વાસ છે, તેમની શક્તિ એનાં યોગાનુષ્ઠાનોથી વધે છે: જેમ કે—વ્યાયામથી સ્થૂળ શરીરની શક્તિ વધે છે, નેત્રાદિ ઇંદ્રિયોની શક્તિ પણ તેમના નિયમનોથી વૃદ્ધિંગત થાય છે. સાધક પ્રયત્ન કરે છે અને એ પ્રયત્નને પરિણામે તેની ઇંદ્રિયો વિષે રહેલી દૈવી શક્તિઓના બળમાં વધારો થતો જાય છે, ને પરિણામે તે તે દેવ તે તે સ્થાનક વિષે અધિકાધિક પૂર્ણ યા વિકસિત થતો જાય છે. આપણા શરીરસ્થ દેવાંશોને આ રીતે તે (જીવાત્મા) પૂર્ણ કરવાવાળો યાને વિકસાવનારો છે અને તેમની અંદર શક્તિ સિંચનારો છે. (त्वं देवतानां जुष्टतमम् असि એટલે કે 'તું દેવોને અત્યંત પ્રિય છે, કિંવા દેવોથકી તું પ્રીતિપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવાવા લાયક છે'.) સૂર્ય, ચંદ્ર, વાયુ આદિ દેવતાઓ અત્રે નેત્ર, મન, પ્રાણ આદિનાં સૂચક છે. નેત્રને વિષે રહેલો સૂર્યદેવ એને માર્ગ સુઝાડે છે, મનને સ્થાને રહેલો ચંદ્રમા તેને ભલા–બૂરાનો વિવેક કરતાં શીખવે છે, નાસિકા વિષે રહેલો પ્રાણદેવ એના જીવનની જોગવાઈ કરે છેઃ આ પ્રમાણે સર્વ દેવતાઓ આ આત્મારામની પ્રીતિપૂર્વક સેવા કરતા રહે છે. જેની સેવામાં તેત્રીશ કરોડ દેવતા રચ્યાપચ્યા રહેતા હોય, તેનો વૈભવ કેટલો ભારે હશે વારુ? (त्वं देवहुतमम् असि–એટલે કે 'તું દેવોને બોલાવનારો છે'.) આ પિંડસ્થ જીવ ત્રિલોકમાંના મોટા મોટા સર્વ દેવોને બોલાવી લાવે છેઃ એનું તેડું થતાં બરાબર તે સર્વ દેવતાઓ એના પિંડમાં હાજર થઈ જઈને મિત્રભાવે તેની સેવા કરવા લાગે છે; અને આ પણ નિજ પુરુષાર્થ–પ્રયત્ન દ્વારા તેમને પૂર્ણ બનાવે છે અને અધિક શક્તિશાળી કરે છે. આતું જ નામ '**યજ્ઞ**' કહેવાય એમ ગીતાજીમાં પણ કહ્યું છે. [જુઓઃ—देवान् भावयतानेन ते देवा भावयन्तु वः । परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥–भ. गी. ३ । ११—અર્થાત્ આ યજ્ઞ દ્વારા દેવોની સમૃદ્ધિ કરો, એટલે દેવો તમારી સમૃદ્ધિ કરશેઃ આમ પરસ્પર ખબર રાખ્યા કરતા રહી તમે પરમ કલ્યાણની પ્રાપ્તિ કરી લો.] ગીતામાં ઉપદેશાયલું આ યજ્ઞતત્ત્વ વેદે અત્રે આ મંત્ર-ભાગોમાં દર્શાવ્યું છે. શરીરરથમાં બિરાજેલા આ દેવોનો તમે યોગ્ય આદર કરો, એટલે તે તમારો આદર કરશે. એ રીતે નેત્રાદિ ઇંદ્રિયો વિષે રહેલા દેવોએ આત્માને સહાય કરવી અને જીવાત્માએ એ દેવતાઓને સહાય કરવી; ને આવી રીતની પરસ્પરની સહાયથી સહુએ ઉન્નત થવું, એ જ યજ્ઞનું મુખ્ય તત્ત્વ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

अह्रुतमसि हविर्धानं दृꣳहस्व मा ह्वार्मा ते यज्ञपतिर्ह्वार्षीत् ।
विष्णुस्त्वा क्रमतामुरु वातायापहतꣳरक्षो, यच्छन्तां पञ्च ॥९॥

(१) अह्रुतं हविर्धानम् असि (२) दृंहस्व (३) मा ह्वाः मा ते यज्ञपतिः ह्वार्षीत् (४) विष्णुः त्वा क्रमताम् (५) वाताय उरु (क्रमताम्) (६) अपहतं रक्षः (७) पञ्च यच्छन्ताम् ।

(૧) त्वं अह्रुतं हविर्धानम् असि –યાને 'તું કુટિલતા વગરના હવિર્ધાન પાત્ર જેવા છે.' જેવી રીતે યજ્ઞમાં હવિર્દ્રવ્યને અર્પણ કરવાનું એક પાત્ર (સરવો) હોય છે, અને તે વાંકુંચુંકું ન હોતાં સીધું ને સરળ હોય છે, તેવી રીતે તું પણ આ યજ્ઞમાંનું હવિર્ધારક પાત્રરૂપ જ છે; એટલે તું વાંકોચૂંકો કે કુટિલ હોય તે ન ચાલે. તારે તો સરળ બનવું જોઈએ. કુટિલતા ધારણ કરીશ, તો તારે હાથે કશું જ સારું કામ સિદ્ધ થઈ શકશે નહિ; એટલા માટે તું પ્રથમ તો સરળપણે વર્તવા માંડ, વાંકી ચાલ ત્યજી દે; અર્થાત્ કે તું પોતાને 'પાત્ર' બનાવ; એટલું જ નહિ, પણ વાંકચૂંક વગરનું સરળ પાત્ર તું તારી જાતને બનાવ; એટલે તારે હસ્તે યોગ્ય કાર્ય જ થતું રહેશે. [અગાઉ આવી ગયેલ ૪ : ૫ મા નંબરની ટીપણીમાં, તેમ હવે પછી આવતી ૧૧ : ૭ મી ટીપણીમાં પોતાની જાતનો જ હવિ, દેવને અર્પણ કરવાનું વિધાન છે. એ હવિ ખુદ પંડના જ પાત્રમાં ઘાલીને પંડે જ દેવને અર્પણ કરવાનો છે. આપણે પંડે **'પાત્ર'** બન્યા, એટલે પંડનો જ હવિ તેમાં સ્થાપન કરીને આત્માર્પણ કરવાનું છે. (ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् । ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्म समाधिना ॥–भ. गी. ४ । २४–અર્થાત્ કે 'અર્પણ ક્રિયા એ બ્રહ્મસ્વરૂપ, હોમવાની વસ્તુ એ પણ બ્રહ્મરૂપ અને બ્રહ્મરૂપી અગ્નિમાં ખુદ બ્રહ્મ જ હોમે. આ પ્રમાણે બધાં જ કર્મો જેનાં બ્રહ્મરૂપ બની જાય છે, તેને છેવટે બ્રહ્મ જ પ્રાપ્ત થાય છે'.) ભગવદ્ગીતાનો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્લોક આમ પણ ઘટાવી શકાય:—

'आत्मार्पणम् आत्महविरात्माग्नावात्मना हुतम् ।
आत्मैव तेन गन्तव्यमात्मकर्मसमाधिना ॥'

અહીં—"પંડે જ અર્પણવિધિ, પંડે જ હવિ અને પંડના આત્માગ્નિ મધ્યે પંડે જ હવન કર્યો. આ પ્રમાણે સ્વકીય બધું પોતે જ કરે છે, એવું જેને ભાસે છે, તે આત્મરૂપ બની જાય છે." આ જ આશય આ મંત્રભાગોનો છે. પંડે હવિ બનીને પંડના પાત્ર મધ્યે તે હવિને રાખવાનો, અને પંડે જ વાંકાટેડા ન ચાલતાં સરળતા-પૂર્વક નિજ શક્તિનો નિજના ઉદ્ધાર અર્થે આત્મયજ્ઞ કરવાનો છે. આ રીતે સ્વકીય સરળપણું પોતે જ પોતાની અંદર વધાર્યું એટલે (૨) 'दृंहस्व' કહેતાં 'તું પંડે સુદૃઢ થા.' મતલબ કે સરળપણે વર્તવા લાગવાથી તું તારી પોતાની જ શક્તિ વધારીશ અને પરિણામે તું મજબૂત બનીશ. આત્મબળ આ રીતે જ વિકસે છે. (૩) "मा ह्वाः, मा ते यज्ञपतिः ह्वार्षीत्" એટલે કે "તું કુટિલ ન થઈશ અને તારો યજ્ઞપતિ પણ કુટિલ ન થાય"; કારણ તમારા બે પૈકી કોઈપણ કુટિલતા ધારણ કરશે, તો પરિણામે તમારો બંનેનો સર્વનાશ થઈ જશે; એટલા માટે કુટિલ નીતિનો સદંતર ત્યાગ કરીને સરળપણે વર્તતો જા. [જુઓ: મંત્ર ૨: ૭–૮ ત્યાં પણ આ જ મંત્ર આવેલો છે.] (૪) "विष्णुः त्वा क्रमताम्" યાને "સર્વવ્યાપક દેવ તારી ઉપર ચઢી બેસો અગર સ્વાર થાઓ." કદીક કામ, કદીક ક્રોધ, કદીક લોભ ઇત્યાદિ શત્રુઓ તારા પર સ્વાર થતા દેખાય છે. કોઈના પર ભૂત ચઢી બેસે છે, તો કોઈના પર વળી બીજો કોઈ વાયરો ચઢી બેઠેલો જણાય છે. એ રીતે તારા પર કોઈને કોઈ જો ચઢી બેસનાર જ છે, તો પછી સર્વવ્યાપક ભગવાન વિષ્ણુ જ તારા પર ચઢી બેસો! જેવી રીતે કામ–ક્રોધને તમે તમારે માથે ચઢાવી લો છો, તેવી જ રીતે પરમેશ્વરને પણ જો તમારે શિર સ્થાપશો તો તમારું કલ્યાણ થઈ જશે. માટે કામ–ક્રોધાદિ રાક્ષસોને ચઢવા ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેતાં ભગવાન વિષ્ણુને જ ચઢવા દેજો. એમ થશે તો ભગવાનની સર્વગુણસંપન્નતા તથા સર્વશક્તિમત્તા પણ તમારી અંદર આવશે. અત્યારે તો કામવિકાર તમારા પર સ્વાર બને છે અને તમને મરજી પડે તેમ નચાવે છે, ને તેને પરિણામે તમે હાલહવાલ બનો છો. આને બદલે જો દેવને જ તમારા શિર પર ચઢવા દેશો અને તેની પ્રેરણા પ્રમાણે નાચવા લાગશો, તો તમારું કલ્યાણ બસ થશે જ થશે. ખરું જોતાં તો તમારે કોઈની જ તાબેદારી ન સ્વીકારતાં પોતાની જ શક્તિ વડે પ્રકાશવું જોઈએ; પરંતુ તેવી સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં લગી, અને જ્યાં લગી રાક્ષસ કિંવા ભૂતપિશાચ તમારા શિર પર એઠક જમાવતો જ રહે, ત્યાં લગી તો આ દુષ્ટોને માથા પર ચઢાવવાને બદલે દેવને જ તેમ કરવા દો યાને દૈવી ભાવનો સંચાર તમારા હૃદયમાં થવા દો. એમ કરવાથી દુષ્ટપણું કાયમનું દૂર થઈ જઈને સુષ્ઠુપણું (કહેતાં ભલમનસાઈ વા સારસાઈ) તમારી અંદર સ્થિર બની રહેશે અને દિવ્ય તેજ તમારી અંદર ચમકવા લાગશે. મતલબ, કે કામ-ક્રોધાદિને પોતાના પર સ્વાર થવા દેવાથી માનવીની વૃત્તિ સંકુચિત બનતી જાય છે અને દેવને તેમ કરવા દીધાથી માનવીની વૃત્તિ વિશાળ ને વિશાળ બનતી જાય છે. (૫) वाताय उरु क्रमताम् કહેતાં 'હવા ખાવી હોય તો ખુલ્લી જગ્યામાં ફરવા'ની આવશ્યકતા છે, તેમ જ આ બાબતમાં પણ સમજવાનું છે. નાનકડા ઘરની બંધિયાર ખોલીમાં વસનારો મનુષ્ય, સંકુચિત વાતાવરણમાં જ હરફર કર્યા કરે તો, તેનામાં ક્ષીણતા આવતી જાય છે; પરંતુ એ જ મનુષ્ય જો વિશાળ વા ખુલ્લા વાતાવરણમાં નીસરી શુદ્ધ હવાનું સેવન કરતો રહે છે, તો તે ઊલટાનો પુષ્ટ બનતો જાય છે; તે જ પ્રમાણે કામક્રોધાદિ દુર્ગુણોને સ્વાર થવા દેવા, એ હાનિકારક છે અને પરમેશ્વરને તેમ કરવા દેવું એ ઉન્નતિકારક છે. (૬) 'अपहतं रक्षः' યાને 'રાક્ષસ હણાયો.' દેવ તમારા શિર પર ચઢ્યો, એટલે તમારા આંતરપ્રદેશમાં સેતાનને કિંવા રાક્ષસોને રહેવાનું સ્થાન જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળવાનું નહિ. સ્થાનભ્રષ્ટ થયેલો રાક્ષસ ઠાર થયો જ સમજવો. તમારા પિંડમાં જ્યાં લગી પરમેશ્વર (કહેતાં દૈવી ભાવ) વાસ પૂરતો નથી, કિંવા પરમેશ્વરને માટે તમારું અંતઃકરણ જ્યાં લગી મોકળું બનતું નથી, ત્યાં લગી જ રાક્ષસ તમારી અંદર રહી શકે છે. જેમ સાંકડી બંધિયાર ખોલીમાં રોગનાં જંતુરૂપી રાક્ષસ રહી શકે છે, પણ વિશાળ જગ્યામાં ને ખુલ્લી હવામાં નથી રહી શકતો, તેમ જ આ બાબતમાં પણ સમજવાનું છે. (૭) 'पञ्च यच्छन्ताम्' કહેતાં 'પાંચેય વડે એને સાહી લો', અર્થાત્ કે દેવે જ્યાં બેઠક લીધી કે લાગલો તેને પાંચેય વડે મજબૂત રીતે પકડી લેવો. મતલબ કે કર્મેંદ્રિય, જ્ઞાનેંદ્રિય, મન, બુદ્ધિ અને આત્મા–એ પાંચેય વડે પરમેશ્વરને મજબૂત પકડી લઈ, તેને પાછો બહાર ન જવા દેવો. એ પાંચેય દ્વારા એ દેવનું કાર્ય કાળજીભરી રીતે થતું રહે છે, તો તે વશ થઈને અહીંનો અહીં જ રહે છે, બહાર નીસરી જતો નથી. પરંતુ એ પાંચેયમાંથી એકાદ પણ બીજી પ્રવૃત્તિમાં જોડાય છે, તો દેવને ત્યાંથી ભાગી જવાનો માર્ગ મળે છે. માટે નિજ કર્મશક્તિ, જ્ઞાનશક્તિ, મનશક્તિ, બુદ્ધિશક્તિ અને આત્મશક્તિ–એ પાંચેય શક્તિઓ વડે એને દૃઢ પકડી રાખવો. આ ઉપદેશ સાવ આલંકારિક હોવા છતાં અત્યંત મહત્ત્વનો છે. વિચારવાવાળાને આનું મહત્ત્વ તત્કાળ સમજાઈ જશે. આ 'पञ्च यच्छन्ताम्' એ મંત્રભાગનો બીજો અર્થ આમ પણ થાયઃ–'પોતાની પાંચેય શક્તિઓને કાબૂમાં રાખવી.' અર્થાત્ કે ઉપર ગણાવેલી પાંચેય શક્તિઓને તાબે રાખવી, ફાવે ત્યાં ભટકવા ન દેવી. સંયમ અને ઇંદ્રિય-દમનનો આ અર્થનો ઉપદેશ પણ ભારે મહત્ત્વનો છે. પોતાની પાંચેય શક્તિઓને પરમેશ્વરના કાર્યમાં અર્પણ કરવી, એનો બીજો અર્થ જ 'એ શક્તિઓને સંયમમાં રાખવી' એવો થાય; કારણ કે સંયમ સિદ્ધ થયા વગર પરમેશ્વરના કાર્ય વિષે સર્વ શક્તિ સમર્પવાનું બને જ નહિ. ઠીક ત્યારે, પરમેશ્વરનું આસન દિલમાં દૃઢ બનતાં શું થાય છે, તે હવે આપણે જોઈએઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

१०

देवस्य त्वा सवितुः प्रसवेऽश्विनोर्बाहुभ्यां पूष्णो हस्ताभ्याम्। अग्नये जुष्टं गृह्णाम्यग्नीषोमाभ्यां जुष्टं गृह्णामि ॥ १० ॥

(१) सवितुः देवस्य प्रसवे अश्विनोः बाहुभ्याम् पूष्णोः हस्ताभ्याम् त्वा [गृह्णामि]। (२) अग्नये जुष्टं [गृह्णामि]। (३) अग्नीषोमाभ्यां जुष्टं गृह्णामि ।

(१) "सवितुः देवस्य प्रसवे अश्विनोः बाहुभ्यां पूष्णोः हस्ताभ्यां त्वा गृह्णामि।" આનો અર્થ એવો થાય છે, કે 'આ સર્વને ઉત્પન્ન કરનાર દેવે રચેલી સૃષ્ટિમાં હું તને અશ્વિનીના બાહુઓ વડે અને પૂષાદેવના હાથો વડે પકડું છું.' આગળ પ્રમાણે આ પણ અનુષ્ઠાન કરવાવાળા ભક્ત પ્રત્યે ઈશ્વરની આશ્વાસનવાણી છે. પાછળ કહેવાઈ ગયું છે, તેમ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થયેલા ભક્તજનને પરમેશ્વર કોઈ પણ જાતનો ત્રાસ થવા દેતો નથી. તેને એ પૂષાના હાથો વડે પકડે છે, એટલે કે યોગ્ય રીતે પુષ્ટ કરે છે, અને અશ્વિની દેવોના હાથો વતી પકડે છે, એટલે કે તેને નીરોગી રાખે છે; કારણ કે અશ્વિની-કુમાર એ દેવતાઓના વૈદ્ય હોવાથી તેમના હાથ સર્વને નીરોગી કરનારા છે અને પૂષાદેવ એ સર્વને પુષ્ટિ અર્પનારા દેવતા છે. આ દેવતાઓના હાથો વડે જે ભક્તને પરમેશ્વર ઊંચકી લેશે, તેને માટે કલિકાળનો ભય રહેશે નહિ, તેનાં સઘળાં દુઃખો દૂર થશે, ને તે મૃત્યુને પણ જીતી લેશે. પ્રભુના આ આશ્વાસન પર આસ્થા રાખી લોકોએ યોગ્ય પ્રકારે પોતાનાં અનુષ્ઠાન ચાલુ રાખવાં. આ પછી ખાવાપીવાનો વિચાર થવાની જરૂર હોઈ તેને માટે નીચે પ્રમાણે બે પ્રતિજ્ઞાઓ રજૂ કરાઈ છેઃ

(૨,૩) "अग्नये अग्नीषोमाभ्यां जुष्टं गृह्णामि" અર્થાત્ કે 'અગ્નિ તથા સોમ એ બે દેવતાઓને જે પ્રિય હોય છે, તે જ હું સ્વીકારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું.' અગ્નિને હવિષ્યાન્ન જ પ્રિય હોય છે અને સોમને દૂધ વગેરે પદાર્થ પ્રિય લાગે છે. સોમરસમાં દૂધ, દહીં વગેરે જે પદાર્થ ભેળવવામાં આવે છે, તે સોમને ભાવે છે; અને અન્નનો જે હવન કરવામાં આવે છે, તે અગ્નિ દેવતાને રુચિકર થઈ પડે છે. એટલા જ હવિષ્યાન્નનો દેવ સ્વીકાર કરે છે; બીજો કોઈ પદાર્થ તેને સ્વીકાર્ય નથી. ઉપર ગણાવેલા પદાર્થો જ મનુષ્યે જમીનમાં ઉગાડવાના. એ સિવાયના તંબાકુ, ચા, ભાંગ અને એમના જેવા બીજા હાનિકારક પદાર્થો ખાવાલાયક નથી તેમ ઉત્પન્ન કરવા લાયક પણ નથી. યજ્ઞનિમિત્તે ખાનપાનનું પથ્ય સચવાય છે, તે આ જ પ્રમાણે. આવી રીતે શુદ્ધ ખોરાકનું સેવન કરવાથી વિચાર તથા આચારની શુદ્ધતા સધાય છે અને એ શુદ્ધતાથી ઉન્નતિ થતી જાય છે. મનુષ્યાવતાર ઉન્નતિને માટે જ છે, એ સંબંધમાં હવેના બે મંત્રભાગોમાં ઉત્તમ ઉપદેશ કરવામાં આવ્યો છે.

૧૧

भूताय त्वा नारातये स्वरभिविख्येषं दृꣳहन्तां दुर्याः पृथिव्याम् उर्वन्तरिक्षमन्वेमि । पृथिव्यास्त्वा नाभौ सादयाम्यदित्या उपस्थेऽग्ने हव्यꣳ रक्ष ॥ ११ ॥

(१) भूताय त्वा, (२) न अरातये (३) स्वः अभिविख्येषम् । (४) पृथिव्यां दुर्याः दृंहन्ताम् । (५) उरु अन्तरिक्षम् अन्वेमि (६) पृथिव्याः नाभौ अदित्याः उपस्थे त्वा सादयामि । (७) अग्ने हव्यं रक्ष ।

(૧,૨) "भूताय त्वा, न अरातये ।" એટલે કે 'ઉન્નતિ સારુ જ તને પેદા કરવામાં આવ્યો છે, અનુદારપણા માટે નહિ જ.' ભૂતળ પર મનુષ્યાવતાર આપવામાં આવ્યો છે તે એટલા જ ખાતર કે, એના યોગે તે પોતાની ઉન્નતિ સાધી લઈ શકે. અનુદારપણે વર્તીને પોતાની શક્તિને સંકુચિત બનાવવા માટે મનુષ્યજન્મ મળ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. મતલબ કે કોઈ પણ કામ કરતી વખતે મનુષ્યે વિચાર કરવો રહ્યો, કે 'ઉન્નતિ સાધવા અર્થે જ મારો જન્મ થયો હોઈ આ કામ મારા ઉન્નતિસાધનને મદદગાર થશે કે નહિ?' એવો વિચાર કર્યા બાદ જેનાથી પોતાની ઉન્નતિ થાય તેવાં જ કામો મનુષ્યે હાથ ધરવાં જોઈએ. એ સિવાય, મનની ઉદારતા ખીલવવી જોઈએ, અનુદારતા નહિ. ભક્તજન હોય છે તે એવો જ નિશ્ચય કરે છે અને મનમાં એવી ઇચ્છા સેવે છે, કે—(૩) स्वः अभिविख्येषम् યાને 'સ્વઃ કહેતાં સ્વર્ એટલે કે આત્માનો પ્રકાશઃ એ આત્માનો પ્રકાશ મને સર્વત્ર દેખવા દે.' આત્માનો એ પ્રકાશ મારે પામવો છે, તેથીજ હું આ ધર્માનુષ્ઠાન કરું છું. મારી એક જ ઇચ્છા છે, તે હે દેવ! તું પાર પાડજે! અને (૪) पृथिव्यां दुर्याः दृंहन्ताम् કહેતાં 'પૃથ્વીપરનાં સઘળાં ઘરો સુદૃઢ થજો!' અર્થાત્ કે ઘરો ખખળી ગયેલાં ન હોય, પણ બધાં જ ઘર સારાં ને મજબૂત હોય. આનો અર્થ એવો સમજવાનો, કે આ પૃથ્વી પર સજ્જન, સાધુ, મહાત્મા ભક્ત કિંવા સદાચારી મનુષ્યો પુષ્કળ પેદા થતા રહેજો. જે ઘરોમાં યજ્ઞ કહેતાં લોકકલ્યાણનાં કામો ચાલતાં રહે છે, તે ઘરો સુદૃઢ રહે છે; અને જે ઘરોમાં સ્વાર્થવૃત્તિ અને બીજાને ફસાવવા–ધૂતવાની દાનતનું જોર જામેલું રહે છે, તે ઘર ખખળી ગયેલાં હોય છે. 'દ્વાર' કિંવા 'દુર' શબ્દનો અર્થ 'બારણું' કિંવા 'સ્વાતંત્ર્ય–પ્રાપ્તિનું દ્વાર અથવા સાધન' હોઈ તે વાટે પારતંત્ર્ય દૂર કરી બંધન-માંથી છૂટી શકાય છે; એટલા માટે ભક્ત ઈશ્વરની પાસે માગે છે, કે 'મને આત્માનો પ્રકાશ દેખાઓ, અને આ પૃથ્વીના પટ પર જેટલાં ઉપકારશીલ મનુષ્યોનાં ઘરો છે, તે બધાં મારે માટે તેમ જ સર્વ લોકોને માટે દિવસાનુદિવસ સુદૃઢ બનતાં રહો!' આવાં ઘર ઉત્તમ સ્થિતિમાં હશે, તો તેના યોગે સર્વ લોકોનું કલ્યાણ જ થતું રહેશે. (૫) उरु अन्तरिक्षम् अन्वेमि એટલે કે 'વિશાળ અવકાશ-ની અંદર હું સ્વેચ્છાપૂર્વક સંચરું છું.' જીવાત્માને આત્મપ્રકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાધ્યો અને જગતભરમાં સદાચારી, પરોપકારી અને યજ્ઞમય જીવનવાળા મહાત્માઓનાં ઘર સુદૃઢ થયાં, એટલે પછી તેને જગતભરમાં વ્યાપેલા અવકાશમાં યથેચ્છ વિહરવાની અનુકૂળતા મળી ગયા જેવું થશે. અત્યારે જે કાર્યક્ષેત્ર બિલકુલ સંકુચિત થયેલું છે તેનું કારણ એ છે, કે સજ્જનોનાં ઘર કમી છે અને જે છે તે ખખડપંચમ હાલતમાં છે; ત્યારે દુર્જનોનાં ધામ પુષ્કળ છે અને સારી હાલતમાં છે. એથી કરીને સજ્જનો માટે મોકળાશમાં કામ કરવા પૂરતું વિશાળ કાર્યક્ષેત્ર જ નથી રહ્યું: [આજ મંત્ર ૭ : ૫મી ટીપણીમાં આવેલો હોઈ ત્યાં આગળ કરવામાં આવેલું સ્પષ્ટીકરણ પણ વાચકોએ જોઈ લેવું.] આટલો પ્રતિબંધ હોવા છતાં જે મનુષ્ય પોતાનું સારુંય જીવન યજ્ઞમય બનાવે છે, તેને તો વિપુલ કાર્યક્ષેત્ર મળી રહે છે, એમાં શંકા નથી. આવી વિકટ પરિસ્થિતિમાં પણ જે મનુષ્ય જગતના કલ્યાણ માટે પોતાનું જીવન સમર્પી દે છે, તેને આશ્વાસન આપતાં પરમેશ્વર કહે છે, કે—(૬) पृथिव्याः नाभौ अदित्याः उपस्थे त्वा सादयामि એટલે કે ' પૃથ્વીના મધ્યભાગે અને સ્વતંત્રતા દેવીના પડખામાં હું તને બેસાડું છું. ' મતલબ કે આ પૃથ્વીના કેન્દ્રસ્થાને તે મનુષ્ય પ્રકાશે છે; એટલે મધ્યભાગે આવેલા ઊંચા માંચડા પર બેઠેલા મનુષ્ય પર બધાંની આંખો જેમ મંડાય છે, તેમ પૃથ્વીભરના લોકોની દૃષ્ટિ આવા સાધુ પુરુષ પ્રત્યે ખેંચાય છે. સમસ્ત ભૂતળ પરના માનવીમંડળમાં તે પ્રમુખના ઉચ્ચાસને સ્થાપિત થાય છે. એ પ્રમાણે પ્રમુખાસને બિરાજતો રહી તે અદિતિને ખોળે જઈ બેસે છે. ' અદિતિ ' એટલે શું ? તો કે ' दिति ' એટલે બંધન અને अ–दिति એટલે અબંધન કહેતાં સ્વતંત્રતા; અર્થાત્ સ્વાતંત્ર્યદેવીના ખોળે જઈને એ બેસે છે; અને પછી તો તે જગતની અંદર સર્વાધિપતિ બની જઈ સરમુખત્યારની માફક પોતાનું કર્તવ્ય બજાવે છે. ઈશ્વર તરફનું આ આશ્વાસન સાંભળીને ભક્તજન ફરીથી આત્મસમર્પણની પ્રતિજ્ઞા કરતાં-કહે છે, કે—(૭) अग्ने हव्यं रक्ष—' હે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજસ્વી દેવતા! આ હવ્ય પદાર્થોને હવે તો તું જ સંભાળ.' મારું જીવન એ જ સર્વ હવ્ય દ્રવ્ય છે. એ આખું ય જીવન હું તને સમર્પી દઉં છું. હવે હું પંડે પણ તારો જ છું. તારે હવે જેમનું કરવું હોય તેમનું કર; હવે તો તારે જ મને સંભાળવાનો છે.

[૩૨મી ટીપણીનો મંત્રભાગ પણ આવો જ છે; એટલે તે મંત્ર પણ અહીં ફરી જોઈ જવો.]

૧૨

पवित्रे स्थो वैष्णव्यौ सवितुर्वः प्रसव उत्पुनाम्यच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः । देवीरापोअग्रेगुवो अग्रेपुवोऽग्र इममद्य यज्ञं नयताग्रे यज्ञपतिᳬं सुधातुं यज्ञपतिं देवयुवम् ॥ १२ ॥

(१) वैष्णव्यौ पवित्रे स्थः (२) सवितुः प्रसवे, अच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः, वः उत्पुनामि (३) देवीः आपः अग्रेगुवः अग्रे पुवः (४) अद्य इमं यज्ञं अग्रे नयत (५) यज्ञपतिं सुधातुं देवयुवं यज्ञपतिं अग्रे नयत

(१) वैष्णव्यौ पवित्रे स्थः એટલે 'વિષ્ણુ કહેતાં સર્વ-વ્યાપક ભગવાનની શક્તિથી સંયોજિત થયેલાં પવિત્રીકરણનાં બે સાધનરૂપ તમે છો.' મતલબ કે તમારી અંદર આ બે શક્તિઓ છે. પ્રાણ તથા મન આ બે સાધનો પવિત્રીકરણનાં હોઈ એમની અંદર વિલક્ષણ દૈવી શક્તિ ભરેલી છે. પ્રાણની સાધના વડે હઠયોગ અને મનની સાધના વડે રાજયોગ સિદ્ધ થાય છે અને તેને પરિ-ણામે અંદરની તેમ જ બહારની શુદ્ધિ સિદ્ધ થઈને ભક્ત સ્વતંત્રતા દેવીના ખોળે બેસવાનો અધિકારી બને છે. પવિત્રીકરણનાં આ સાધનો પોતાની અંદર છે એવું ભાન મનુષ્યમાં પ્રથમ જાગ્રત થવું જોઈએ, અને તે પછી એ સાધનોના ઉપયોગ દ્વારા પોતાની ઉન્નતિ કરી લેવી જોઈએ. સાધનો નિર્માણ કરી મનુષ્યની આગળ ધરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવાની ફરજ ઈશ્વરની હોઈ તે તેણે પૂર્ણ કરી દીધેલી છે. હવે તો મનુષ્યે જ પોતાનું કર્તવ્ય કરવું રહ્યું. અને એ જ વાત હવેના મંત્રભાગમાં રજૂ થાય છેઃ (૨) सवितुः प्रसवे, अच्छिद्रेण पवित्रेण, सूर्यस्य रश्मिभिः वः उत्पुनामि એટલે કે 'ઉત્પાદક દેવની આ સૃષ્ટિમાં પવિત્રીકરણના કાણાં નહિ એવા સાધન વડે તથા સૂર્યનાં કિરણો વડે તમને બધાંને હું પવિત્ર કરું છું.' ઉત્પાદક પરમેશ્વરની આ સૃષ્ટિમાં શુદ્ધિ માટેનાં તો અનેક સાધનો ભર્યાં પડ્યાં છે; પણ તેમાં સૂર્યકિરણ એ એક બહુ મોટું સાધન છે. સૂર્યકિરણો દ્વારા આ જગતની અંદર પવિત્રતા અથવા શુદ્ધિ સધાય છે. એટલે જ જે લોકો પોતાના ઘરમાં સૂર્યના પ્રકાશને આવવાની સોઈ રાખે છે, તેમનાં ઘરમાં રોગરાઈ દેખા દેતાં નથી. જેઓ પોતાનાં શરીરને સૂર્યસ્નાન કરાવે છે યાને જેઓ શરીરને તડકામાં તપાવે છે, તેઓ જાતે નીરોગી રહે છે. સૂર્યનાં કિરણોમાં, આ પ્રમાણે, શુદ્ધીકરણનો ધર્મ રહેલો છે. ઉપર કહેવાઈ જ ગયું છે, કે આત્માની શક્તિ ધરાવતાં પ્રાણ તથા મન એ બન્ને પણ પવિત્રીકરણનાં સાધનો છે; પણ તે 'અ-ચ્છિદ્ર' કહેતાં છિદ્ર રહિત હોવાં જોઈએ, કાણાં-કૂબડાં ન હોવાં જોઈએ. સાધનોમાં કોઈ પણ જાતનો દોષ-કોઈ પણ પ્રકારની ખોડ-ખાંપણ નહિ હશે, તો જ તે યોગ્ય શુદ્ધીકરણ કરી શકશે, નહિ તો નહિ જ. ગળણી વા ચાળણીના વેહ મોટા થઈ ગયા હોય છે, ત્યારે દૂધ કે ઘી ગાળવાની અથવા લોટ ચાળવાની ક્રિયા જેમ બરાબર થઈ શકતી નથી, તેમ જ પ્રાણ અને મનનાં સાધનો અચ્છિદ્ર કહેતાં ખોડખાંપણ વિનાનાં નિર્દોષ હશે તો જ તે પવિત્રીકરણની ક્રિયા કરી શકશે. આ પ્રમાણે પાણી પણ શુદ્ધિનું એક સાધન છે, એમ હવેનો મંત્રભાગ ઉપદેશે છે. (૩) देवीः आपः अग्रेगुवः अग्रेपुवः– 'દિવ્ય જળ પ્રગતિ કરાવનારું પ્રથમ દરજ્જાનું પવિત્રીકરણ છે.' દિવ્ય જળ એટલે વાદળમાંથી વરસતું શુદ્ધ જળ. વરસાદનું પાણી દ્યુલોકમાંથી આવતું હોવાથી તેને देवीः आपः કહેતાં 'દિવ્ય જળ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવામાં આવે છે. વૃષ્ટિ દ્વારા સળનારું જળ અંદરની તેમ જ બહારની શુદ્ધિ કરનારું છે. ઉપવાસને દહાડે બીજું કશું જ ન ખાતાં કેવળ વરસાદનું પાણી જો પીવામાં આવે, તો તેથી અન્તરશુદ્ધિ સરસ રીતે થાય છે. એ જ પ્રમાણે બાફ અથવા વરાળનું પાણી પણ શુદ્ધિકારક છે. શુદ્ધોદક કહેતાં સ્વચ્છ પાણી એ શરીરની સ્વચ્છતા સાધે છે અને આરોગ્ય અર્પે છે; તેથી કહેવામાં આવ્યું છે, કે-(૪) इमं यज्ञम् अद्य अग्रे नयत –'આ યજ્ઞને આજે જ આગળ લઈ જા' અર્થાત્ આજે જ યજ્ઞની પ્રગતિ કર: એને પાછળ ખેસવીશ નહિ. 'યજ્ઞ' અથવા 'યજ્ઞપુરુષ' એ નામ આત્માનું હોઈ તે વેદોમાં પ્રસિદ્ધ છે. આ યજ્ઞને કહેતાં આત્માને આગળ લઈ જવાનો છે. શારીરિક શુદ્ધિ દ્વારા આત્માની પ્રગતિ થાય છે. શુદ્ધિ એ પ્રગતિનું સાધન છે; એટલા માટે ઉન્નતિની ઇચ્છાવાળાએ આત્મશુદ્ધિ સાધવાનો પ્રયાસ કરવો જોઈએ. પહેલી શરીરશુદ્ધિ પાણીથી થાય છે: સૂર્યનાં કિરણોથી આખા પ્રદેશની તેમ જ શરીરની પણ શુદ્ધિ થાય છે: પ્રાણાયામથી અને મનનથી અન્તરની શુદ્ધિ સધાય છે. આ પ્રમાણે અત્યાર લગીમાં સૂચવાયલાં શુદ્ધીકરણનાં સાધનોનું મહત્ત્વ હોઈ માનવીના ઉન્નતિ–કાર્યમાં તેમની જરૂર પડે છે; એટલા માટે આગળના મંત્રમાં કહેવામાં આવ્યું છે, કે-(૫) यज्ञपतिं सु–धातुं देवं-युवं यज्ञपतिम् अग्रे नयत એટલે કે 'યજમાનને ઉત્તમ સપ્તધાતુઓથી યુક્ત કરીને તથા દેવોનો મળતિયો અથવા ભક્ત બનાવીને આગળ વધાર.' 'યજ્ઞપતિ' એટલે યજ્ઞનું પાલન કરવાવાળો. 'યજ્ઞ' (यज–देवपूजा–संगतीकरण–दानेषु) એટલે જેના યોગે શ્રેષ્ઠજનોનો સત્કાર, લોકોનું સંગઠન અને દુ:ખીઓ પર ઉપકાર થાય એવું શ્રેષ્ઠ કર્મ; એવાં શ્રેષ્ઠ પ્રકારનાં કર્મ કરનારો, તે યજમાન અથવા યજ્ઞપતિ કહેવાય. આ યજ્ઞપતિ 'સુ–ધાતુ' કહેતાં ઉત્તમ ધાતુઓથી યુક્ત બનવો જોઈએ. શરીરની અંદર સાત પ્રકારની ધાતુઓ છે; જેવી કે–રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય. એ સાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાતુઓ ઉત્તમ સ્થિતિમાં જે શરીરમાં હોય, તેને ‘સુ–ધાતુ’ કહેવામાં આવે છે. ઉપર જણાવેલી આત્મશુદ્ધિની ક્રિયાથી શરીરમાંની આ સાત ધાતુઓ ઉત્તમ સ્થિતિમાં રહે છે, ને શરીર નીરોગી અને દીર્ઘાયુ બને છે. તેવી જ રીતે ‘देवयुवम्’ એટલે કે દેવોની સાથે પોતાનો સંબંધ જોડનારો. ભક્ત એ ઈશ્વરની સાથે સંબંધ જોડે છે, એટલે એ ‘દેવ–યુ’ કહેવાય; પરંતુ આ સિવાય પણ આ શબ્દનો અર્થ વધારે વિશાળ છે. પોતાની પ્રાણશક્તિ વધારવા કાજે વાયુ-દેવની સાથે સંબંધ રાખનારો, પોતાની નેત્રશક્તિના વધારા માટે સૂર્યદેવથી સંબંધ બાંધનારો, પોતાની જાતને શુદ્ધ કરવા સારુ જળદેવતાથી મેળ રાખનારો, અને એવી રીતે દેવતાઓની સહાયથી પોતાની ઉન્નતિ કરી લેનારો જે સાધક હોય, તેને પણ ‘देव–यु’ કહેવાય. આટલા વિવેચન પછી આ શબ્દ કેટલો મહત્ત્વનો છે, તે સહજે ધ્યાનમાં આવશે. પોતાના અસ્તિત્વ સારુ, આરોગ્ય સારુ, દીર્ઘાયુષ્ય સારુ અને એકંદરે પોતાની ઉન્નતિ સારુ દેવતાઓ સાથે સંબંધ જોડવો, એ મનુષ્ય માત્રને માટે પરમ આવશ્યક ચીજ છે; અને એ રીતે દેવતાઓની સાથે પોતાનો સંબંધ જે જોડે છે, તેની પ્રગતિ જલદી બને છે.

૧૩

युष्मा इन्द्रोऽवृणीतं वृत्रतूर्ये यूयमिन्द्रमवृणीत वृत्रतूर्ये प्रोक्षिता स्थ। अग्नये त्वा जुष्टं प्रोक्षाम्यग्नीषोमाभ्यां त्वा जुष्टं प्रोक्षामि। दैव्याय कर्मणे शुन्धध्वं देवयज्यायै यद्वोऽशुद्धाः पराजघ्नुरिदं वस्तच्छुन्धामि ॥ १३ ॥

(१) इन्द्रः वृत्रतूर्ये युष्मा अवृणीत (२) यूयं वृत्रतूर्ये इन्द्रम् अवृणीत (३) प्रोक्षिताः स्थ (४) अग्नये जुष्टं त्वा प्रोक्षामि, अग्नीषोमाभ्यां जुष्टं त्वा प्रोक्षामि (५) दैव्याय कर्मणे शुन्धध्वम् (६) देवयज्यायै [शुन्धध्वम्] (७) यत् वः अशुद्धाः पराजघ्नुः तत् वः शुंधामि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) इन्द्रः वृत्रतूर्ये युष्मा अवृणीत કહેતાં-'વૃત્રાસુરના વધ વખતે ઇંદ્રે તારો (જળનો) સ્વીકાર કર્યો હતો.' અને (૨) यूयं वृत्रतूर्ये इन्द्रम् अवृणीत કહેતાં-' તેં (જળે) આ વૃત્રાસુરવધ વખતે ઇંદ્રને સ્વીકાર્યો હતો.' આ એકબીજાની સહાયથી વૃત્રરૂપી શત્રુનો નાશ શક્ય બને છે. અહીં 'ઇંદ્ર' એ આત્માને સ્થાને છે. જેની શક્તિના યોગે ઇંદ્રિયોને 'ઇંદ્રિય' એવી સંજ્ઞા પ્રાપ્ત થઈ, તે શક્તિનો માલિક તે 'ઇંદ્ર' કહેવાય. (જુઓ: મંત્ર નં. ૧ ટીપણી ૭ અને ૪:૪) આ ઇંદ્રનું વૃત્ર સાથે યુદ્ધ ચાલે છે. 'વૃત્ર' એટલે (वृणोति इति वृत्रः યાને જે ઘેરી લે તે) ઘેરી લેનારો; અર્થાત્ કે ચોમેરથી ઘેરો ઘાલનાર, વીંટી વળનાર શત્રુને 'વૃત્ર' સંજ્ઞા મળે છે. જ્વરાદિ વિવિધ વ્યાધિઓ આ શરીરને ઘેરે છે, એટલે આધ્યાત્મિક પરિભાષામાં એ રોગોને 'વૃત્ર' નામે ઓળખાય. જળની સહાયથી એટલે 'જલચિકિત્સા'થી આ રોગોનું નિવારણ થઈ શકે છે; તેથી અહીં 'જળ-ઇંદ્રને કહેતાં જીવાત્માને સહાય કરીને જ્વરાદિ રોગોનો નાશ કરે છે' એમ કહેવામાં આવ્યું છે.

ઇંદ્રે વૃત્રાસુરનો વધ કરતી વખતે જળની મદદ લીધી અને જળે પણ તેને તે વખતે મદદ દીધી. એનો સરળ ભાવાર્થ જોવા જઈએ તો એટલો જ, કે જલચિકિત્સાથી શરીરને ઘેરી વળેલા યાને શરીરમાં વ્યાપી ગયેલા જ્વરાદિ રોગોનો ઇંદ્રે કહેતાં જીવાત્માએ નાશ કર્યો. જળ શુદ્ધિ કરે છે: અને શુદ્ધિ વા સ્વચ્છતા કે સફાઈ એ આરોગ્યનું મૂળ હોવાથી જળને આરોગ્યદાતા પણ કહી શકાય જ. વૃત્રના વધ પછી જળપ્રવાહ વહેવા માંડે છે, એનો અર્થ એવો થાય, કે જ્વરનો પરાજય થયો એટલે કે તાવ ઊતરી ગયો એટલે પસીનો છૂટવા માંડે છે. જળનું મહત્ત્વ કેટલું બધું છે, તે આ મંત્રભાગો દ્વારા ઉત્તમ રીતે બતાવવામાં આવ્યું છે. મનુષ્યની ઉન્નતિ માટે આરોગ્ય, શક્તિ અને દીર્ઘાયુષ્યની જરૂર છે; અને તે જળથી મેળવી શકાતાં હોવાથી આરોગ્યને અર્થે જળનો ઉપયોગ કરતા રહેવાનું સૂચવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) प्रोक्षिताः स्थ એટલે કે '(જળ'ના સિંચનથી) તમે પવિત્ર થયા છો.' જળ છંટાવાને લીધે જાતે પવિત્ર થવાય છે, અને તે જળના યોગે ઇતર જનો અને જણસો પણ શુદ્ધ થાય છે. મતલબ કે જળના સંસર્ગથી સર્વની શુદ્ધિ થાય છે. શુદ્ધિનો આ નિયમ જ છેઃ (૪) अग्नये जुष्टं त्वा प्रोक्षामि, अग्नीषोमाभ्यां जुष्टं त्वा प्रोक्षामि એનો અર્થ એવો થાય, કે "અગ્નિ અને સોમ દેવોને પ્રિય થઈ પડેલો એવો જે તું તેને હું (જળસિંચન દ્વારા) પવિત્ર કરું છું." [અત્રે મંત્ર ૧૦ની ૨,૩ વાળી ટીપણી જુઓ.] અગ્નિ તથા સોમ દેવતાઓને જે પ્રિય હોય, તે તેને પવિત્ર કિંવા શુદ્ધ કરીને અર્પણ કરવું જોઈએ. આ નિયમ બરાબર સમજવા સારુ આપણે અહીં જઠરાગ્નિનો દાખલો તપાસીશું. જઠરાગ્નિને કેટલુંક ધાન પ્રિય હોય છે, અને કેટલુંક અપ્રિય હોય છે. જેને જે પચે તે તેને પ્રિય છે એમ સમજવું. હવે જેના જઠરાગ્નિને જે ખોરાક પ્રિય હોય યાને માફક આવતો હોય, તે જ ખોરાક તેને આપવાનો હોય, તો તે ખોરાકના પદાર્થને શુદ્ધ, સ્વચ્છ અને નિર્દોષ કરીને જ આપવાનો હોય. તેવું થાય તો જ તે પચીને શરીરને પુષ્ટિદાતા નીવડે. બીજા અગ્નિઓની બાબતમાં પણ આમ જ સમજવાનું. આપણા શરીરમાં જઠરાગ્નિ જેવા જ બીજા અનેક અગ્નિઓ છેઃ જેવા કે–પ્રાણાગ્નિ, જ્ઞાનાગ્નિ, વાગગ્નિ, કામાગ્નિ ઇત્યાદિ.–એ બધા અગ્નિઓ અગ્નિ દેવતાની જ વિભૂતિઓ હોઈ, તે પ્રત્યેક અગ્નિને પ્રિય થઈ પડનારા પદાર્થો નિરનિરાળા છે. એ ભિન્ન ભિન્ન પદાર્થો શુદ્ધ અને નિર્દોષ કરીને જ જે તે અગ્નિને સમર્પવા જોઈએ. શરીરની અંદર જે ભાગો ઉષ્ણ અને ઉદ્દીપક કહેતાં ઉત્તેજન પામનારા છે તે અગ્નિરૂપ હોઈ જે ભાગો શાંત અને શિથિલ છે તે સોમરૂપ છે. આ પ્રમાણે આ શરીર અથવા આ જગત 'અગ્ની–ષોમીય' છે, એટલે કે અગ્નિ અને સોમથી ભરેલું છે. એની સુસ્થિતિ વા તંદુરસ્તી સારુ એને જે જે કંઈ આપવાની આવશ્યકતા હોય, તે તે સામગ્રી શુદ્ધ કરીને જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતા રહેવાની ખાસ જરૂર છે. જઠરાગ્નિને (માફક આવતો) શુદ્ધ ખોરાક આપતા રહેવાથી જઠરાગ્નિ તેજ રહે છે, મંદ પડતો નથી; અને પરિણામે તે શારીરિક વિકાસનું સાધન નીવડે છે. એ જ પ્રમાણે બીજા અગ્નિઓ તથા સોમની બાબતમાં પણ સમજી લેવું. (૫) दैव्याय कर्मणे शुन्धध्वम् કહેતાં 'દિવ્ય કર્મ કરવા સારુ તમે આ પ્રમાણે શુદ્ધ અને પવિત્ર યાને નિર્દોષ થાઓ.' તાત્પર્ય કે તમારે હાથે દિવ્ય કર્મ થાય એવી જો તમારી ઇચ્છા હોય, તો તમે આ રીતે અંદરથી શુદ્ધ, પવિત્ર અને નિર્દોષ બનો. તમારે હસ્તે દિવ્ય કર્મો થશે, તો જ તમે ઉન્નત થશો; અને જો આસુરી કર્મો થશે, તો અધોગતિ પામશો; એટલા માટે તમારે હાથે આસુરી કર્મો ન થતાં દૈવી કર્મો જ થતાં રહે તે સારુ તમારે પોતાની કાયિક, વાચિક અને માનસિક શુદ્ધિ કરવાની જરૂર છે. (૬) देवयज्यायै शुन्धध्वम् એટલે કે 'દેવોનું પૂજન કરવા સારુ શુદ્ધ થાઓ.' તમારો સત્કાર દેવોને સ્વીકાર્ય બને તેટલા સારુ શુદ્ધ થાઓ. મંત્ર નં. ૨ : ટીપણી ૧ થી ૫ માં 'પિંડ–બ્રહ્માંડ–ન્યાય' સમજાવ્યો છે, તે આ ઠેકાણે ફરી જોઈ જવો. જે દેવતાઓનું પૂજન કરવાનું હોય, તે દેવો આધ્યાત્મિક દૃષ્ટિએ શરીર મધ્યે નેત્રાદિ ઇંદ્રિયો રૂપે, આધિભૌતિક દૃષ્ટિએ જનસમાજમાં બ્રાહ્મણાદિ વર્ણોરૂપે અને જગતમાં સૂર્યાદિ દેવતાઓ રૂપે સમજવાના છે. એ બધાનું પૂજન કરીને ઉન્નતિ સાધવાની છે. શરીર મધ્યે નેત્ર, કર્ણ, નાસિકા આદિ દેવ છે; તેમને શુદ્ધ અને સરળ આચરણવાળાં રાખીને તેમને સત્કાર પામવાને યોગ્ય બનાવવાં. રાષ્ટ્ર અથવા સમાજમાં (બ્રાહ્મણ) જ્ઞાની, (ક્ષત્રિય) શૂર, (વૈશ્ય) ધની, અને (શૂદ્ર) કારીગર એ ચાર દેવતાઓ છે; અને તેઓ જ્ઞાનદેવ, વીર્યદેવ, ધનદેવ અને કર્મદેવ કહેવાય છે. તે પૈકી જેઓ શુદ્ધાચરણી હોય, તેવાનો જ સત્કાર કરવાનો છે. તે જ પ્રમાણે જગતમાં જળ, વાયુ આદિ અનેક દેવો છે. જેમના પર સઘળાંના જીવનનો આધાર છે, તેમનું પૂજન તો થવું જ જોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને? આમ આ ત્રણે ક્ષેત્રોના દેવોનો સત્કાર કરતા રહેવાની મનુષ્યની પરમ ફરજ છે. એ ફરજ યથાયોગ્ય બજાવવા ખાતર મનુષ્યે સહુથી પ્રથમ પોતાની જાતની શુદ્ધિ કરવી જોઈએ. જાતે શુદ્ધ થઈને શુદ્ધ ભાવનાપૂર્વક દેવોનો ઉત્તમ પ્રકારે સત્કાર જો કરાશે, તો તેઓ પોતાની શક્તિ દ્વારા યાજકની ઉન્નતિ કરશે જ. શુદ્ધિ કરવાની શી જરૂર? તે સમજાવવા આ પછીના મંત્રભાગમાં કહ્યું છે, કે (૭) यत् वः अशुद्धाः पराजघ्नुः तत् वः शुन्धामि અર્થાત્ 'તમે જો અશુદ્ધ રહો, તો નક્કી પરાભવ પામો; એટલા માટે જ હું તમારી શુદ્ધિ કરું છું.' આત્મશુદ્ધિનો અભાવ અને અંતઃકરણમાં અપવિત્ર વિચારોની અથવા બીજા કોઈ પણ તરેહના દોષની હાજરી આજે આપણા પરાભવનું મુખ્ય કારણ છે. એટલા સારુ વિજય મેળવવાની જેમની ઇચ્છા હોય, તેમણે પોતાની જાતની શુદ્ધિ કરવી એ પરમ આવશ્યક બાબત છે. આધ્યાત્મિક દૃષ્ટિએ આ ઉપદેશનો વિચાર કરીએ, તો-પોતાના શરીર માંહેલા રોગાદિ શત્રુઓ સાથેની લડાઈમાં વિજય મેળવવો હોય, તો—પોતાના શરીરની આંતર—બાહ્ય શુદ્ધિ અવશ્ય થઈ હોવી જોઈએ. રાષ્ટ્રીય શત્રુઓ સામે લડીને વિજય સંપાદન કરવો હોય, તો પણ રાષ્ટ્રના ઘટકરૂપ જનસમુદાયમાં ઉચ્ચાર, વિચાર અને આચાર સંબંધી શુદ્ધતા થઈ હોવી જોઈએ; અર્થાત્ કે વિશુદ્ધિ થઈ હોય, તો જ વિજય મેળવી શકાય છે. **અશુદ્ધિથી પરાજય અને શુદ્ધિથી વિજય**-આ સોનેરી નિયમ વાચકોએ અત્રે લક્ષમાં લેવો.

૧૪

शर्मास्यावधूतꣳरक्षो वधूता अरातयो अदित्यास्त्वगसि । प्रतित्वादितिर्वेत्तु । अद्रिरसि वानस्पत्यो ग्रावासि पृथुबुध्नः प्रति त्वादित्यास्त्वग्वेत्तु ॥ १४ ॥

(१) शर्म असि (२) रक्षः अवधूतम् –अरातयः अवधूताः (३)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अदित्याः त्वक् असि (४) अदितिः त्वा प्रतिवेत्तु (५) वानस्पत्यः अद्रिः असि (६) पृथुबुध्नः ग्रावा असि (७) अदित्याः त्वक् त्वा प्रतिवेत्तु

(૧) शर्म असि કહેતાં ' તું સુખ સ્વરૂપ છે.' તારું મૂળનું સ્વાભાવિક સ્વરૂપ સુખમય છે, તે લક્ષમાં રાખ. મૂળના શુદ્ધ સ્વરૂપ પર થોડો પણ ડાઘ પડયો અથવા કલંક લાગ્યું, કે લાગલું દુઃખ ઊપજે છે; તેથી કરી મનુષ્ય પોતાની શુદ્ધિ કાયમ રાખે એ અત્યંત આવશ્યક છે. આત્મશુદ્ધિ એ જ સુખનું સાધન છે. એવી શુદ્ધિ સિદ્ધ થતાં શું થાય છે, તે જુઓઃ—(૨) रक्षः अवधूतम् अरातयः अवधूताः એટલે ' રાક્ષસ દૂર થયો, શત્રુ કિંવા અનુદાર દૂર થયા. (આવો અનુભવ તને આવવા લાગશે.) જાતની વિશુદ્ધિ સધાતાં શત્રુઓ માર્ગમાંથી ખસી જાય છે અને આપણે શત્રુ રહિત બન્યા છીએ એવો અનુભવ થવા માંડે છે. એવો અનુભવ પામવાનો અધિકાર મનુષ્ય માત્રને છે. [આ જ પ્રકારનો ભાવ મંત્ર ૭ : ૧ થી ૭:૪ મા મંત્રભાગોમાં છે, તે ટીપણીઓ સાથે અત્રે જોઈ જવો.] શરીર મધ્યેનો રાક્ષસ તે રોગબીજ; અને રાષ્ટ્ર મધ્યેના રાક્ષસ તે સમાજમાં-ના દુષ્ટ અને આતતાયી મનુષ્યો. તેઓ આક્રમણ કરીને તેમને પીડે છે. રોગબીજો શરીરના બીજા અણુઓને બગાડે છે અને આતતાયી માણસો સજ્જનોને સતાવે છે; એટલા માટે કોઈએ પણ એમને વશ ન થવું, સ્વાધીન વૃત્તિથી રહેવું. આત્મશુદ્ધિ દ્વારા એમનું નિવારણ કરી શકાય એમ મંત્ર ૧૩ : ૫ થી ૧૪:૨ સુધીના મંત્રભાગોમાં દર્શાવ્યું છે. એવી આત્મશુદ્ધિ કરવાને મનુષ્ય સ્વતંત્ર છે કે નહિ એવી શંકા કોઇને આવે, તેનું સમાધાન કરવાને આગળનો મંત્રભાગ કહે છે, કે–(૩) अदित्याः त्वक् असि યાને ' તું અદિતિ કહેતાં સ્વતં-ત્રતાની ચામડી છે.' दिति એટલે 'બંધન, પરતંત્રતા, દીનતા, ખંડિત થવું તે, કમી થવું તે'; અને अदिति એટલે 'બંધનમાંથી મુક્તિ, સ્વાતંત્ર્ય, અદીનતા, અખંડિતતા, અપાર વૃદ્ધિ.' **દિતિથી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૈત્ય, અસુર અને રાક્ષસનો જન્મ થાય છે; અને અદિતિથી આદિત્ય, દેવ અને સુર પેદા થાય છે. અદિતિની દૈવી સંપત્તિ છે, ત્યારે દિતિની આસુરી સંપત્તિ છે. આ બધો ભાવ વ્યક્ત કરવાને આપણે 'અદિતિ' નો અર્થ 'સ્વાધીનતા' એવો સમજીશું, પણ તેમ કરતાં 'અદીનતા' 'બંધનમાંથી મુક્તિ' વગેરે બીજા બધા અર્થો પણ વાચકોએ વીસરવાના નથી. 'સ્વાધીનતા' એ અર્થ ઘટાવતાં આ સંત્રભાગનો અર્થ આવો થાય, કે–'હે મનુષ્ય! તું સ્વાધીનતાની ત્વચા છે.' 'ત્વક્' શબ્દનો અર્થ 'ત્વચા, ચામડી, છાલ કિંવા બાહ્ય આચ્છાદન' એવો થાય. અહીં '**આચ્છાદન**' કહેતાં ઢાંકણુ વા ઉપરનું પડ એ અર્થ બંધ બેસે છે. એ અર્થમાં લેતાં 'હે મનુષ્ય! તું સ્વતંત્રતાનું આચ્છાદન કિંવા ઢાંકણુ છે'; અર્થાત્ કે સ્વતંત્રતા, સ્વાધીનતા, અદીનતા એ તારી અંદર છે. તું તેમને વ્યાપીને તેમના ઉપર પથરાઈ રહ્યો છે. પરતંત્રતા, દીનતા અને પરસ્વાધીનતા એ મનુષ્યનાં સ્વાભાવિક લક્ષણ નથી, પણ વિકૃત લક્ષણ છે. માનવીની સ્વાભાવિક પ્રકૃતિ તો સ્વાતંત્ર્ય, અદીનતા, સ્વાધીનતા એ જ હોય. આ સત્ય બરાબર પિછાની લઈને મનુષ્યે પોતે 'આત્મશુદ્ધિ દ્વારા રોગાદિ બંધનોથી મુક્ત થવું, આતતાયીઓ અગર જુલમગારોની ભીંસમાંથી જનતાને છોડાવવી' એવી ઉત્કૃષ્ટ ઇચ્છા સેવવી જોઈએ. એવી ઇચ્છા રાખવી અને તે ઇચ્છાને પૂર્ણ કરવા સારુ પ્રયત્ન કરવો એ મનુષ્યની સ્વાભાવિક પ્રવૃત્તિ જ છે; છતાં કેટલાક પ્રતિકૂળ સંજોગોને કારણે મનુષ્ય હલકી ભાવનાને વશ થઈ ઊલટાં આચરણ કોઈ કોઈ વાર કરે છે. એટલા સારુ આ વેદ ઉપદેશ છે, કે–(૪) अदितिः त्वा प्रतिवेत्तु યાને 'સ્વાધીનતા તને ઓળખો;' એટલે કે સ્વાધીનતા તને સુપરિચિત હોય, અદીનતા તને વરેલી હોય. સ્વાતંત્ર્ય તારાથી રીસાયલું ન રહેવું જોઈએ; કારણ કે તું સ્વતંત્રતાને વ્યાપનારો, સ્વતંત્રતાને ઘેરનારો કિંવા સ્વતંત્રતાનો માલિક છે. આવા સ્વભાવસિદ્ધ સ્વાતંત્ર્ય ભાવવાળા પુરુષને સ્વતંત્રતાના લાભની ખબર હોવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ; નહિતર જાતે શ્રીમંત હોવા છતાં ચિંગૂસ મનુષ્ય જેમ નિર્ધન જેવું વર્તન રાખે છે, તેમ જ આ મનુષ્ય સ્વભાવ થકી અદીન અને સ્વતંત્ર હોવા છતાં પણ કેટલાંક કારણોને લઈ તે દીન અને પરતંત્ર બનતો જણાય છે. આ બહારનાં કારણોને લઈ મનુષ્ય ધ્રૂજી કે ડગી ન જાય એટલા માટે આગળના મંત્રભાગમાં કહેવામાં આવે છે, કે–(૫–૬) वानस्पत्यः अद्रिः असि पृथुबुध्नः ग्रावा असि અર્થાત્ 'વનસ્પતિથી ભરેલો પર્વત જેવો હોય છે તેવો જ તું છે; ઊંડા મૂળવાળા ખડક જેવો તું સુદૃઢ છે.' મોટાં મોટાં વૃક્ષવેલાવાળો પર્વત જેવી રીતે સુદૃઢ હોય છે–તેના પર ધોધમાર વરસાદ વરસે અથવા વાવાઝોડાના સપાટા પડે તો ય તે પોતાને સ્થાનકેથી હાલતો સરખો નથી પણ જ્યાંનો ત્યાં સ્થિર રહે છે, તેવી જ રીતે મનુષ્ય પણ વિવિધ આફતોના તડાકા આવી પડે ત્યારે ડગમગી ન જતાં સ્થિર રહી શકે છે. જેમ મોટા મોટા પર્વત સમા પથરા, શિલા અથવા પહાણાને જમીનની અંદર પુષ્કળ ઊંડા દાટવામાં આવે છે તો તે પોતાની જગ્યાએથી ચસકતા નથી પણ સ્થિર ઊભા રહે છે, તે જ પ્રમાણે સદાચરણ તથા સંયમના સુદૃઢ પાયા પર ઊભેલો માનવી પણ સુખદુઃખથી ચલવિચલ ન થતાં પોતાના કર્તવ્યક્ષેત્રમાં એકસરખો સ્થિર રહે છે. મતલબ કે બાહ્ય સંકટોના ઝપાટાથી ડગમગી જઈ મનુષ્યે સ્વકર્તવ્યથી ભ્રષ્ટ ન થવું. એ પ્રમાણે થશે, તો મનુષ્ય અદીનતા, સ્વતંત્રતા અને સુદૃઢતાપૂર્વક પોતાના સબળા શત્રુઓને દૂર હઠાવી દઈ પોતાના સ્વપ્રકાશથી ઝળહળવા લાગશે. આ જાતની શક્તિ તારામાં પ્રકટે તેટલા ખાતર તને તારા સ્વરૂપનું ભાન થવા દે. (૭) अदित्याः त्वक् त्वा प्रतिवेत्तु એટલે 'અદીનતાનું આવરણ તને પરિચિત હો એટલે પ્રાપ્ત થાઓ.' અદીનતાનું ઢાંકણ તને પોતાની અંદર સમાવી લો; એટલે કે તું અદીનતાની ઓથ તળે જઈને રહે–તારી ચારે કોર અદીનતા અને સ્વાધીનતાનું જ વાતાવરણ જમાવ. [જુઓ મંત્ર નં. ૧૪ : ૩, ૪] તારું સમસ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણ જ અદીનતા અને સ્વાધીનતાના વિચારોથી ભરપૂર હોવું જોઇએ. અદીનતાનું આચરણ એ જ મનુષ્યનું અસલ સ્વરૂપ છે. તે અસલ સ્વરૂપનું તેને ભાન થવું જોઈએ. એ અસલ સ્વરૂપનું વિસ્મરણ થયે ન ચાલે. 'હું દીનતાના કીચડમાં ખદબદનારો કીડો નથી, પણ દીનતા નામને ફગાવી દઈ પોતાની સ્વાધીનતા જાળવી રાખવાને શક્તિમાન છું' એ વાત મનુષ્યે હરહમેશ યાદ રાખવી. કોઈ કહેશે, કે અજ્ઞાન–અંધકારને કારણે એ ભુલાઈ જવાનો સંભવ છે. એના જવાબમાં, 'મનુષ્યના આત્માનું સ્વરૂપ કોઈ પણ પ્રકારના અંધકારથી મુક્ત છે; કારણ કે તે સાક્ષાત્ પ્રકાશ સ્વરૂપ જ છે.' એમ બતાવવા કહે છે, કે—

૧૫

अग्नेस्तनूरसि वाचो विसर्जनं देववीतये त्वा गृह्णामि बृहद्ग्रावासि वानस्पत्यः स इदं देवेभ्यो हविः शमीश्वसुशमि शमीश्व। हविष्कृदेहि हविष्कृदेहि ॥ १५ ॥

(१) अग्नेः तनूः असि (२) वाचः विसर्जनम् (३) देववीतये त्वा गृह्णामि (४) वानस्पत्यः बृहद्ग्रावा असि (५) स देवेभ्यः इदं हविः शमीष्व (६) सुशमि शमीश्व (७) हविष्कृत् ! एहि (२)

(१) अग्नेः तनूः असि યાને 'તું અગ્નિદેવનું શરીર છે;' એટલે કે–હે મનુષ્ય ! તારો આત્મા એ અગ્નિ સ્વરૂપ છે અને તારું શરીર તે એ અગ્નિના દેહરૂપ છે. પ્રકાશસ્વરૂપ આત્માગ્નિ તારા શરીરમાં એક સરખો ઝળહળે છે; એટલે જ્યાં પ્રત્યક્ષ અગ્નિ ભભૂકતો હોય, ત્યાં પછી અંધકારનું નામનિશાન પણ ક્યાંથી સંભવે ? માટે હે મનુષ્ય ! તારી સોડે અજ્ઞાનાદિ અંધકાર આવે એ શક્ય જ નથી; પરંતુ તું પોતાની મેળે જ જો પ્રકાશને છાંડી જાય અને ઝાંખો પડતો જાય, તો તો પછી અજ્ઞાનનો અંધકાર તને ઘેરી વળે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ ન થાય એટલા માટે તારો સ્વપ્રકાશ ઝાંખો પડવા ન પામે તેવી તજવીજ તારે રાખવી ઘટે. મનુષ્યનો બીજો એક વિશેષ ધર્મ છે; ને તે એ, કે—(૨) वाचः विसर्जनं યાને 'વાણીનું વિસર્જન કરવું.' એ તારો વિશેષ ધર્મ છે. વાણી વદવી-શબ્દનો ઉચ્ચાર કરવો, આત્માનો ગુપ્ત સંદેશો શબ્દો દ્વારા પ્રકટ કરવો, એ તારો મહત્ત્વનો સ્વભાવ છે. બીજાં પ્રાણીઓને પણ અમુક અમુક શબ્દો ઉચ્ચારતાં આવડે છે ખરું; પરંતુ મનુષ્યની અંદર વાગ્‌-વિસર્જનની આ શક્તિ જેટલા પ્રમાણમાં ખીલી છે, તેટલા પ્રમાણમાં તો બીજાં કોઇ પણ પ્રાણીમાં નથી ખીલી. મનુષ્ય અને બીજાં પ્રાણીઓ વચ્ચે કોઈ પણ એક મહાન ભેદ રહ્યો હોય, તો તે આ જ છે; મનુષ્ય વાણી દ્વારા પોતાના મનોગત ભાવો સારી રીતે પ્રગટ કરી શકે છે, ત્યારે બીજાં પ્રાણીઓથી તેમ થઈ શકતું નથી. મનુષ્યનું મનુષ્યત્વ આ વાગ્વિસર્જન શક્તિમાં જ રહ્યું છે. બીજી બધી ભાવનાઓ ઇતર પ્રાણીઓમાં પણ હોય છે: આહાર, નિદ્રા, ભય, મૈથુન વગેરે અનેક તરેહની ભાવનાઓ મનુષ્ય તેમ જ પશુ-પ્રાણીની અંદર એકસમાન હોવા છતાં વાકશક્તિની બાબતમાં મનુષ્ય બીજાં પ્રાણીઓથી જુદો પડે છે. માત્ર વાકશક્તિ જ બીજાં પ્રાણીઓમાં નથી. મનુષ્યની વિશેષતા આ જ બાબતમાં છે. મનુષ્યનું મનુષ્યપણું આ વાચાશક્તિ પર જ અવલંબેલું હોવાથી એ શક્તિનો ઉપયોગ મનુષ્યે ખૂબ સંભાળપૂર્વક કરકસરથી કરવો જોઈએ. અર્થાત્ જે શબ્દપ્રયોગથી પોતાની માણસાઈને ડાઘ લાગે, તેવો કોઈ જ શબ્દ પ્રયોગ મનુષ્યે કદાપિ ન કરવો. વાણી દ્વારા મનુષ્યે શુદ્ધ વિચારોનો પ્રવાહ જ ચાલુ રાખવો જોઈએ. એમ થતાં જ મનુષ્ય સુખમય બની જશે એટલે મનુષ્યના સુખનો અવધિ નહિ રહે. મનુષ્યની ઘણાખરી આપત્તિનું મૂળ તેની વાક્શક્તિ અથવા શબ્દશક્તિના દુરુપયોગની અંદર જ રહેલું હોઈ તેનાથી જ પોષાય છે. માનવીને માથે ઊતરેલાં ઘણાં ખરાં દુઃખો વાણીના આ દુરુપયોગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને જ આભારી છે. આ રહસ્ય બરાબર પિછાની લઈ પ્રત્યેક મનુષ્ય પોતાની વાચાશક્તિનો ઉપયોગ સંભાળીને કરતો રહે. (૩) देववीतये त्वा गृह्णामि એટલે કે 'દેવતાઓના તેજ સારુ હું તારો સ્વીકાર કરું છું.' वीति શબ્દના અર્થ 'ગતિ, ઉત્પત્તિ, તૃપ્તિ, સંતુષ્ટિ, ભોગ, તેજ, પ્રકાશ, શુદ્ધિ' એવા થાય છે. અહીં તેજ અથવા શુદ્ધિ એ અર્થમાં વપરાયો છે. અને તે અર્થ ઘટાવતા મંત્રનો અર્થ એવો થાય, કે 'હે મનુષ્ય ! તું ઉપર પ્રમાણે વર્તીશ એટલે દેવતાઓ દ્વારા તારી શુદ્ધિ થાય એટલા ખાતર હું તને ઊંચકી લઈશ, તારો સ્વીકાર કરીશ ને મારા જેવો બનાવીશ.' આ ઈશ્વરે ભક્તને દીધેલું આશ્વાસન છે. આ મંત્રભાગનો આ એક અર્થ છે. અને તે મનુષ્ય ગભરાઈને ધર્મમાર્ગમાંથી પતિત ન થાય એ ખાતર આ આશ્વાસન મનુષ્યની ધીરજ વધારનારું હોઈ બહુ મહત્ત્વનું છે. આટલી ધીરજ આપ્યા પછી ફરી પાછું આત્મશક્તિનું વર્ણન કરે છે, કે-(૪) वानस्पत्यः बृहद्ग्रावा असि એટલે કે 'તું વનસ્પતિઓથી ઉભરાતો પહાડ છે અથવા એવા પહાડ જેવો સ્થિર છે.' [આ જ ઉપદેશ આ પહેલાં ૧૪ઃ ૫-૬ નંબરના મંત્રભાગોમાં આવ્યો હોઈ તેની ટીપણીઓ અહીં જોઈ જવી.] બહારની આફતોથી ડગમગી ન જવાય એટલી શક્તિ તારી પોતાની અંદર છે એવું ભાન અત્રે કરાવ્યું છે. ઢીલી પોચી રેતીના ડુંગરને વાવાઝોડા ને વરસાદથી ખીવાનું કારણ ખરું; પણ પથ્થરના જ મોટા પર્વતને ગમે તેવા મોટા ઝંઝાવાતથી કે ગમે તેટલા ધોધમાર વરસાદથી પણ ખીવાપણું મુદ્દલ નથી. એથી કરી આપણે આવી રીતે પર્વતની માફક નિર્ભય ને અડગ બનવું જોઈએ. ફાવે તેટલી આફત આવી પડે તોપણ સ્વકર્તવ્યથી વિમુખ ન થવું. આ પ્રમાણે નિર્ભય બનીને તથા પોતાને સ્થાને સુદૃઢ અને સ્થિર રહીને (૫) सः (त्वं) देवेभ्यः इदं हविः शमीष्व યાને 'એવો તું દેવતાઓ સારુ આ હવિ શાંતિથી અર્પણ કર'; અર્થાત્ કે દેવકાર્ય અર્થે સ્વકીય તન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન, ધનનું આનંદપૂર્વક સમર્પણ કરજે; 'કરું કે નહિ ?' એવા સંકલ્પ–વિકલ્પ મનમાં આણતો નહિ, તેમ વેઠઉતાર ફાવે તેમ કરી નાખતો નહિ; પણ (૬) सुशमि शमीष्व કહેતાં જે કંઈ અર્પણ કરવાનું હોય, તે 'ઉત્તમ પ્રકારે અને સુખદાયક રીતે તૈયાર કરીને શાંતિપૂર્વક અર્પણ કરજે.' મતલબ કે કાળજી વિના કે બેપરવાઈથી કરેલું અર્પણ લેખે નથી લાગતું. (૭) हविष्कृत्! एहि કહેતાં "હે હવિ તૈયાર કરનારા ! તું અત્રે આવ." એટલે કે દેવતાઓ અર્થે આત્મસર્વસ્વનું સમર્પણ કરી દેનારા હે માનવી! હવે તું મારી પાસે આવતો રહે. દેવતાઓ કાજે તેં આત્મસમર્પણ કરી દીધું હોવાથી તું દેવતાઓનો જ બન્યો છે એટલે હવે તું આ તરફ આવી જા, રાક્ષસો તરફ જઈશ નહિ. સ્વાર્થરૂપી રાક્ષસનો વિચાર હવે તારા મનમાં ન ઉદ્ભવો!

૧૬

कुक्कुटोऽसि मधुजिह्व इषमूर्जमावद, त्वया वयँ संघातँ संघातं जेष्म, वर्ष वृद्धमसि, प्रति त्वा वर्षवृद्धं वेत्तु, परापूतँ रक्षः परापूता अरातयोऽपहतँ रक्षो वायुर्वो विविनक्तु देवो वः सविता हिरण्यपाणिः प्रतिगृह्णात्वच्छिद्रेण पाणिना ॥ १६ ॥

(१) मधुजिह्वः कुक्कुटः असि (२) इषम् ऊर्जम् आवद (३) त्वया वयं संघातं संघातं जेष्म (४) वर्षवृद्धम् असि (५) वर्षवृद्धं त्वा प्रतिवेत्तु (६) रक्षः परापूतम्, अरातयः परापूताः, रक्षः अपहतम् (७) वायुः वः विविनक्तु (८) हिरण्यपाणिः सविता देवः वः अच्छिद्रेण पाणिना प्रतिगृह्णातु

(१) मधुजिह्वः कुक्कुटः असि એટલે કે 'તું મીઠી જીભવાળો ઉત્તમ વક્તા છે.' તું મધુર બોલી બોલનાર ઉત્તમ વક્તા છે; માટે કડવા શબ્દો ઉચ્ચારીને તારી જીભને કડવી કરીશ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(कुक्कं शब्दं कुटति इति कुक्कुटः) શબ્દનો ઝીણામાં ઝીણો વિચાર કરીને યાને શબ્દો તોળી તોળીને જે વાપરતો હોય, તેનું નામ 'કુક્કુટ.' પ્રત્યેક મનુષ્ય મધુરભાષી બનીને પોતાની મીઠાશથી જગતને મધુર કરે એ ઉન્નતિનો માર્ગ છે. અંતરમાં કટુતાનો વધારો થવા દઈને શબ્દો દ્વારા તેને બહાર ફેલાવા દેનાર મનુષ્યની શક્તિઓ સંકુચિત થવા પામે છે; તેથી આ ઉપદેશ તરફ સાધક ખાસ લક્ષ આપે એ યોગ્ય કહેવાય. પોતાની વાણી દ્વારા કઈ વાત બોલવી તે આ પછીનો મંત્રભાગ બતાવે છે. (૨) इषम् ऊर्जम् आवद અર્થાત્ 'અન્ન તથા બળ સંબંધમાં બોલ.' इष એટલે 'અન્ન, સમર્પણ, શક્તિ, બળ, ઉત્સાહ, સત્ત્વ, રસ, સુખ, વૃદ્ધિ, ઇચ્છાશક્તિ, ધન, દોલતઃ' આટલા બધા એના અર્થ છે. અને ऊर्ज શબ્દના અર્થ 'શક્તિ, બળ, સત્ત્વ, રસ, અર્ક, જીવન, જળ, અન્ન, ઉત્સાહ, આબાદી' એ પ્રમાણે થાય છે. બોલવું તો આ સંબંધમાં જ બોલવું; પેટપૂર અનાજ કેવી રીતે મળે, શક્તિ કેમ કરતાં વધે, ઉત્સાહ કેમ ટકી રહે, સત્ત્વ શું કરવાથી કાયમ રહે, સુખ કેમ વધે, ઇચ્છાશક્તિ કેવી રીતે બળવાન બને, ધનદોલત શી રીતે વધે, દેવકાર્ય માટે આત્મસમર્પણ કરવાની તૈયારી કેમ કરતાં થાય, જીવન કેવી રીતે સુધરે, આ અગર આના જેવા અભ્યુદય તથા નિઃશ્રેયસનાં સાધનો વિષે બોલવું. પોતાનો અધઃપાત થાય અથવા સમાજનું સંકટ વધે, એવા પ્રકારની હીન વાણી ઉચ્ચારવી નહિ. આપણે શું બોલીએ છીએ તેનો હમેશ વિચાર કરીને પરિણામે જે હિતકારક હોય તે જ બોલવું. બોલવાના ક્ષેત્રની આ મર્યાદા છે. પોતાની વક્તૃત્વશક્તિ પર આવો કાબૂ રાખીને બોલનાર મનુષ્યને લોકો શું કહે છે તે જુઓઃ—(૩) त्वया वयं संघातं संघातं जेष्म એટલે 'તારી સહાયથી અમે શત્રુસંઘને જીતી લઈશું.' જે શખ્સ પોતાની મધુર વાણી વડે આમ જનતા પર પ્રભાવ પાડે છે, તેના અનુયાયીઓની સંખ્યા પુષ્કળ વધે છે, સંઘ-શક્તિ ખીલે છે અને જનતાનો વિશ્વાસ બંધાય છે, કે 'આ પુરુષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા શત્રુઓનો ખાતરીથી પરાભવ કરશે.' આવી શક્તિ ઉત્પન્ન થાય તે માટે મધુર ભાષણ કરવાની કલા જેમ ખીલવી જોઈએ; તે જ પ્રમાણે અન્ન, બળ અને તેજ એમની વૃદ્ધિ જેના યોગે થાય તેવા ઉપાય જનતાના દિલમાં ઉતારવાની કલા પણ હસ્તગત કરવી જોઈએ. એને માટે અનુભવની જરૂર હોય છે; તે કંઈક ચોમાસાં વિતાવ્યા બાદ પ્રાપ્ત થાય છે; તેથી કહ્યું છે, કે-(૪) वर्षवृद्धम् असि એટલે 'તું વર્ષોના યોગે વધનારું જ્ઞાન છે.' જેમ જેમ ચોમાસાં તારે માથે વીતતાં જશે, તેમ તેમ તારું અનુભવજન્ય જ્ઞાન વધતું જવાનું છે. આ અનુભવજ્ઞાન જેનું જેટલા પ્રમાણમાં અધિક, તેટલા પ્રમાણમાં તેની યોગ્યતા વધારે હરે છે; પરંતુ એ અનુભવજન્ય જ્ઞાન યાદ રહેવું જોઈએ—ભુલાઈ જાય, તો તેનો કશો અર્થ નથી. એમ સૂચવવા ખાતર કહ્યું છે, કેઃ—(૫) वर्षवृद्धं त्वा प्रतिवेत्तु અર્થાત્ 'વર્ષોના યોગે વૃદ્ધિંગત થયેલું અનુભવજ્ઞાન તને યાદ રહો.' તારા સ્મરણમાં તે રહેવું જોઈએ અથવા નિત્ય તારી સેવામાં હાજર રહેવું જોઈએ. તારાથી તે વિખૂટું ન પડી જવું જોઈએ. એવું જ્ઞાન જેને લાધ્યું હોય છે, તેની આગળ હીન વિચારવાળા લોકો મુદ્દલ ટકી શકતા નથી. (૬) रक्षः परापूतम्, अरातयः परापूताः, रक्षः अपहतम् એટલે કે 'રાક્ષસ દૂર થયો, અનુદાર દૂર થયા, રાક્ષસ મરી ગયો.' જે क्षरति કહેતાં પોતાના દુરાચરણથી ક્ષીણ થાય છે, કિંવા બીજાંને જે ક્ષીણ કરે છે, તે રાક્ષસ કહેવાય છે; અને જે પોતાનાં તન, મન ને ધનનો ઉપયોગ સામાનો નાશ કરવાને, સામાનું નુકશાન કરવાને કામે કરતો હોય ને બીજાંનો ઉદ્ધાર કરવા અર્થે ન કરતો હોય, તે अ-राति=अ-दानी કહેતાં અનુદાર કહેવાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે જેમનામાં અનુભવજ્ઞાન ભરપટ્ટે હોય છે અને તેને પ્રસંગોપાત કેમ વાપરવું, તે પણ જેમને સારી રીતે આવડે છે, તેમની આગળ આ નરરાક્ષસો ઊભા રહી શકતા નથી. [આ સંબંધમાં વધુ વિવરણ ૭:૧ થી ૪ અને ૯:૫ વાળા મંત્રભાગોમાં કરવામાં આવ્યું છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્રે જોઈ જવું.] (૭) वायुः वः विविनक्तु કહેતાં 'વાયુ તમને શુદ્ધ કરો'. વાયુ એ શુદ્ધિ કરનારો દેવ છે. તે પ્રાણરૂપે અંદર જઈને મનુષ્યના શરીરની શુદ્ધિ કરે છે; એટલું જ નહિ, પણ ચિત્તની પણ શુદ્ધિ કરીને તેને એકાગ્ર બનવામાં સહાય કરે છે. શરીર મધ્યે થતી મળશુદ્ધિની ક્રિયા સુદ્ધાં વાયુની ગતિ પર જ આધાર રાખે છે. विविच् એ ધાતુનો અર્થ 'નિરાળું કરવું, પરીક્ષા કરવી, વર્ણન કરવું, એકાંતમાં બેસવું, શુદ્ધ કરવું, અથવા નિર્મળ બનવું' એવો થાય છે. તે પૈકી 'શુદ્ધિ કરવી' એ અર્થ અહીં બંધબેસતો છે. આ મુજબ પ્રાણાયામાદિ સાધનોથી આત્મશુદ્ધિ સિદ્ધ થઈ; એટલે (૮) हिरण्यपाणिः सविता देवः वः अच्छिद्रेण पाणिना प्रतिगृह्णातु યાને 'સુવર્ણ આભૂષણોથી સુશોભિત હાથોવાળા સવિતાદેવ પોતાના છિદ્ર રહિત હાથે તમને પકડો એટલે સ્વીકારો.' માતા જેમ પોતાના પ્રેમાળ હાથો વડે પોતાના બાળકને સોડમાં લે છે, તે જ પ્રમાણે જગન્નિયંતા દેવ પોતાના હાથોનો ઉપયોગ તમારે માટે કરો. આગળ કહ્યા પ્રમાણે શુદ્ધિ સિદ્ધ થઈ, કે તરત જ દેવ તમને પોતાના હાથમાં ઉઠાવી લેશે અથવા પોતાની પાસે સ્થાન આપશે જ આપશે. આડખીલી છે તે માત્ર આત્મશુદ્ધિ પૂરતી જ છે; મતલબ કે પરમેશ્વર ભક્તને હાથ ક્યારે આપે છે તે અત્રે કહેવામાં આવ્યું છે. એના પર વિશ્વાસ રાખીને આત્મશુદ્ધિના કાર્યમાં મનુષ્યે તત્કાળ પરોવાઈ જવું; કારણ કે ઈશ્વરનો હાથ તો સદાકાળ તૈયાર જ છે. 'ખોટી ઉતાવળ કરવાથી કંઈ જ વળશે નહિ' એવું સૂચવવા કહે છે, કે–.

૧૭

धृष्टिरस्यपाऽग्ने अग्निमामादं जहि निष्क्रव्यादꣳसेधा देवयजं वह । ध्रुवमसि पृथिवीं दृꣳह ब्रह्मवनि त्वा क्षत्रवनि सजातवन्युपदधामि भ्रातृव्यस्य वधाय ॥ १७ ॥

(१) धृष्टिः असि (२) हे अग्ने ! आमादम् अग्निम् अपजहि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्रव्यादं निःषेध (३) देवयजम् आवह (४) ध्रुवम् असि (५) पृथिवीं दृंह (६) ब्रह्मवनि क्षत्रवनि सजातवनि त्वा भ्रातृव्यस्य वधाय उपदधामि

(१) धृष्टिः असि યાને 'તું ધૈર્યવાન છે.' ધૃષ્ટિ એટલે 'ધૈર્ય, આત્મવિશ્વાસ, પ્રગતિશીલ વિચાર, ખંત.' આથી કહેવા એ માગે છે, કે આત્મવિશ્વાસ ધરો, ધીરજ અને ખંતપૂર્વક પ્રયત્ન કરો. એવો પ્રયત્ન કરાશે, તો ઉન્નતિ થયા વગર નહિ જ રહે; પરંતુ એવો પ્રયત્ન કરવા ટાણે થોડુંક પથ્ય પાળવાની જરૂર છે. એ પથ્ય આવું છે–(૨) हे अग्ने ! आमादम् अग्निम् अपजहि, क्रव्यादं निषेध કહેતાં 'હે અગ્નિદેવ ! કાચું માંસ ખાવાવાળા અગ્નિને દૂર કર અને માંસાહારીઓનો નિષેધ કર; અર્થાત્ કે કાચું અથવા પકવેલું માંસ ખાનારાંઓને દૂર કરી દે. એવા લોક આપણી અંદર હોય, તો પહેલાં તો તેમને મીઠા શબ્દોમાં તેમ ન કરવાનો ઉપદેશ કરવો; અને એ ઉપદેશને તેઓ ન ગણકારે, તો પછી સમાજમાંથી તેમને દૂર કરી દેવા અથવા તેમનો બહિષ્કાર કરવો. તું પોતે એવું આચરણ રાખીશ મા અથવા માંસભક્ષણ કરીશ મા. આ પ્રકારનું પથ્ય સંભાળીને શું કરવાનું તે સૂચવવા આગળના મંત્રભાગમાં કહ્યું છે, કે–(૩) देवयजम् आवह અર્થાત્ 'દેવપૂજન કરવાવાળાઓને પાસમાં લે.' દેવતાઓનું યજન, પૂજન, અર્ચન અથવા હવન કરનારાઓને સાથમાં લઈ તેમનો સંઘ રચવો ને તેમની સંખ્યા વધારતા રહેવી. મતલબ કે કાચું તેમ પાકું માંસ ખાવાવાળાઓને દૂર કરવા અને દેવતાઓનું યજન–પૂજન કરનારાઓનું સંગઠન કરવું. આ પ્રમાણે પોતાના વિચાર, ઉચ્ચાર અને આચારની શુદ્ધિ સાધીને તે જ દિશામાં પોતાના સમાજની પણ શુદ્ધિ સાધવી. આ રીતે વ્યક્તિ તેમ જ સમાજની પવિત્રતા થઈ જાય એટલે માનવસમાજ ઉન્નતિને પંથે ચઢ્યો જ સમજવો. આ ઠેકાણે કોઈ શંકા કરે, કે 'આમ કરીએ, પણ આ ક્ષણભંગુર જગતમાં આપણું કર્યું–કારવ્યું ક્યાં સુધી ટકવાનું ?' આ શંકાનું નિવારણ કરવા કહે છે, કે–(૪) ध्रुवम् असि અર્થાત્ 'તું સ્થિર છે.' તું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણભંગુર નથી. તું પોતે ક્ષણભંગુર છે એવું જો તને લાગતું હોય, તો તે તારો ભારે મોટો ભ્રમ છે. ક્ષણભંગુર સકળ જગતની અંદર તું પોતે તારા પોતાના આત્મસ્વરૂપથી સ્થાણુ-સ્થિર અને સદાસર્વદા ટકવાવાળો છે. ત્રણે કાળ તારું આત્મસ્વરૂપ બિલકુલ ફેરફાર થયા વગરતું જેમનું તેમ ટકી રહે છે. તું પોતે સ્થિર હોવાથી જે જે કર્મ તું કરે છે, તેના સારાપણા કે બૂરાપણા પ્રમાણે સારા કે બૂરા સંસ્કાર તારા પર પડે છે; એટલા માટે હમેશાં શુભ કર્મો જ કરતાં રહેવું, અને આ ક્ષણભંગુર જગતમાં આપણે પોતે સ્થિર રહેવાવાળા છીએ એવું પાકે પાયે મનમાં ઠસાવવું. એટલા ખાતર જ દેવયાજકોને પાસમાં લેવાનું અને ભક્તજનોના સત્સંગમાં રહી પોતાના શુભ સંસ્કારમાં વધારો કરતા રહેવાનું ઉપર સુચવાયું છે.

(૫) पृथिवीं दृंह એટલે 'તું તારી અંદરના ભૂભાગને સુદૃઢ કર': એટલે કે શરીરની અંદર સ્થૂલ પાર્થિવ ભાગ છે તેને સુદૃઢ બનાવ; તેમ જ બહાર માતૃભૂમિના પ્રદેશને પણ મજબૂત બનાવ. માતૃભૂમિમાં વસતા લોકોનું સંગઠન ઉત્તમ પ્રકારે સાધીને સ્વદેશની તાકાત વધાર; અને તેને એટલો તાકાતવાન બનાવ, કે જેથી તેના પર ચઢી આવવાની હિંમત જ શત્રુઓ ન કરી શકે. તમારી સંઘ-શક્તિમાં વધારો થાય, એટલે તમારા પર હલ્લો કરવાની છાતી જ કોઈની ચાલે નહિ. હવે સંગઠન કેવી રીતે સાધવું તે સમજાવતાં કહે છે, કે—(६) ब्रह्मवनि, क्षत्रवनि, सजातवनि त्वा भ्रातृव्यस्य वधाय उपदधामि એટલે કે 'બ્રાહ્મણ, ક્ષત્રિય અને સજાતીય લોકોનું હિત કરવાવાળો જે તું, તેને શત્રુઓના વધ સારુ પડખામાં ઘાલું છું.' ब्रह्मवनि એટલે (બ્રહ્મ-વનિ) જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે આદરબુદ્ધિ રાખનારો યાને તેમનું હિત કરનારો, क्षत्रवनि એટલે શૌર્ય તથા શૂરવીર માટે આદરબુદ્ધિ રાખનારો તથા તેમનું હિત કરનારો અને सजात-वनि એટલે કે સ્વજાતીય લોકોનો આદર કરનારો તથા તેમનું હિત સાધનારો. આપણા દેશમાં જ્ઞાન વધે અને જ્ઞાની લોકો સારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલતમાં હોય, તેમ જ દેશના શૌર્યમાં વધારો થાય અને શૂરવીર લોકો સારી સ્થિતિમાં હોય તથા સ્વજાતીયોની ઉન્નતિ પણ રાષ્ટ્રીય ઉન્નતિનો વિરોધ કર્યા વગર થાય એવા પ્રકારની મનોબુદ્ધિ જે મનુષ્યોમાં ઉત્પન્ન થાય, તે મનુષ્યોનું સંઘબળ વધવા પામે જ. પોતાની જાતિની કે કોમની ઉન્નતિ કરવાની ના નહિ, પણ તે બીજી કોમોનો વિરોધ કર્યા વગર કરવાની; બીજાંને ભોગે, બીજાંઓનો નાશ કરીને સ્વજાતિને ઉન્નત કરવાની કોશિશ કદી ન થવી જોઈએ. બધાંએ એકજૂથ બનીને, એક બીજાએ સાથે રહીને, જ્ઞાન તથા જ્ઞાની, તેમ જ શૌર્ય અને શૂરવીરના એકીકરણપૂર્વક સહુની જ ઉન્નતિ સાધવી ઘટે. રાષ્ટ્રીય ઉન્નતિનું આ ધ્યેય છે. આ ધ્યેયની સિદ્ધિના માર્ગમાં આડખીલી નાખે, તેનું જ નામ શત્રુ. માનવઉન્નતિની આડે આવનાર એવા શત્રુને કાયમને માટે દૂર કરવો જોઈએ. ફરીવાર તેના તરફથી કદાપિ વિરોધ થવાની વકી ન રહે એવી સ્થિતિમાં તેને આણી દેવો જોઈએ. (૧) "**રાષ્ટ્રમાં જ્ઞાન તથા શૌર્યની ઉન્નતિ થાય, (૨) તેઓ પરસ્પર સહાયક થઈ રહે તથા (૩) સહુ એકત્ર થઈને કોઈનો પણ વિરોધ કર્યા વગર સ્વજાતિની ઉન્નતિ સાધે**" એ સંગઠનનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમ પ્રમાણે ચાલવાની ઇચ્છાવાળો પક્ષ હોય, તે ધાર્મિક પક્ષ કહેવાય; પણ એ ધાર્મિક પક્ષનો વિરોધ કરનાર બીજો પક્ષ હોય છે. તે કહે છે, કે— "(૧) રાષ્ટ્રમાં જ્ઞાન તથા શૌર્ય નહિ વધે તો ચાલશે, (૨) જ્ઞાની તથા શૂરવીર લોકોનું સંગઠન નહિ થાય તો ચાલશે તથા (૩) અમે બીજાંઓની મુદ્દલ પરવા રાખ્યા વગર સ્વજાતિનું હિત સાધીશું, સ્વકોમને ઉન્નત બનાવીશું–પછી તેમ કરતાં બીજા લોકોને સહન કરવું પડે કે મરવું પડે તેનો વાંધો નહિ." આવા પ્રકારના જે લોક હોય છે, તેમના પક્ષ અને ઉપર કહ્યો તે ધાર્મિક પક્ષ એ બેની વચ્ચે વિરોધ તો હોવાનો જ. આવા માનવધર્મ વિરોધી લોકોને માટે '**ભ્રાતૃવ્ય**' કહેતાં પિતરાઈ અને '**સપત્ન**' કહેતાં સાવકાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની સંજ્ઞાઓ વેદમાં વપરાઈ છે. સગા ભાઈઓના દીકરા એક બીજાના ભ્રાતૃવ્ય અગર પિતરાઈ કહેવાય; અને એક જ પુરુષની બે બાઈડીઓના છોકરા તે પરસ્પરના સાવકા ભાઈ કહેવાય. તેવી જ રીતે એક જ પિતૃ દેશના બે પક્ષો: એક ધર્મભાવનાથી ચાલવાવાળો અને બીજો અધર્મ ભાવનાએ ચાલનારો–એ બે પક્ષોના સભ્યો પણ એકબીજાના ભ્રાતૃવ્ય અગર પિતરાઈ કહેવાય છે; અને તે જ પ્રમાણે એક જ માતૃભૂમિમાંના ધર્મભાવના અને અધર્મભાવનાવાળા બે પક્ષોના સભ્યો પરસ્પરના સાવકા કે ઓરમાઈ ભાંડુઓ મનાય છે. જગતની અંદર જે લડાઈઓ, મારામારી, કાપાકાપી ને ચાલબાજીઓ ચાલે છે, તે આ પ્રકારના પિતરાઈ ને સાવકાં ભાંડુઓ વચ્ચે જ ચાલે છે. ધાર્મિક પક્ષને પોતાનો ધાર્મિક પક્ષ સ્થાપવાનો તથા ફેલાવવાનો હોય છે. **ધર્મનું સંસ્થાપન** કરવું એ તો ઇશ્વરનો જ પક્ષ છે, એટલે આ સત્પક્ષનો વિરોધ કરનારાઓનો કાં તો વિચારપલટો કરી તેમને સત્પક્ષમાં લાવવા જોઈ એ, અગર તો પછી કાયમને માટે તેમનો કાંટો કાઢી નાખવો જોઈએ. **વધ** ત્રણ પ્રકારનો હોય છે:—(૧) સતપરિવર્તનથી થનારો, (૨) સ્થાનાંતરથી ઘટનારો અને (૩) દેહનાશથી નીપજનારો. એકાદા મનુષ્યનો પલટો થઈને તે અસત્પક્ષમાંથી નીકળીને. સત્પક્ષમાં આવે, તો અસત્પક્ષમાંથી તેના પૂરતી એક સંખ્યા ઓછી થવાને કારણે એ પક્ષની દૃષ્ટિએ તો તે મર્યો જ ગણાય. બંદીવાસ, બહિષ્કાર કિંવા હદપારી કરવી એ બીજા પ્રકારનો વધ ગણાય; કારણ કે સ્થાનભ્રષ્ટ થતાં તે માણસ સત્પક્ષને પીડવાને અશક્ત બને છે. આ બે વધ અશસ્ત્રવધ છે. માત્ર ત્રીજા વધમાં શરીરનો નાશ થતો હોવાથી તે શરીરવધ કહેવાય. પહેલા વધને **જ્ઞાનવધ,** બીજાને **સ્થાનવધ** અને ત્રીજાને **શરીરવધ**ના નામે પણ ઓળખાય. પહેલા બે પ્રકારના વધ બ્રાહ્મણી ઉપાય હોઈ ત્રીજો ઉપાય એ ક્ષાત્ર ઉપાય છે. કોને પડખામાં લેવો, કોને દૂર હડસેલવો અને સંઘબળથી પોતાની ઉન્નતિ કેવી રીતે સાધવી એની જ કલ્પના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ યજુર્વેદમાં વારંવાર આવવાની છે, અને તેથી આ જ વાક્યો વારંવાર આવવાનાં છે; માટે આ વિવરણ—આ સમજૂત ન વીસરવાની વાચકે પોતાના મનમાં ગાંઠ વાળવી. એમ થશે, તો જ વેદમંત્રોનો આશય તે સરળતાથી સમજી શકશે. નહિ તો આ 'ભ્રાતૃવ્ય' અને 'સપત્ન'ના અર્થ બરાબર ધ્યાનમાં ન રહેવાને કારણે અર્થનો અનર્થ થવાનો પૂરો સંભવ છે. માટે આ કલ્પનાનું મનન વાચકોએ આ દૃષ્ટિએ સાવધાનીપૂર્વક કરવું.

૧૮

अग्ने ब्रह्म गृभ्णीष्व धरुणमस्यन्तरिक्षं दृꣳह ब्रह्मवनि त्वा क्षत्रवनि सजातवन्युपदधामि भ्रातृव्यस्य वधाय । धर्त्रमसि दिवं दृꣳह ब्रह्मवनि त्वा क्षत्रवनि सजातवन्युपदधामि भ्रातृव्यस्य वधाय। विश्वाभ्यस्त्वाशाभ्यउपदधामि चितस्थोर्ध्वचितो भृगूणामङ्गिरसां तपसा तप्यध्वम् ॥ १८ ॥

(१) अग्ने ! ब्रह्म गृभ्णीष्व (२) धरुणम् असि (३) अन्तरिक्षं दृꣳह (४) ब्रह्मवनि० (१७:६) (५) धर्त्रम् असि (६) दिवं दृꣳह (७) ब्रह्मवनि० (१७:६) (८) विश्वाभ्यः आशाभ्यः उपदधामि (९) चितः स्थ (१०) ऊर्ध्वचितः भृगूणाम् अंगिरसां तपसा तप्यध्वम्

(૧) हे अग्ने! ब्रह्म गृभ्णीष्व એનો શબ્દાર્થ 'હે તેજસ્વી પુરુષ! તું જ્ઞાનનો સ્વીકાર કર!' એવો થાય; અને ભાવાર્થ એ, કે—'જ્યાં જ્યાંથી જ્ઞાન મળી આવે ત્યાં ત્યાંથી મેળવીને તારી અંદર સંઘરી લે. તું અગ્નિ પ્રમાણે તેજસ્વી હોઈ તારી અંદર જ્ઞાનાગ્નિ સતેજ બન્યો છે; તેથી તારો પ્રકાશ અધિક ને અધિક વધે એટલા ખાતર તારા જ્ઞાનમાં વધારો કરતો રહે. જ્ઞાન એ જ સર્વ ઉન્નતિનું મુખ્ય સાધન છે.' (૨) धरुणम् असि એટલે 'તું ધારક છે' એટલે કે તું બીજાઓને આધાર આપવાવાળો છે. જો, તારા આત્માએ આ શરીરને આધાર આપીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને જીવંત યાને ચેતનવંતું કર્યું છે. એ એક જ બાબત તારી ધારક અને પોષક શક્તિને પુરવાર કરવાને બસ છે. તારી અંદર એ શક્તિ છે તેથી જ તને કહેવાનું, કે–(૩) अन्तरिक्षं दृंह એટલે 'અંતરિક્ષને દૃઢ કર!' અંતરિક્ષ એ તારી પોતાની અંદર અંતઃકરણના રૂપમાં છે, તેને તું સુદૃઢ કહેતાં બળવાન બનાવ. તારી આધાર-શક્તિ યાને તારો અંતરાત્મા તેને બળવાન કર; કારણ કે એની શક્તિના પાયા પર જ તારા સકળ પુરુષાર્થની રચના થવાની છે. [આ ઠેકાણે ૧૬ થી ૨૦ વાળા મંત્રભાગો જોઈ જવાથી આપણી પોતાની અંદર અંતરિક્ષ ક્યાં છે તે સમજાશે.] (૪) ब्रह्मवनि [આ મંત્રભાગના અર્થ માટે ૧૭ : ૬ નંબરનો મંત્ર–ભાગ ફરી જુઓ.] (૫) धर्त्रम् असि એટલે 'તું ધારક છે.' પોતાનીશ ક્તિ વડે તું બીજાંને ધારણ કરે છે, બીજાંને આધાર આપે છે. [૨ તથા ૫ નંબરના મંત્રભાગોના અર્થ ઉપલક દૃષ્ટિએ એક સરખા જ દેખાય છે; પરંતુ એ બન્નેમાં પણ ધારક–પોષકના ગુણ એક સરખા ભલે હોય છતાં બન્ને વચ્ચે સૂક્ષ્મ ભેદ એ છે, કે તેમાંનો એક અંતઃ-કરણનો ધારક છે, જ્યારે બીજો બુદ્ધિનો ધારક છે. આ ભેદ આગલા પાછલા મંત્રોનો સંબંધ જોડતાં ધ્યાનમાં આવી શકશે. મંત્ર ૧૭ : ૪ થી ૬ ના ત્રણ મંત્રો સ્થૂલ શક્તિ જોડે સંબંધ દેખાડે છે. ૨ થી ૪ ના ત્રણ મંત્રો અંતઃકરણ સાથેનો સંબંધ દેખાડે છે, અને ૫ થી ૭ ના ત્રણ મંત્રો મસ્તકમાં રહેલી જ્ઞાનશક્તિ જોડેનો સંબંધ દર્શાવે છે. ત્રણે સ્થળે ધારણ–પોષણનો અર્થ એકસરખો હોવા છતાં તેમનાં કાર્ય તેમણે ધારણ કરેલી શક્તિઓના ભેદને કારણે નિર-નિરાળાં છે, એ વાચકોએ લક્ષમાં લેવું.] (૬) दिवं दृंह કહેતાં 'દ્યુલોકને દૃઢ કર.' જેવી રીતે બ્રહ્માંડ વિષે બહારની બાજુએ દ્યુલોક છે, તેવી જ રીતે પિંડની અંદર મસ્તકને ઠેકાણે પણ દ્યુલોક છે. તારા પિંડની અંદરની એ દિવ્ય શક્તિનું સામર્થ્ય તું વધાર. (૭) ब्रह्मवनि० [આ મંત્રનો અર્થ અને ભાવ ૧૭ : ૬ નંબરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્રમાં જોઈ લેવો.] (૮) विश्वाभ्यः आशाभ्यः उपदधामि એટલે કે 'બધી દિશાએથી હું તને પાસે લઉં છું.' અર્થાત્ કે તારું આચરણ જો તું ઉપર પ્રમાણે રાખીશ, તો હું તને તું ગમે તે દિશામાં હશે ત્યાંથી પણ મારી સમીપ ખેંચી લઈશ' આ પ્રમાણે ઈશ્વર મનુષ્યને કોલ આપે છે. એ કોલનો આશય અથવા મર્મ એવો છે, કે કરવામાં આવેલું સત્ય ધર્માચરણ કદાપિ ફોગટ જતું નથી, મનુષ્યને તે પ્રભુની નજદીક પહોંચાડનારું બને છે જ બને છે. (૯) चितः स्थ કહેતાં 'તમે ચેતના (ઉત્પન્ન) કરવાવાળા છો.' મનુષ્યની અંદર ચૈતન્ય-શક્તિ રહેલી છે અને તે પોતાની ચૈતન્ય-શક્તિના યોગે બીજાંની અંદર ઉચ્ચ ચેતના પેદા કરી શકે છે. મનુષ્યની એ વિશેષતા છે; તેથી (૧૦) उर्ध्वचितः भृगूणां अंगिरसां तपसा तप्यध्वम् અર્થાત્ 'ઊર્ધ્વ ભાગો તરફ ચેતના પ્રેરનારો થા અને ભૃગુ તથા અંગિરસના તપોથી (આ ઋષિઓના જેવું તપ આચરીને) તેજસ્વી બન.' મનુષ્યની અંદર ઊંચામાં ઊંચા ભાગ હૃદય અને મસ્તક છે. હૃદયની અંદર ભક્તિની ચેતના પ્રગટવી જોઈએ; અને મસ્તક કહેતાં મગજની અંદર વિચારોની ચેતના પ્રેરાવી જોઇએ. આ પ્રકારની ચેતનાઓની પ્રાપ્તિ બાદ મનુષ્ય તે તે ચૈતન્ય-શક્તિથી વિભૂષિત બને છે ને તેની યોગ્યતા વધે છે. હૃદય તથા મગજની શક્તિના પ્રમાણમાં જ મનુષ્યની યોગ્યતા અંકાય છે. આ ચૈતન્ય-શક્તિની સાથે મનુષ્યને તપની પણ જરૂર છે. **તપ એટલે દ્વંદ્વો સહન કરવાની શક્તિ.** ઠંડી-ગરમી, સુખ-દુઃખ વગેરે જે દ્વંદ્વો છે, તેમને ભલી ભાંતે વેઠનારો **મનુષ્ય જ ઉન્નતિ સાધી લઈ શકે છે.** જેમનાથી શીતોષ્ણતા સહેવાતાં નથી, તેમને હસ્તે ભારે મોટાં કામો થવાની આશા જ ઓછી. વ્યાવહારિક અથવા પારમાર્થિક કાર્ય આપણે હાથે થાય એવી ઇચ્છા જેમની હોય, તેમણે આ શીતોષ્ણાદિ દ્વંદ્વો સહન કરવાનો મહાવરો વધારવો જોઈએ. થોડી પણ ઠંડીથી જેને ટાઢ ચઢી જાય અને થોડી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરમીથી જે અકળાઈ જાય, તેને હાથે ઝાઝો પુરુષાર્થ થવાનો સંભવ નથી. भृगु અને अंगिरस એ શબ્દો તપના બે પ્રકારના સૂચક છે. भृगु શબ્દનો અર્થ 'પર્વત-શિખર' એવો થતો હોઈ આપણા શરીરમાંનો પર્વત તે કરોડરજ્જુ અને તેનું શિખર અથવા માથાનો ભાગ તે શુક્ર એટલે વીર્ય છે. એ સર્વની તાકાત વધારવા સારુ જે તપની જરૂર રહે છે, તે તપનું નામ (भृगूणां तपः) ભૃગુનું તપ છે. જે યોગાનુષ્ઠાનથી ઉપર્યુક્ત શક્તિની શરીરમાં વૃદ્ધિ થાય અને તે જળવાઈ રહે, તે અનુષ્ઠાન તપ કહેવાય છે. એ જ પ્રમાણે 'अंगि-रस' એ શબ્દ પણ અંગમાંના જીવનરસનો સૂચક છે. જે તપશ્ચર્યાથી સઘળાં અવયવોમાં સંચાર કરનારો આ જીવનરસ શુદ્ધ થાય છે અને અંગેઅંગમાં ઉત્તમ સતેજ જીવન ભરતો રહે છે, તે તપના વિધિનું નામ (अंगिरसां तपः) અંગિરસનું તપ છે. આ બે પ્રકારનાં તપશ્ચરણથી મનુષ્યના સ્થૂલ શરીરથી માંડીને તે તેના બુદ્ધિવૈભવ સુધીની સર્વ પ્રકારની શક્તિમાં ઉત્તમ વધારો થાય છે. એથી માનવ-ઉન્નતિની દૃષ્ટિએ વિચારતાં આ બન્ને તપવિધિની કિંમત ખૂબ મોટી ઠરે છે. આવાં તપ આદરવાથી શી ફળ પ્રાપ્તિ થાય છે તે બતાવવા હવે પછીના મંત્રમાં કહે છે, કે:—

१९

शर्मास्यवधूतꣳरक्षोऽवधूता अरातयोऽदित्यास्त्वगसि प्रति त्वादितिर्वेत्तु । धिषणासि पर्वती प्रति त्वादित्यास्त्वग्वेत्तु दिवः स्कम्भनीरसि धिषणासि पार्वतेयी प्रति त्वा पर्वती वेत्तु ॥१९॥

(१) शर्म असि (२) रक्षः अवधूतम् अरातयः अवधूताः (३) अदित्याः त्वक् असि (४) अदितिः त्वा प्रतिवेत्तु (५) पर्वती धिषणा असि (६) अदित्याः त्वक् प्रतिवेत्तु (७) दिवः स्कंभनीः असि (८) पार्वतेयी धिषणा असि (९) पर्वती त्वा प्रतिवेत्तु

(१) शर्म असि યાને 'તું સુખ છે'; અર્થાત્ કે તારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું સ્વરૂપ સુખમય છે. તારું સુખ તારે બહારથી પ્રાપ્ત કરવાનું નથી; કારણ કે તે તારી પોતાની અંદર જ છે. તારી પોતાની અંદર જ રહેલા સુખને તારે અનુભવવાનું છે અને તે અનુભવ તને ઉપર બતાવેલા તપશ્ચરણ દ્વારા જ પ્રાપ્ત થાય તેમ છે. મતલબ કે ખુદ પોતાની શક્તિનો અનુભવ લેવાને સુદ્ધાં ખાસ પ્રયત્ન કરવાની અપેક્ષા છે, એ કોઈએ વીસરવું ન જોઈએ. (૨) रक्षः अवधूतम् अरातयः अवधूताः કહેતાં 'રાક્ષસ દૂર થયો અને અનુદાર દૂર થયા'; અર્થાત્ કે ઉપલા મંત્રોમાં કહ્યા પ્રમાણે પોતાના સુખમય સ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થયા બાદ સાધકને એમ લાગે છે, કે 'હવે મારી પાસેથી બધા જ રાક્ષસો અને તમામ અનુદારો દૂર થઈ ગયા હોઈ હવે હું સંપૂર્ણ નિર્ભય બન્યો છું.' [આ જ મંત્રભાગ મંત્ર નં. ૭ : ૧ થી ૪ તેમ જ ૯ : ૬ માં આવ્યા હોઈ તેમનાં સ્પષ્ટીકરણ અહીં ધ્યાનમાં લેવાં.] આ પ્રમાણે આંતરસુખનો અનુભવ થતાં અને પોતાની અંદરનાં આસુરી અને અનુદાર તત્ત્વો દૂર થઈ ગયાં એવો અનુભવ થતાં પોતાની અદીનતાની ખાતરી થઈ જાય છે. હું દીન કે દુર્બળ નથી એટલે અદીન એવી દૈવી શક્તિ મારી પોતાની અંદર જ છે. આવી જ ખાતરી આ પછીના મંત્રભાગોમાં આપવામાં આવી છે. જુઓ (૩,૪) अदित्याः त्वक् असि, अदितिः त्वा प्रतिवेत्तु તથા (૬) अदित्याः त्वक् प्रतिवेत्तु એટલે કે 'તું અદીનતાનું આવરણ માત્ર છે. એ અદીનતાનો તને પરિચય હો! એ અદીનતાના આવરણની તને ખબર હો !' [આ ટીપણી મંત્ર નં. ૧૪ : ૩,૪ અને ૭ માં અગાઉ આવી ગયા હોઈ ત્યાંનું સ્પષ્ટીકરણ આ ઠેકાણે જરૂર જુઓ.] अदिति એ દેવોની માતા તરીકે સુપરિચિત છે. 'અદીનતા, સ્વતંત્રતા, સ્વાધીનતા'રૂપી દેવી એ જ સર્વ દેવતાઓને જન્મ આપનારી જનેતા છે. તે જ પ્રમાણે दिति એ અસુરોની જનની છે. दिति એટલે 'દીનતા, પરસ્વાધીનતા, પરતંત્રતા.' સુર અને અસુરની ભાવના કેવા પ્રકારની છે, તે આના પરથી સ્પષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાય છે. આ ભેદ પારખી લઈને મનુષ્ય દૈવી શક્તિવાળો જ થવાનો સંકલ્પ કરે એ જ ઇષ્ટ હોઈ મનુષ્યમાં તેવી બુદ્ધિ હોય છે; એમ બતાવવા કહ્યું છે, કે—(૫) पर्वती धिषणा असि (૮) पार्वतेयी धिषणा असि (૯) पर्वती त्वा प्रतिवेत्तु એટલે કે 'પર્વત-માં હોનારી બુદ્ધિ તું છે. પર્વત મધ્યેની બુદ્ધિ તું છે. પર્વતમાંની બુદ્ધિ તને પરિચિત હો!' પૃષ્ઠવંશ નામે ઓળખાતો જે મેરુદંડ કિંવા બરડાની કરોડ છે, તેને 'પર્વત' એવી સંજ્ઞા આપવામાં આવી છે. પર્વત એટલે (पर्ववान्–पर्ववत्–पर्वत) જેને પર્વ હોય તે. આ પૃષ્ઠવંશને એવાં પર્વ હોય છે અને તે કરોડના મણકાને નામે ઓળ-ખાય છે. બરડે હાથ ફેરવતાં એ મણકા હાથને પણ લાગે છે. એ મણકા કરોડમાં હોય છે; તેથી કરોડને પર્વવાન કિંવા પર્વત એવું નામ આપવામાં આવ્યું છે. આ પર્વત મધ્યે એટલે પૃષ્ઠવંશની અંદર વ્યાપી રહેલી જે શક્તિ છે, તે શક્તિને पर्वती, पार्वती કિંવા पार्वतेयी કહે છે. पर्वती–धिषणा એ આ પૃષ્ઠવંશ મધ્યે વ્યાપી રહેલી જે બૌદ્ધિક શક્તિ છે, તેનું નામ છે. એક બુદ્ધિ મસ્તકના જ્ઞાનતંતુઓમાં રહેલી હોય છે; અને બીજી બુદ્ધિ પૃષ્ઠવંશના તંતુઓમાં રહેલી છે. પૂર્વ સંસ્કારનો ગાંઠડો આ જ પૃષ્ઠવંશના જ્ઞાનતંતુઓમાં રહેતો હોવાથી એ ભાગની બુદ્ધિનું એટલે 'પર્વતીધિષણા'નું મહત્ત્વ અધિક છે. યોગશાસ્ત્રમાં પૃષ્ઠવંશને સુસ્થિતિમાં રાખવા વિષે આવડું મોટું વર્ણન કરવામાં આવ્યું છે તેનું કારણ આ જ છે. સર્વ પૂર્વસંસ્કાર આ પૃષ્ઠવંશની અંદર સંઘરાયેલા હોવાથી આ પૃષ્ઠવંશમાંની ઇડા–પિંગલા નાડીઓનો પ્રવાહ સુવ્યવસ્થિત રીતે ચાલતો રહે, તેના પર જ મનુષ્યના બૌદ્ધિક વિકાસનો આધાર રહે છે. ઉત્તમ પ્રકારની સહજ બુદ્ધિમત્તા હોવી કિંવા બુદ્ધિહીનતા હોવી એનો આધાર મોટે ભાગે પૃષ્ઠવંશની હાલત પર રહેલો છે. એટલે આ પૃષ્ઠવંશ એટલે કરોડરજ્જુમાં રહેલી સહજબુદ્ધિનું મહત્ત્વ આ મંત્રભાગોમાં દર્શાવવામાં આવ્યું છે. એ બુદ્ધિને ઉત્તમ સ્થિતિમાં લાવવા સારુ ખાસ પ્રકારનાં આસન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણાયામ વગેરે અનુષ્ઠાનો યોગશાસ્ત્રમાં સૂચવવામાં આવ્યાં છે. આ પૃષ્ઠવંશીય બુદ્ધિ જેવી ને જેટલી હોય છે, તેવી ને તેટલી જ માણસની યોગ્યતા અંકાય છે. આટલા વિવેચન પછી 'આ પૃષ્ઠવંશીય બુદ્ધિ તું જ છે; અને તેની ઓળખ તને થાઓ એટલે તે બુદ્ધિ તારામાં પ્રગટો' એ આશયના આ મંત્રભાગોનો યથાર્થ ખ્યાલ આવશે. પૃષ્ઠવંશીય આ બુદ્ધિ કેવડીક મોટી છે એવો સવાલ કોઇના મનમાં થાય, તો તેના સમાધાન માટે કહ્યું છે, કે-(૭) दिवः स्कंभनीः असि યાને 'દ્યુલોકને સ્થિર કરનારી શક્તિ જ તું છે.' દ્યુલોકને વ્યાપીને ત્યાં સ્થિરનિશ્ચલતા કરનાર તારી બુદ્ધિ જ છે. તો પછી એ બુદ્ધિના યોગે ભૂલોક અને અંતરિક્ષ લોકની સ્થિરનિશ્ચલતા પણ મનુષ્ય કરી શકે એમાં તો શંકા નહિ જ, પણ દ્યુલોક પર સુદ્ધાં પોતાનો અધિકાર જમાવી શકે. મનુષ્યના મસ્તકમાં મગજનું સ્થાન હોઈ તેની પૂછડી કહેતાં છેડાના ભાગ પૃષ્ઠવંશમાંની બે કુલડીઓમાં આવેલા સાકડ નામે ઓળખાતા હાડકા પર્યંત લંબાયલા છે અને તેમાં જ મનુષ્યની બુદ્ધિ ભરેલી છે. એ બુદ્ધિનું સામર્થ્ય એટલું બધું છે, કે એ બુદ્ધિના જોરે મનુષ્ય ત્રિભુવનને વ્યાપી શકે. એટલું બધું સામર્થ્ય પોતાનામાં છે એ મનુષ્યે ઓળખવું જોઈએ અને તેમાં અધિક વધારો કરવો જોઈએ. વ્યસનના ગુલામ બનીને એ સામર્થ્યને ઘટાડવું ન જોઈએ. સંયમથી એ સામર્થ્યમાં વધારો થઈ શકે છે. એટલા માટે કહ્યું છે, કે—

૨૦

धान्यमसि धिनुहि देवान् प्राणाय त्वोदानाय त्वा व्यानाय त्वा। दीर्घामनु प्रसितिमायुषे धां देवो वः सविता हिरण्यपाणिः प्रतिगृभ्णात्वच्छिद्रेण पाणिना चक्षुषे त्वा महीनां पयोऽसि ॥२०॥

(१) धान्यम् असि (२) देवान् धिनुहि (३) प्राणाय त्वा,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उदानाय त्वा, व्यानाय त्वा [धां] (४) आयुषे दीर्घां प्रसितिं अनुधाम् (५) हिरण्यपाणिः सविता देवः अच्छिद्रेण पाणिना वः प्रतिगृभ्णातु (६) चक्षुषे त्वा [धां] (७) महीनां पयः असि

(१-२) धान्यम् असि, देवान् धिनुहि એટલે કે 'તું ધાન્ય હોઈ દેવોને તૃપ્ત કર.' ધાન્ય એટલે (धाने पोषणे हितम्) જે પોષણને હિતકારક હોય તે. ધાન્ય એ પોષણને હિતકારક હોવાથી જ તેનું તે નામ પડયું છે. વળી, જેના યોગે મનુષ્ય 'ધન્ય' બને છે, તેને પણ ધાન્ય કહેવામાં આવે છે. દેવકાર્ય સારુ મનુષ્ય સમર્પિત થતો હોવાથી તથા પંડે જ હવિ બનતો હોવાથી તેને જ માટે 'દેવોનું ધાન્ય' એ શબ્દપ્રયોગ અહીં થયો છે; અને તે દ્વારા સૂચવ્યું છે, કે દેવકાર્ય અર્થે તું આત્મસર્વસ્વનું બલિદાન આપી દઈને દેવતાઓને સંતુષ્ટ કર. જીવાત્માની દૃષ્ટિએ વિચારતાં આત્મામાં ધન્યતા છે, પોષણશક્તિ છે. એ પોષણશક્તિ કાયમ હોય ત્યાં સુધી જ ઇંદ્રિયો પુષ્ટ થતી રહે છે. એ શક્તિમાં ઉદાસીનતા આવી જતાં એટલે એ શક્તિ મંદ પડી જતાં શરીર ક્ષીણ બનવા માંડે છે; તેથી આ મંત્ર-ભાગમાં કહેવામાં આવ્યું છે, કે 'તું ધાન્યની માફક પોષણકર્તા હોઈ તારે તારી પોતાની અંદરના દેવોને એટલે ઇંદ્રિયોને સંતુષ્ટ, તૃપ્ત, પુષ્ટ અને ધન્ય કરવી જોઈએ. અર્થાત્ કે પોતાની શક્તિનો ઉત્કર્ષ મનુષ્યે થવા દેવો જોઈએ અને તે ઉત્કર્ષ તેણે પોતાની અંદર રહેલી આત્મ-શક્તિ દ્વારા સાધવો જોઈએ. મતલબ કે પોતાની આત્મશક્તિનો ઉપયોગ મનુષ્યે પોતાના ઉદ્ધાર માટેનાં જરૂરી કાર્યો કરવામાં જ કરવો જોઈએ; પોતાની એ શક્તિમાં ઘટાડો થાય એવા પ્રકારનાં હલકાં કૃત્યોમાં એ શક્તિનો ઉપયોગ કદી ન થવા દેવો જોઈએ. મનુષ્યે હમેશાં એવાં જ કામો કરવાં ઘટે; કે જેના યોગે પોતાની પ્રાણશક્તિ બળવાન બને. એટલા માટે કહ્યું છે, કે—(૩) प्राणाय त्वा, उदानाय त्वा, व्यानाय त्वा (धाम्) એટલે કે 'પ્રાણ, ઉદાન અને વ્યાન એ પ્રાણો માટે હું તને ધારણ કરું છું.' પ્રાણ, અપાન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાન, ઉદાન અને સમાન, એ તેમ જ બીજી બધી પ્રાણુશક્તિઓની વૃદ્ધિ થાય એટલા ખાતર હું તને ધારણ કરું છું. મનુષ્યે કોઈ પણ પદાર્થનું ધારણ શા માટે કરવાનું તે આ પ્રતિજ્ઞામંત્રમાં સૂચિત થયું છે. કોઈ પણ પદાર્થને સ્વીકારતી વેળા મનુષ્યે વિચાર કરવો જોઈએ, કે 'આને સ્વીકારવાથી મારી પ્રાણુશક્તિમાં વધારો થશે કે ઘટાડો?' જેના યોગે પ્રાણુશક્તિ વધવા પામે, તે પદાર્થ સ્વીકારવો; અને જેના યોગે પ્રાણુશક્તિ ક્ષીણુ થાય, તેનો અસ્વીકાર કરવો. એવું કાં કરવું? તો કે-(૪) आयुषे दीर्घां प्रसितिं अनुधाम् અર્થાત્ 'આયુષ્ય સારુ મોટી શક્તિ હું અનુકૂળ રીતે ધારણ કરું છું.' દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય તેટલા સારુ હું ઘણી મોટી શક્તિ મેળવું છું અને તેનો ઉપયોગ યોગ્ય રીતે કરું છું. प्रसिति શબ્દના અર્થ 'શક્તિ' અધિકાર, પ્રભાવ, માર્ગ, હલ્લો, જાળું, ફાંસ, પ્રાપ્તિ, જ્વાળા' એટલા બધા થાય છે. તે પૈકી આ ઠેકાણે 'શક્તિ' એ અર્થ બંધબેસતો છે. દીર્ઘાયુની પ્રાપ્તિ સારુ શરીર, ઇંદ્રિયો, પ્રાણુ, મન અને બુદ્ધિ એ બધાંની શક્તિ ખીલવીને તેમને યોગ્ય કાર્યોમાં પ્રવૃત્ત કરવાં જોઈએ તો જ દીર્ઘાયુની પ્રાપ્તિ થાય ને સુખે જીવી શકાય. મતલબ કે સર્વ પ્રકારના ઉપભોગો અને કાર્યો એવી રીતે કરાવાં જોઈએ, કે જેથી પોતાની શક્તિનો ઘટાડો ન થતાં વિકાસ સધાતો રહે. આવી રીતે આત્મશક્તિનો વિકાસ સાધનારાંઓને પરમેશ્વર પણ સહાય કરે છે. જુઓઃ—(૫) हिरण्यपाणिः सविता देवः अच्छिद्रेण पाणिना वः प्रतिगृभ्णातु એટલે કે, 'સુવર્ણ આભૂષણોથી શોભતો ઉત્પાદક દેવ પોતાના છિદ્ર રહિત હાથથી તને પકડો'; અર્થાત્ કે આગળ કહ્યા પ્રમાણે પોતાની શક્તિનો યોગ્ય માર્ગે વિકાસ સાધવાવાળા મનુષ્યને જગન્નિયંતા પરમેશ્વર પોતાના નિર્દોષ હસ્તે પોતે જ સહાય કરે છે. મતલબ કે સ્વાશ્રયપૂર્વક પોતાની ઉન્નતિ સાધી લેવા જેટલો પુરુષાર્થ કરનારને ભગવાન પોતે સહાય કરે છે. [મંત્ર નં. ૧૦ : ૧ તથા ૧૬ : ૮નાં સ્પષ્ટીકરણ અત્રે જોઈ જવાં.] ઉપર ૩ જા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંત્રભાગમાં 'પ્રાણશક્તિના વિકાસને અનુકૂળ હોય એવા પદાર્થ લેવા અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરવું' એમ કહેવામાં આવ્યું છે. પ્રાણશક્તિના વિકાસ વાસ્તે અમુક નિયમપાલન જેમ આવશ્યક છે, તેમ જ નેત્રાદિ ઇંદ્રિયોની શક્તિની વૃદ્ધિ સારુ પણ તેવા નિયમપાલનની આવશ્યકતા હોઈ તેનું સૂચન હવેના મંત્ર ભાગમાં કરવામાં આવે છે. જુઓ— (૬) चक्षुषे त्वा (धां) અથવા 'નેત્ર વગેરે ઇંદ્રિયો સારુ હું તને ધારણ કરું છું.' કોઈ પણ પદાર્થનો સ્વીકાર કરતી વેળા મનુષ્યે વિચારવું જોઈએ, કે 'આ પદાર્થનું સેવન મારી નેત્રાદિ ઇંદ્રિયોની શક્તિઓને હિતકર નીવડશે કે હાનિકર્તા થઈ પડશે? જેમનું સેવન કરવાથી સર્વ ઇંદ્રિયો શક્તિશાળી થાય, તે જ પદાર્થો સ્વીકારવાયોગ્ય સમજવા, અને શક્તિઓને ક્ષીણ કરનારા પદાર્થો વર્જ્ય કહેતાં તજવાલાયક સમજી તેમનાથી દૂર રહેવું. [આ ઠેકાણે ઉપરના મંત્ર ભાગ ૩–૪ ફરી જોઈ જવા; કારણ કે એ મંત્રભાગો પણ આ જ વિષયનું પ્રતિપાદન કરે છે.] મનુષ્યની અંદર અનંત મહાશક્તિ રહેલી છે; એ સમજાવવા કહે છે, કે—(૭) महीनां पयः असि અર્થાત્ 'મહાશક્તિનું દૂધ તું છે.' પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ, દિશા, સૂર્ય, વિદ્યુત વગેરે અનેક મહાશક્તિઓનાં સારભૂત તત્ત્વો આ મનુષ્ય પ્રાણીની અંદર રહેલાં છે. ગાયની અંદર સારભૂત તત્ત્વ તરીકે દૂધ જેમ રહેલું છે, તેમ જ વિશ્વભરમાં વ્યાપેલી આ સઘળી મહાશક્તિઓનું તત્ત્વ મનુષ્યની અંદર ભરેલું છે, એટલે મનુષ્ય એ આ મહાશક્તિઓના અર્કરૂપ છે. જગતભરની સર્વ શક્તિઓનો વાસ મનુષ્યની અંદર હોવાને કારણે જ માનવની મહત્તાના ગાન સર્વત્ર ગાવામાં આવ્યાં છે. [અત્રે મંત્ર ૨ જાના ૧ થી ૭ તથા મંત્ર ૩ જાના ૧ થી ૨ સુધીના મંત્ર ભાગોને પુનઃ જોઈ લેવા.] આવી સારભૂત શક્તિ મનુષ્યની અંદર રહેલી હોવાથી જ તેણે પોતાનું આયુષ્ય વધારવું જોઈએ, તેમ જ પોતાની શક્તિઓનો વિકાસ સાધવો જોઈએ. [મંત્ર નં. ૨૦ની ટીપણી ૩, ૪ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ જોવી.] પૂર્વોક્ત પદ્ધતિએ સ્વશક્તિનો વિકાસ સાધનાર મનુષ્યને પરમેશ્વર આશ્વાસન આપે છે, કે—

૨૧

देवस्य त्वा सवितुः प्रसवेऽश्विनोर्बाहुभ्यां पूष्णो हस्ताभ्याम् । संवपामि समाप ओषधीभिः समोषधयो रसेन । सꣳरेवतीर्जगतीभिः पृच्यन्ताꣳ सं मधुमतीर्मधुमतीभिः पृच्यन्ताम् ॥ २१ ॥

(१) सवितुः देवस्य प्रसवे अश्विनोः बाहुभ्यां पूष्णोः हस्ताभ्यां त्वा संवपामि (२) आपः ओषधीभिः संपृच्यन्ताम् (३) ओषधयः रसेन सं (पृच्यन्ताम्) (४) रेवतीः जगतीभिः सं (पृच्यन्ताम्) (५) मधुमतीः मधुमतीभिः संपृच्यन्ताम्

(१) सवितुः देवस्य प्रसवे अश्विनोः बाहुभ्यां पूष्णोः हस्ताभ्यां त्वा संवपामि એટલે કે 'સર્વના ઉત્પાદક દેવની પ્રસૂતિરૂપ આ સૃષ્ટિની અંદર અશ્વિની (દેવો)ના બાહુઓથી અને પૂષા દેવતાના હાથો વતી હું તને વિસ્તારું છું.' અશ્વિની દેવોના બાહુઓમાં રોગોને અટકાવવાની અને નિવારવાની તથા પૂષા દેવના હાથમાં પોષણ કરવાની શક્તિ રહેલી છે. એ રોગને અટકાવવાની ને મટાડવાની તથા પોષણ શક્તિ દ્વારા ઈશ્વર મનુષ્ય–સૃષ્ટિનો તેમ જ મનુષ્યની શક્તિનો વિસ્તાર વધારે છે. [અત્રે મંત્ર ૧૦ : ટીપણીની નં. ૧, ૧૨ : ૨, ૧૬ : ૮ તથા ૨૦ : ૫ જોઈ જવી; કારણ કે ત્યાં પણ આ જ અર્થના મંત્રભાગો આવેલા છે.] મનુષ્ય શરીરમાં રોગની અટકાયત કરનાર, રોગને મટાડનાર તથા પોષણ કરનાર શક્તિમાં વધારો કરવા સારુ ઔષધિરૂપ વનસ્પતિઓનું સેવન યોગ્ય રીતે કરવાની આવશ્યકતા છે. એ ઔષધિઓ સંબંધી આવશ્યક ઉપદેશ આપતાં કહે છે, કે—(२) आपः औषधीभिः संपृच्यन्ताम् એટલે 'જળ, ઔષધિઓથી સંયુક્ત થાઓ.' અર્થાત્ કે ઔષધિઓ, વનસ્પતિઓ, વૃક્ષો તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાજો વગેરેને યોગ્ય સમયે યોગ્ય પ્રમાણમાં જળ મળતું રહો; અને (૩) ओषधयः रसेन संपृच्यन्ताम् એટલે કે, 'બધા પ્રકારની ઔષધિઓ ઉત્તમ સ્વરસોવાળી બનો.' ઔષધિઓ ઉત્તમ સત્ત્વમય રસોથી ભરપૂર બને, તો જ તેમનામાં રોગને અટકાવવાના, મટાડ-વાના અને પોષણ કરવાના ગુણો આવે, ને તો જ તેમના સેવનથી મનુષ્ય આરોગ્યપૂર્ણ દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ કરી શકે. આ પ્રમાણે વન-સ્પતિઓના આહારથી મનુષ્ય ઉત્તમ આરોગ્ય પ્રાપ્ત કરી શકે એમ પ્રતિપાદન કરીને 'મનુષ્ય એ સમાજબદ્ધ પ્રાણી હોવાથી, સમાજના સ્વાસ્થ્ય અંગે ખાસ જરૂરી એવો એક મોટો સિદ્ધાંત પ્રતિપાદન કરતાં કહે છે, કે—(૪) रेवतीः जगतीभिः संपृच्यन्ताम् અર્થાત્ 'ધનવાનોએ વેગવાનો સાથે હળીમળીને રહેવું.' સમાજની અંદર કેટલાક લોક ધનવાન હોય છે, ત્યારે કેટલાક વેગપૂર્વક અથવા ઝડપથી કામ કરનારા હોય છે. એ બન્ને વર્ગના લોકો હળીમળીને એકમતે પોતાના સમાજની ઉન્નતિ માટે કાર્ય ચલાવતા રહે, તો સમાજની ઉન્નતિ જરૂર થઈ શકે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર પ્રકારના લોકોમાં એકલો વૈશ્યવર્ગ જ ધનવાન હોય છે; ત્યારે બ્રાહ્મણ વર્ગમાં જ્ઞાનનો વેગ, ક્ષત્રિયોમાં શૌર્યનો વેગ અને શૂદ્રોમાં કર્મશક્તિનો વેગ હોય છે. આ જુદા જુદા વેગવાળા લોકોને ધનિકો તરફથી યથાયોગ્ય પીઠબળ મળે, તો જ બધાંની એકસરખી ઉન્નતિ શક્ય બને, નહિ તો નહિ જ. આવા ઉન્નત સમાજમાંની પ્રત્યેક વ્યક્તિની અંદર જે અદ્ભુત શક્તિ રહેલી હોય છે, તે જ તેના અભ્યુદયને ઉપકારક થઈ પડે છે. પરતંત્ર સમાજની, સ્વતંત્ર સમાજ-ની તથા ઉન્નત સમાજની વ્યક્તિઓ વચ્ચે કુદરતી રીતે જ તફાવત રહે છે. તે તે વ્યક્તિઓ વચ્ચે જન્મના સંસ્કારથી પ્રાપ્ત થયેલી શક્તિઓનું પ્રમાણ જ ઓછુંવત્તું હોય છે. આ ઉપરથી સહેજે સમજી શકાશે, કે આખો સમાજ જો ઉન્નત થાય, તો જ તેમાંની પ્રત્યેક વ્યક્તિને એક અસાધારણ શક્તિ પ્રાપ્ત થઈ શકે. મનુષ્યની ઉન્નતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધવાનો વિચાર કરવાવાળાઓના ધ્યાન બહાર આ વાત ન જવી જોઇએ. આ સમાજશક્તિનો વિચાર તેમણે અવશ્ય કરવો જોઇએ. શક્તિસંવર્ધનનો બીજો પણ એક કિંમતી ઉપાય છે; તે આઃ—

(૫) मधुमतीः मधुमतीभिः संपृच्यन्ताम् એટલે 'મધુરોનો મધુરો સાથે મેળ બંધાઓ અર્થાત્ એવા લોકો પરસ્પર હળી મળીને રહો.' વિષમતા ઉત્પન્ન કરનાર એકાદું પણ કડવું કે તીખું તત્ત્વ તેમનામાં પ્રવેશવું ન જોઈએ. જેમના વિચાર, વાણી અને વર્તન મધુર કહેતાં સૌને રુચિકર હોય છે, તેવા લોકની સંઘશક્તિ અભેદ્ય હોય છે; પરંતુ તેમની અંદર એકાદું પણ વિરોધી તત્ત્વ આવી જાય છે તો એ સંઘશક્તિ ખંડિત બને છે, એટલે તેનો નાશ થઈ જાય છે. એટલા માટે સંઘશક્તિ વધારવાની ઇચ્છાવાળાઓએ પોતાની અંદર માધુર્યનો ગુણ કેળવવો ને ખીલવવો જોઈએ અને તેની મદદથી પોતાની સંઘશક્તિ અભેદ્ય બની રહે તેવી ખબરદારી રાખવી જોઈએ. [જુઓ મંત્ર નં. ૨૧ની ટીપણી નં. ૪ ને ૫] આ બન્ને નિયમો સામાન્ય છે. ખાવાપીવાની બાબતમાં તેમ જ ઔષધિઓના ઉપયોગની બાબતમાં પણ આ નિયમો બહુ કિંમતી લેખવાના છે. વિષમ ગુણધર્મવાળા રસાયણોનું સેવન સહસા કદી જ ન કરવું. **સમાન ધર્મીઓની સંગત લાભદાયક નીવડે છે:** આ નિયમ અત્રે ઉપદેશાતો હોઈ તે સર્વદા ધ્યાનમાં રાખવા જેવો છે.

૨૨

जनयत्यै त्वा संयौमीदमग्नेरिदमग्नीषोमयोरिषे त्वा घर्मोऽसि विश्वायुरुरुप्रथा उरु प्रथस्वोरु ते यज्ञपतिः प्रथतामग्निष्टे त्वचं मा हिंसीद्देवस्त्वा सविता श्रपयतु वर्षिष्ठेऽधि नाके ॥ २२ ॥

(१) जनयत्यै त्वा संयौमि (२) इदम् अग्नेः इदम् अग्नीषोमयोः (३) इषे त्वा [संयौमि] (४) घर्मः असि (५) विश्वायुः (असि)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(६) उरु प्रथाः उरु प्रथस्व (७) ते यज्ञपतिः उरु प्रथताम् (८) अग्निः ते त्वचं मा हिंसीत् (९) सविता देवः त्वा वर्षिष्ठे नाके अधि श्रपयतु

(१) जनयत्यै त्वा संयौमि એટલે 'સંતતિ પેદા કરવા માટે હું તારી જોડે સંબંધ બાંધું છું.' સ્ત્રી-પુરુષનો સંબંધ શા સારુ થવો જોઈએ, તે આ મંત્રભાગ દર્શાવે છે. ઉત્તમ સંતતિ પેદા થાય એ હેતુથી સ્ત્રી-પુરુષનો જે સંબંધ બંધાય છે, તેનું જ નામ વિવાહ કે લગ્નસંબંધ છે. ગૃહસ્થાશ્રમનો આ સંબંધ ઉત્તમ સંતતિ નિર્માણ કરવા માટે જ છે. નર્યા વિષયસુખ માટે સંબંધ સેવનારાં વીર્યક્ષીણ થઈને જલદી નાશ પામે છે, અલ્પાયુષી બને છે; ત્યારે સંતાનોત્પત્તિ પૂરતો જ સ્ત્રીસહવાસ રાખનાર પુરુષનું વીર્ય સચવાઈ રહીને પરિણામે તે દીર્ઘાયુ થઈ શકે છે. [મંત્ર ૨૦ના ૪થા મંત્ર-ભાગનો આશય પણ આવો જ છે.] અગાઉ કહેવાઈ ગયું છે તેમ દીર્ઘાયુ પ્રાપ્ત કરવું એ જીવનનું એક ધ્યેય હોઈ તેની સિદ્ધિ અર્થે યોગ્ય રીતનું બ્રહ્મચર્યપાલન અત્યંત આવશ્યક છે. તેમ કરવાનું શક્ય બને એટલા ખાતર સ્ત્રી-પુરુષનો સંબંધ કેવળ સંતાનોત્પત્તિ માટે જ થતો રહે એ જરૂરનું હોઈ તેવો ઉપદેશ અહીં આ મંત્રભાગમાં આપ્યો છે. આયુષ્યના ચાર વિભાગો પૈકી ફક્ત એક જ ભાગ ગૃહસ્થાશ્રમમાં ગાળવાનો છે. કેવળ સંતાનોત્પત્તિ અર્થે જ જરૂરજોગો સ્ત્રી-સંબંધ સેવવામાં આવે, તો આ ગૃહસ્થાશ્રમી જીવનમાં પણ બ્રહ્મચર્યનું પાલન થઈ શકે. આયુષ્યના બીજા ભાગોમાં અથવા બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્તાશ્રમમાં તો સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું છે. આ રીતે જિંદગીભર બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવામાં આવે તો મનુષ્ય પૂર્ણાયુષી બનીને પોતાનું જીવનધ્યેય સંપૂર્ણ પાર પાડી શકે, એમાં જરાય શંકા નહિ. (૨) इदम् अग्नेः इदम् अग्नीषोमयोः એટલે કે 'આ અગ્નિનું અને અગ્નિ-સોમ ઉભયનું પોષક છે.' આપણા શરીરની અંદર અગ્નિ તેમ જ સોમ બન્નેનાં તત્ત્વો છે. અગ્નિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ શરીરમાં રહેલ ઉષ્ણતા, ઉત્સાહ, ચપળતા વગેરે ગુણોને ટકાવી રાખવાનો છે; ત્યારે સોમનો ધર્મ શાંતિ, સમાધાન અને પુષ્ટિ કાયમ રાખવાનો છે; તેથી કરી આપણે જે જે પદાર્થોનું ભક્ષણ કરીએ છીએ, તે તે પદાર્થ અગ્નિવર્ધક છે કે અગ્નિને મંદ પાડનાર છે તેનો વિચાર કરવો જોઇએ. તેવી જ રીતે તે પદાર્થો શારીરિક તત્ત્વ અને ધર્મોની સમતા સાચવનારા છે કે તેમાં વિષમતા ઉત્પન્ન કરનારા છે તેનો પણ વિચાર કરવો જોઈએ. એવો વિચાર કરી જોયા પછી જ જે ચીજોનું સેવન કરવાનું ઇષ્ટ હોય તેવી જ ચીજોનું સેવન કરવાનું યોગ્ય ગણાય. આમ કરવામાં આવશે, તો શરીર ઉત્તમ સ્થિતિમાં રહીને મનુષ્ય દીર્ઘાયુષી બની શકશે. ખાતી વેળાએ પણ આ અન્ન અગ્નિવર્ધક છે ને આ પુષ્ટિવર્ધક છે, એવો વિચાર કરતા રહીને જ તેવા ગુણધર્મવાળો જ ખોરાક ખાવો. અગ્નિમાંદ્ય કરનારા તથા વિષમતા પેદા કરનારા ખાદ્ય પદાર્થોનું સેવન સર્વથા ત્યાજ્ય ગણવું જોઈએ. એવા પ્રકારના-(૩) इषे त्वा (संयौमि) એટલે કે 'અન્ન માટે હું તારી સાથે સંબંધ જોડું છું.' અર્થાત્ કે ઉપર વર્ણવ્યું તેવા પ્રકારનું અન્ન મને ખાવા માટે મળતું રહે તેટલા ખાતર હું તારી સાથે લગ્નસંબંધ બાંધું છું. લગ્નસંબંધ બાદ સ્ત્રી અને પુરુષ એકત્ર વાસ કરવા માંડે; તે પછી તેમણે પરસ્પરના આરોગ્યનું રક્ષણ કરવા માટે આહાર-વિહારનો ઉપભોગ ઉપરોક્ત શિખામણ ધ્યાનમાં રાખીને જ કરવો-કરાવવો. [જુઓઃ મંત્ર ૧ ની ટીપણી ૧] (૪) घर्मः असि એટલે 'તું ઉષ્ણતા છે.' [મંત્ર ૨ જાની ૪ થી ટીપણીમાં આવા જ ભાવનો મંત્રભાગ આવ્યો છે, તે આ ઠેકાણે વાચકોએ ફરી જોઈ જવો.] ઉષ્ણતા એ ચૈતન્યનું સૂચક ચિહ્ન છે અને શીતતા એ શિથિલતાનું સૂચક લક્ષણ છે. શરીરની અંદર જ્યાં સુધી થોડીક પણ ગરમી માલૂમ પડે, ત્યાં સુધી તેમાં પ્રાણ હજી છે અને જીવનની થોડીક પણ આશા રહે છે; પરંતુ બધું જ શરીર જ્યાં સાવ ઠંડુંગાર બની ગયું, એટલે પછી બધું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતી ગયું એમ મનાય છે. એવા પ્રકારની ચૈતન્યની ઉષ્ણતા આ જીવાત્મા મધ્યે છે; અને તે જેમ વ્યક્તિ મધ્યે ચૈતન્ય આણવા સારુ ઉપયોગી છે, તેમ જ સમાજ કે રાષ્ટ્રમાં ચૈતન્ય લાવવા માટે પણ ઉપયોગી છે. ચૈતન્યશક્તિ એ ખરેખર બહુ જ ઉપયોગી તત્ત્વ છે. બધાં આહારપાણી એ ચૈતન્યશક્તિને શરીરમાં ટકાવી રાખવા માટે જ થાય છે. શરીર અંદરની અગ્નિ તથા સોમશક્તિઓનો વિચાર (જુઓ મંત્ર ૨૨ની ટીપણી ૨) પણ આ માટે જ છે. આ ચૈતન્ય-શક્તિ અનુકૂળ બની ગઈ એટલે—(૫) विश्वायुः (असि) અર્થાત્ 'તું પૂર્ણ આયુષ્યવાન યાને દીર્ઘાયુષી બને છે.' અત્યાર લગીમાં દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ માટે જે જે ઉપદેશ આપવામાં આવ્યા છે, તે બધા [જુઓ મંત્ર ૪ની ટીપણી ૧; ૧૬: ૪ ને ૫; ૨૦: ૩ ને ૪] બરાબર ધ્યાનમાં લેવાશે, અને દીર્ઘાયુષી થવા સારુ જે જે સાધનો બીજા મંત્રભાગોમાં દર્શાવવામાં આવ્યાં છે તેનો અભ્યાસ કરવામાં આવશે, તો મનુષ્યે દીર્ઘાયુ કેવી રીતે બનવું તે સહજે સમજાઈ જશે. એવી રીતે પૂર્ણાયુષી અથવા દીર્ઘાયુષી બનવાનું મનુષ્યને માટે શક્ય છે. (૬) उरुप्रथाः उरु प्रथस्व અર્થાત્ 'તું પુષ્કળ વિસ્તૃત શક્તિવાળો છે, એટલે પુષ્કળ વિસ્તાર પામ.' 'પ્રથ' કિંવા 'પ્રથન' એટલે 'વિસ્તાર, પ્રખ્યાતિ, પ્રસાર.' મનુષ્ય વધી વધીને કેટલો વધી શકે એવું જો કોઈ પૂછે, તો તેના જવાબ રૂપે આ મંત્રભાગ હોઈ તેનો અર્થ 'માનવીનો વિસ્તાર બહુ જ વધી શકે છે' એવો થાય છે. મતલબ કે અમર્યાદ કિંવા પાર વગરનો વિસ્તાર પામવાની શક્યતા મનુષ્ય-પ્રાણીમાં છે. અત્રે દર્શાવેલા નિયમો પ્રમાણે જો મનુષ્ય ચાલે, તો તેનો વિસ્તાર પુષ્કળ વધે. એટલા માટે જ આ મંત્રભાગમાં મુખ્યત્વે કહેવામાં આવ્યું છે, કે उरु प्रथस्व એટલે 'પુષ્કળ વિસ્તાર પામ' અગર 'તારી તાકાત પુષ્કળ વધાર.' નજીવાં પ્રલોભનોમાં ફસાઈ પડીને તારી પોતાની શક્તિ ક્ષીણ થાય કે ઘટે તેવાં આચરણ કદીપણ ન કરતો. તારી પોતાની ઉન્નતિ આ જન્મમાં જ બને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલી કરી લેવી એ તારું કર્તવ્ય છે, તે રખેને ભૂલી જતો ! તારી અંદર અનેક શક્તિઓ રહેલી છે, તેમનો બને તેટલો વિકાસ સાધવો એ જ તારુ કર્તવ્ય છે. (૭) ते यज्ञपतिः उरु प्रथताम् એટલે કે 'તારા યજ્ઞપતિની પુષ્કળ પ્રખ્યાતિ થાઓ.' તેની શક્તિ પણ પુષ્કળ વધો. શરીરની અંદર યજ્ઞપતિ તે આ જીવાત્મા છે. જાતિ અથવા રાષ્ટ્રની અંદર તેનો શ્રેષ્ઠ આગેવાન એ યજ્ઞપતિ છે. મંત્ર ૧ની ટીપણી નં. ૧૫; ૨ : ૮ ને ૧૨ : ૫ જોવી] એ બધાની શક્તિ વધવી જોઈએ અને એ બધાનો જ યશ ખૂબ ફેલાવો જોઈએ. તેટલા માટે તમારે એવો પ્રયત્ન કરવો જોઈએ, કે જેથી કરીને તેમનો અભ્યુદય થાય અને તેમની શક્તિમાં વધારો થાય. આ પ્રમાણે તમે તમારી ઉન્નતિને માર્ગે ચાલવા માંડશો એટલે આખું જગત તમને અનુકૂળ બની જશે. એના ઉદાહરણ દાખલ. (૮) अग्निः ते त्वचं मा हिंसीत् એટલે 'અગ્નિ તારી ચામડીને પીડા ન કરે.' અગ્નિનો ગુણ બધાંને જ બાળવાનો છે, પણ તે સુદ્ધાં આવા લોકની ચામડી સરખીને પણ સ્પર્શી શકતો નથી. એટલું બધું સત્ત્વ, એટલી બધી તાકાત આ ધર્માનુષ્ઠાનને પ્રતાપે અંગમાં આવે છે. સકળ જગતના પદાર્થો આ પ્રમાણે તમને અનુકૂળ બનતા જશે અને પરિણામે તમે જગતભરમાં શત્રુ વગરના બનીને સુખચેનમાં રહી શકશો અને પછી (૯) सविता देवः त्वा वर्षिष्ठे नाके अधिश्रपयतु એટલે કે, 'સવિતાદેવ તને પરિપક્વ બનાવીને શ્રેષ્ઠ એવા સ્વર્ગને વિષે સ્થિર કરો.' સર્વ જગતને ઉત્પન્ન કરવાવાળો જગદીશ્વર એવા લોકોને સ્વર્ગની અંદર ઉત્તમ કોટિનું સ્થાન આપે છે. એટલી બધી શ્રેષ્ઠ યોગ્યતા આ લોકમાં આવી જાય છે; અર્થાત્ કે 'પ્રશસ્ત કર્મો કદાપિ ફોગટ જતાં નથી' એ મુદ્દો અત્રે વાચકોએ ખાસ ધ્યાનમાં લેવો. ધર્માચરણનું એ જ મહત્ત્વ છે. ધર્માચરણ કરતાં મનુષ્ય કોઈ કોઈ વાર બીએ છે, ખરું બોલતાં પણ કેટલીક વાર તે ખંચાય છે. એવી જાતની બીક ન રાખવા ખાતર કહ્યું છે, કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मा भेर्मा संविक्था अतमेरुर्यज्ञोऽतमेरुर्यजमानस्य प्रजा भूयात् त्रिताय त्वा द्विताय त्वैकताय त्वा ॥ २३ ॥

(१) मा भेः (२) मा संविक्थाः (३) यज्ञः अ-तमेरुः (४) यजमानस्य प्रजाः अतमेरुः भूयात् (५) त्रिताय त्वा, द्विताय त्वा, एकताय त्वा (श्रपयतु)

(१) मा भेः અને (२) मा संविक्थाः એટલે 'બીશ નહિ અને પોતાના કર્તવ્યપંથમાંથી પાછો હઠીશ નહિં.' નીડરતાપૂર્વક તારું કર્તવ્ય કરતો રહે. બીનાર મનુષ્યથી ઉન્નતિનું અનુષ્ઠાન કરી શકાતું નથી. નિર્ભય મનુષ્યથી જ વૈયક્તિક, સામાજિક તેમ જ રાજકીય ઉન્નતિ સાધી શકાય છે. બીકણ મનુષ્ય કોઈ પણ કાર્યક્ષેત્રમાં યશસ્વી નીવડતો નથી. એટલે ઉન્નતિને ઇચ્છાવાળો મનુષ્ય નિર્ભય બને એ તો ખાસ આવશ્યક છે; કારણ કે (૩) यज्ञः अ-तमेरुः અર્થાત્ 'યજ્ઞ સુદૃઢ છે.' યજ્ઞ એટલે કે પ્રશસ્તતમ (સૌથી શ્રેષ્ઠ વખાણવા યોગ્ય) કર્મ સુદૃઢ અને નિર્ભય મનુષ્યથીજ થઈ શકે છે. બીકણ મનુષ્ય તેમ કરી શકે જ નહિ. નિર્ભય મનુષ્ય જ શ્રેષ્ઠ કર્મ કરી શકે છે; એટલા સારુ કહેવામાં આવ્યું છે, કે-(૪) यजमानस्य प्रजाः अ-तमेरुः भूयात् અર્થાત્ 'યજમાનની પ્રજા સુદૃઢ થાઓ.' એટલે કે યજ્ઞ કહેતાં સૌથી શ્રેષ્ઠ કર્મો કરનારની પ્રજા, તેની સંતતિ અથવા તેના અનુયાયી એ બધાં જ સુદૃઢ, નિર્ભય અને બળવાન બનો! તેમની અંદર કોઈ પણ બીકણ અને પાંગળો ન રહેવા પામે; કારણ કે બીકણને હાથે પ્રબળ પુરુષાર્થ થવાની શક્યતા જ નથી. (૭) त्रिताय त्वा, द्विताय त्वा, एकताय त्वा (श्रपयतु) કહેતાં 'ત્રણ, બે અને એકને માટે તને પરિપક્વ બનાવો.' સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોનો સમૂહ તે ત્રિત, પ્રકૃતિ અને પુરુષનું દ્વંદ્વ તે દ્વિત, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવળ આત્મા તે એકત કહેવાય છે. ત્રણ ગુણે। આપણી અંદર છે, તેમનો યોગ્ય ઉપયોગ કરતાં આવડે તે માટે કંઈ વિશેષ પ્રકારની યોગ્યતા હોવી જોઈએ છે. આપણી અંદર પ્રકૃતિ પુરુષનો વિલક્ષણ યોગ થયેલો છે. એ બન્ને તત્ત્વોની શક્તિઓનો વિકાસ કરવા સારુ મનુષ્યને એક પ્રકારની તૈયારી કરવાની જરૂર છે અને છેવટે કેવળ એક અદ્વિતીય સ્થિતિને પ્રાપ્ત થવા સારુ એક ખાસ યોગ્યતાની અપેક્ષા રહે છે. એ ત્રણે પ્રકારની પરિપકવતા અથવા યોગ્યતા પૂર્વોક્ત ઉન્નતિ અર્થે મનુષ્યમાં પરમેશ્વરકૃપાએ આવો. બીજી બધી ઉન્નતિ ચાહ્ય તેટલી સાધી શકાઈ હોય, છતાં છેવટે આત્માના પ્રકાશ દ્વારા પ્રાપ્ત થનારી જે ઉન્નતિ છે, તે તો પ્રભુકૃપાથી જ સિદ્ધ થાય છે. यम् एव एष वृणुते तेन लभ्यः तस्य एष आत्मा वृणुते तनूं स्वाम् (કઠ૦ ઉપ૦ ૧-૨-૨૩) અર્થાત્ કે 'આ આત્મા પંડે જેને સ્વીકારે છે, તેને જ તે પ્રાપ્ત થાય છે. તેવા મનુષ્યનો આત્મા જાણે કે પોતાના દેહનો જ સ્વીકાર કરે છે' એવું કહીએ તો ચાલે. પરમેશ્વરની કૃપા પામ્યા સિવાય તેના સાક્ષાત્કારનો લાભ આપણને મળી શકે તેમ નથી જ, તેથી ઈશકૃપા પ્રાપ્ત થાય તેવાં આચરણ કરવાની અત્યંત આવશ્યકતા છે. પ્રશસ્તતમ કર્મો કરતાં રહેવાથી પ્રભુની કૃપા ઊતરે છે, એટલા માટે અહીં પ્રશસ્તતમ કર્મોનું સ્વરૂપ કેવું હોય તે વર્ણવ્યું છે. આવાં પ્રશસ્તતમ કર્મ કરનારને પ્રભુ વળી આશ્વાસન આપે છે, કે—

૨૪

देवस्य त्वा सवितुः प्रसवेऽश्विनोर्बाहुभ्यां पूष्णो हस्ताभ्याम् । आददेऽध्वरकृतं देवेभ्यः । इन्द्रस्य बाहुरसि दक्षिणः सहस्रभृष्टिः शततेजा वायुरसि तिग्मतेजा, द्विषतो वधः ॥ २४ ॥

(१) सवितुः देवस्य प्रसवे अश्विनोः बाहुभ्यां पूष्णोः हस्ताभ्यां त्वा आददे (२) देवेभ्यः अध्वरकृतम् (त्वा आददे) (३) इन्द्रस्य

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दक्षिणः बाहुः असि (४) सहस्रभृष्टिः शततेजाः तिग्मतेजाः (असि) (५) वायुः असि (६) द्विषतः वधः (असि)

(१) सवितुः देवस्य प्रसवे अश्विनोः बाहुभ्यां पूष्णोः हस्ताभ्यां त्वा आददे એટલે 'સર્વને ઉત્પન્ન કરવાવાળા આ દેવની પ્રસૂતિ રૂપી આ સૃષ્ટિની અંદર હું તને અશ્વિની દેવની ભુજાઓથી અને પૂષાદેવના કાંડાથી પકડું છું.' [અત્રે મંત્ર નં. ૧૦ ની ટીપણી; ૧, ૧૨ : ૨; ૧૬ : ૮; ૨૦ : ૫ ને ૨૧ : ૧ વાળી ટીપણીઓ જોઈ જવી.] આ મંત્રભાગનું સ્પષ્ટીકરણ અગાઉ એ મંત્રભાગોમાં થઈ ગયું છે. (૨) देवेभ्यः अध्वरकृतम् (त्वा आददे) અર્થાત્ 'દેવને અર્થે અહિંસાત્મક કર્માનુષ્ઠાન કરનાર એવો જે તું તેને હું સ્વીકારું છું.' અહીં ઈશ્વર કોને આધાર આપે છે, કોને પોતાનો કરી લે છે અને કોના પર કૃપા કરે છે, તે સ્પષ્ટ શબ્દોમાં સૂચવાયું હોઈ તે ખાસ મનન કરવા યોગ્ય છે. ध्वरा એટલે હિંસા, કુટિલતા, અથવા વાંકો વ્યવહાર. એ દૂષણનો અભાવ જેની અંદર હોય, તે 'અધ્વર' કહેવાય. "જેમાં હિંસા, કુટિલતા અથવા વાંકા વ્યવહારનો અંશ નથી, તેવા શ્રેષ્ઠ કર્મને 'અધ્વર' કહેવામાં આવે છે." દેવને નિમિત્તે એવા પ્રકારની અહિંસામય સરળ ભાવનાવાળાં કર્મો જે મનુષ્ય કરે છે, તે સદાચારી મનુષ્યને ઈશ્વર પોતાના પડખામાં લે છે, તેના પર કૃપા કરે છે અને તેની આગળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે; એટલું જ નહિ, પણ એવો મનુષ્ય–(૩) इन्द्रस्य दक्षिणः बाहुः असि એટલે 'ઇંદ્રના જમણા હાથરૂપ તું છે.' પ્રભુનો જમણો હાથ બનીને તે પોતાનું કાર્ય કરે છે. મતલબ કે 'હે મનુષ્ય! તું અગાઉ કહ્યા પ્રમાણે તારો વ્યવહાર રાખીશ, તો તું ઈશ્વરના જમણા હાથરૂપ બની જઈશ. તારી યોગ્યતા એટલી બધી વધી શકશે. આ પ્રમાણે 'ઈશ્વરનો જમણો હાથ' બનવાનો પ્રયત્ન પ્રત્યેક મનુષ્યે કરવો ઘટે; અને એ વાત શુભ કર્મો કરતાં રહેવાથી જ સિદ્ધ થાય તેમ છે. (૪) सहस्रभृष्टिः शततेजाः तिग्मतेजाः (असि) અર્થાત્ 'તું હજારો શત્રુઓનો સંહાર કરનાર, સેંકડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારનાં તેજોવાળો અને તીક્ષ્ણ જ્યોતિવાળો છે;' એટલે કે ઉપર દર્શાવ્યા પ્રમાણેનું આચરણ જો તું રાખીશ, તો આટલું બધું સામર્થ્ય તારામાં આવી જશે, તારી તેજસ્વિતા વધી જશે અને તારી કીર્તિ સુદ્ધાં ચોગરદમ ફેલાઈ જશે. જાણે કેમ-(૫) वायुः असि અથવા 'તું વાયુ (ન) હોય' એમ લાગશે. વાયુ જેમ સર્વને ચેતનદાતા થાય છે તે જ પ્રમાણે તું સર્વમાં ચેતન પ્રકટાવવાને શક્તિમાન થઈશ. ગતિ કરનાર તરીકે આ જગતમાં વાયુની ખ્યાતિ છે. ગતિની બાબતમાં વાયુની તોલે કોઈ પણ કશું જ આવી શકે તેમ નથી. એ વાયુની પેઠે જ તું સર્વની પ્રગતિ સાધી શકીશ; એટલું જ નહિ, પણ તે કારણે તું સર્વનો પ્રાણ જ બની જઈશ; અને (૬) द्विषतः वधः (असि) અથવા 'દ્વેષ કરવાવાળાઓનો સંહારક બનીશ.' દ્વેષ કરનારા તમામ લોકોનો નાશ કરી નાખીને તું એક પણ દ્વેષ્ટા વગરનો 'અજાતશત્રુ' કહેવાય એવી સ્થિતિ તને પ્રાપ્ત થશે. એ સ્થિતિ પ્રાપ્ત થયા પછી તો તારી ચિત્ત-વૃત્તિમાં સાવ વિલક્ષણ ફેરફાર પડી જશે. પહેલાં શત્રુને દેખતાં વાર તેને ઠાર કરી નાખવાની વૃત્તિ જે તારામાં હતી, તેને બદલે હવે વનસ્પતિનાં મૂળ સુદ્ધાં છેદન કરતાં તને દુઃખ ઉપજે એવી અહિંસક લાગણી તારામાં પેદા થશે. એ જ સ્થિતિનું વર્ણન કરતાં કહે છે, કે—

૨૫

पृथिवि देवयजन्योषध्यास्ते मूलं मा हिꣳसिषं व्रजं गच्छ गोष्ठानं वर्षतु ते द्यौर्बधान देव सवितः परमस्यां पृथिव्याꣳशतेन पाशैर्योऽस्मान्द्वेष्टि यं च वयं द्विष्मस्तमतो मा मौक् ॥ २५ ॥

(१) हे देवयजनि पृथिवि ! ते ओषध्याः मूलं मा हिंसिषम् (२) व्रजं गोष्ठानं गच्छ (३) द्यौः ते वर्षतु (४) [हे] सवितः देव ! परमस्यां पृथिव्यां शतेन पाशैः [तं] बधान यः अस्मान् द्वेष्टि, यं च वयं द्विष्मः, अतः तं मा मौक्

(१) हे देवयजनि पृथिवि, ते ओषध्याः मूलं मा हिंसिषम् અર્થાત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દેવતાઓ નિમિત્તે જેના પર હોમહવન કરવામાં આવે છે એવી હે પૃથ્વી! હે માતૃભૂમિ! તારી પીઠ પર ઊગનારી ઔષધિઓરૂપ વનસ્પતિઓનાં મૂળિયાં સુદ્ધાંને મારા તરફથી કંઈ પણ ઉપદ્રવ ન થવા પામજો!' જે મનુષ્ય પહેલાં શત્રુ નજરે પડતાંજ લાગલો તેનો વધ કરી નાખવાને ધસતો હતો, તે જ મનુષ્ય હવે પોતાને હસ્તે વનસ્પતિઓનાં મૂળિયાં સુદ્ધાંને હાનિ ન પહોંચે તેવી કાળજી રાખતો થાય છે. માનવ-ઉન્નતિની પાયરીઓ આવા પ્રકારની છે. ઉન્નતિની પહેલી પાયરીએ ઊભેલા માનવીને પોતાના શત્રુને પોતાને હાથે જ હણી નાખવાની વૃત્તિ ઉદ્ભવે છે; પણ તે જ માનવી જ્યારે ઉપરનું પગથિયું ચઢે છે, ત્યારે તેના દિલમાં પોતાના તરફથી કોઈ કરતાં કોઈને પણ ત્રાસ ન ઊપજે એવી લાગણી જન્મે છે. વનસ્પતિઓનાં મૂળ માટે પણ સુખદુ:ખની કલ્પના મનમાં ઉદ્ભવે એ ઉચ્ચ સ્થિતિ સૂચવે છે. ગાય વગેરે પશુઓને ઘર આગળ પાળવામાં આવે છે; તેમને ખાવાને ઘાસની જરૂર પડે છે; એ પશુઓને જંગલમાં ચરવા સારુ લઈ જવામાં આવે છે; ત્યાં તેમના તેમ જ આપણા પગ દ્વારા પુષ્કળ હિંસા થવાનો સંભવ છે. અહિંસાની વૃત્તિ સહજ એટલે સ્વભાવસિદ્ધ બની જવી જોઈએ. કૃત્રિમ રીતે હિંસા ન કરવી અથવા પ્રયત્નપૂર્વક અહિંસા પાળવી તેના કરતાં હિંસાની કલ્પના સરખી મનમાં ન ઉદ્ભવવી એ સ્થિતિ ખૂબ જ ઉત્તમ છે. મનની એવી સ્થિતિ પ્રાપ્ત થયા પછી હિંસક વૃત્તિનું કોઈ પણ પ્રાણી નજદીક આવી ચઢે છે તોપણ એ મનુષ્ય અહિંસક રહી શકે છે. હિંસા નામે આપણે હાથે ન થાય અથવા બની શકે તેટલી ઓછી થાય એવો આશય ચાલુ મંત્રભાગનો છે. પશુઓના ચારા માટે ઘાસ કાપ્યા વગર તો ચાલે જ નહિ, એટલે કાપવું તો પડવાનું જ, એને અંગે જરૂરજોગી હિંસા જે થવાની, તેને રોકવાનો ઉપાય નથી, તેથી તે કરવી; પણ કાપેલું ઘાસ લઈને (૨) व्रजं गोष्टानं गच्छ એટલે 'ગાયોના ગોઠાણમાં જા.' ત્યાં જઈને ઘાસ ગાયોને નીર, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમેશ્વરની પ્રાર્થના કર, કે–(૩) द्यौः ते वर्षतु અર્થાત્ 'દ્યુલોક તારા પર પુષ્કળ વરસાદ વરસાવો.' મતલબ કે 'હે ઘાસ, તારા પર મેઘરાજા પુષ્કળ મહેર કરો. મેં મારા પૂરતું તને કાપ્યું, તેથી તને જે ત્રાસ પડ્યો તે બદલ મારો બીજો કોઈ ઉપાય ચાલે તેમ નહોતો તેથી મારે તને કાપવું પડ્યું છે; અને તે બદલ વૃષ્ટિ કરનારા દેવને હું પ્રાર્થું છું, કે 'આ ઘાસ પર તું પુષ્કળ વરસજે અને તેની પુષ્કળ વૃદ્ધિ કરજે!' આટલે દરજ્જે અહિંસા વૃત્તિ ખીલવા પામતાં જ એના શત્રુ માત્રની વ્યવસ્થા કરવાનો ભાર ઇશ્વરે પંડે જ ઉપાડી લેવો પડે છે. એ સ્થિતિનો ખ્યાલ આ પછીના મંત્રભાગમાં આપવામાં આવ્યો છે, તે આ પ્રમાણેઃ–(૪) हे सवितः देव, परमस्यां पृथिव्यां शतेन पाशैः तं बधान यः अस्मान् द्वेष्टि यं च वयं द्विष्मः, अतः तं मा मौक् એટલે કે 'હે સર્વોત્પાદક દેવ! આ અસીમ પૃથ્વીની અંદર તેને સેંકડો બંધનો વડે બાંધી લે, કે જે એકલો દુષ્ટ અમારા બીજાં બધાંનો દ્વેષ કરે છે; અને તે કારણે અમે બધાં તે એકલાનો દ્વેષ કરીએ છીએ, (તેને તું તારા અમોઘ પાશ વડે બાંધી રાખ) અને ત્યાંથી તેને બંધન મુક્ત કરીશ જ ના.' દુષ્ટોને શિક્ષા કરવાનું કામ પરમેશ્વરને જ સોંપી દેવું. આપણા હાથમાં એ કામ કદી પણ ન લેવું. કાયદો આપણા હાથમાં લેવાનું બિલકુલ વ્યાજબી નથી; કારણ કે પ્રત્યેક માણસ જો પોતપોતાના દુશ્મનને મારી નાખવાની નીતિ અખત્યાર કરે, તો તો તેના પરિણામે દેશભરમાં બધે જ અરાજકતા વ્યાપી જાય અને કોઈ ને જ જંપ ન રહે; એટલે સજા કરવાનો અધિકાર ઇશ્વરનો અથવા રાજ્યનો છે એમ સમજીને મનુષ્યોએ પોતાનો વ્યવહાર ચલાવવો. શત્રુ કોને સમજવા એનો ઉત્તર આ મંત્રમાં અપાયો છે. **"જે એકલો વિના કારણ બીજા બધા લોકોનો દ્વેષ કરે અને જે એકલાનો બીજાં બધાં એકીમતે દ્વેષ કરે, તેનું નામ શત્રુ કે દુશ્મન."** એવા શત્રુને દૂર કરી દેવો અથવા તો એવા શત્રુનું સાલ કાયમનું ઉખેડી નાખવું, એ સમાજહિતની દૃષ્ટિએ અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવશ્યક છે. મતલબ કે અલ્પ સંખ્યાબળવાળાએ અથવા લઘુમતિએ બહુ સંખ્યાબળવાળા એટલે બહુમતિ પક્ષને વિના કારણ ત્રાસ ન આપવો જોઈએ; તેમ જ બહુમતિ પક્ષે લઘુમતિ પક્ષથી ગાંજ્યા પણ ન જવું જોઈએ. સહુનું જ હિત થાય તે પ્રમાણે સહુએ વર્તવું. અન્યાયથી કેવળ પોતાનો સ્વાર્થ સાધી લેવાની દાનત કોઈએ જ ન રાખવી. કોઈએ જ તેવો પ્રયત્ન ન કરવો. એવું વર્તન રાખવાથી સમાજ મધ્યે શત્રુતા ઉત્પન્ન જ થવા પામતી નથી અને સમાજ સુખચેનમાં રહી શકે છે. સમાજ સુખચેનમાં રહી શકે તે માટે લોકો પ્રભુભક્ત થવા જોઈએ, પ્રભુની નિંદા કરવાવાળું કોઈ જ ન રહેવું જોઈએ, એટલા સારુ કહ્યું છે, કે—

२६

अररु पृथिव्यै देवयजनाद्वध्यासं व्रजं गच्छ गोष्ठानं वर्षतु ते द्यौर्बधान देव सवितः परमस्यां पृथिव्याᳩशतेन पाशैर्योऽस्मान्द्वेष्टि यं च वयं द्विष्मस्तमतो मा मौक्। अररो दिवं मा पप्तो द्रप्सस्ते द्यां मा स्कन् व्रजं गच्छ गोष्ठानं वर्षतु ते द्यौर्बधान देव सवितः परमस्यां पृथिव्याᳩशतेन पाशैर्योऽस्मान्द्वेष्टि यं च वयं द्विष्मस्तमतो मा मौक् ॥ २६ ॥

(१) पृथिव्यै देवयजनात् अररुं वध्यासम् (२) व्रजं गोष्ठानं गच्छ, द्यौः ते वर्षतु [हे] सवितः देव! परमस्याम् पृथिव्याम् शतेन पाशैः [तं] बधान, यः अस्मान् द्वेष्टि यं च वयं द्विष्मः, अतः तम् मा मौक् (३) [हे] अररो! दिवं मा पप्तः (४) ते द्रप्सः द्यां मा स्कन् (५) व्रजं गोष्ठानं गच्छ द्यौः ते वर्षतु [हे] सवितः देव! परमस्याम् पृथिव्याम् शतेन पाशैः [तं] बधान, यः अस्मान् द्वेष्टि यं च वयं द्विष्मः अतः, तम् मा मौक्

(१) पृथिव्यै देवयजनात् अररुं वध्यासम् એટલે કે ' પૃથ્વી પરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવપૂજકોનાં રહેઠાણોમાંથી દુષ્ટોને હું દૂર કરી દઉં છું.' દેવપૂજકો અથવા દેવભક્તોનો સંઘ ફાલેફૂલે અને નિંદકો અથવા નાસ્તિકો તરફથી તેમને કોઈ પણ પ્રકારની હેરાનગતિ ન થાય એવો બંદોબસ્ત રહેવો જોઈએ. એ કામ રાજાનું છે. (૨) व्रजं॰ [ઇત્યાદિ મંત્રભાગની સમજૂત મંત્ર ૨૫: નંબર ૨ થી ૪ ની ટીપ્પણોમાં આપવામાં આવી છે. એ જ ઉપદેશ વિશેષ રૂપે ઠસાવવા માટે આ મંત્ર વારંવાર આવે છે.] હવે દુષ્ટને ઉદ્દેશીને થોડોક ઉપદેશ કરે છે, કે (૩) हे अररो! दिवं मा पप्तः અર્થાત્ 'હે દુષ્ટ! તું તારા પોતાના સ્વર્ગધામને તો ન જ બગાડતો! બીજા કોઈની પરવા તને ભલે ન હોય, પણ તારા પોતાના સુખની પરવા તો તને અવશ્ય છે જ; તો પછી તું રખે એમ સમજતો, કે બીજાંને દુઃખ દઈને તું જાતે સુખી થઈ શકીશ! દુષ્ટપણે વર્તવાથી શરૂશરૂમાં સુખનો કંઈક આભાસ દેખાય, તેથી રખે છેતરાતો! એનાથી તો તારું સુખ રોળાઈ જાય છે, ધૂળ-ધાણી બની જાય છે, એ કદી ન વિસરતો. બીજાંને સુખ આપ્યાથી તારા સુખની વૃદ્ધિ થશે. દ્યુલોક એટલે સ્વર્ગલોક એ તારા સુખનું ધામ છે, એમાં જો ખામી આવી જશે–એ જો બગડશે, તો તારા સુખમાં પણ ખામી આવવાની જ; માટે પોતાને હાથે પોતાના સુખને હાનિ પહોંચાડવી, એ તારે માટે બિલકુલ વ્યાજબી નથી. તે જ પ્રમાણે (૪) ते द्रप्सः द्यां मा स्कन् અર્થાત્ 'તારો સત્ત્વરસ તારા સ્વર્ગની રુકાવટ ન કરો.' સ્વર્ગ તારી પાસે આવતું હોય, અથવા તું સ્વર્ગના તરફ જવા લાગ્યો હોઉં, તે વખતે તારી પોતાની જ કોઈ કૃતિ તારી સુખપ્રાપ્તિની ગતિને બાધક ન નીવડે, તે માટે ખાસ કાળજી રાખવી. આપણી અંદર જીવનરસનો જે પ્રવાહ નિરંતર વહે છે તેને અહીં द्रप्सः એવી સંજ્ઞા અપાઈ છે. પ્રત્યેકની અંદર આ પ્રવાહ ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે. પ્રવાહનો પ્રકાર ફાવે તેવો હોય, પણ તેના યોગે સ્વહિતની હાનિ ન થાય, તે જોતાં રહેવું: એટલી ખબરદારી જો દરેક જણ રાખશે, તો પુષ્કળ સુખ મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકશે. આ પ્રમાણે વર્તતા રહેવાથી મનુષ્યની ઘણી જ ઉન્નતિ થઈ શકે. (૫) व्रजं० [ઇત્યાદિ મંત્રભાગોની સમજૂત માટે જુઓ. મંત્ર ૨૫ની ટીપણ નં. ૨ થી ૪ : એ મંત્રોનું રહસ્ય દિલમાં બરાબર ઠસાવવા ખાતર જ તે અત્રે ફરી આપવામાં આવ્યા છે.]

૨૭

गायत्रेण त्वा छन्दसा परिगृह्णामि त्रैष्टुभेन त्वा छन्दसा परिगृह्णामि जागतेन त्वा छन्दसा परिगृह्णामि। सुक्ष्मा चासि शिवा चासि स्योना चासि सुषदा चास्यूर्जस्वती चासि पयस्वती च ॥२७॥

(१) [हे पृथिवि!] गायत्रेण छन्दसा त्वा परिगृह्णामि (२) [हे पृथिवि!] त्रैष्टुभेन छन्दसा त्वा परिगृह्णामि (३) [हे पृथिवि!] जागतेन छन्दसा त्वा परिगृह्णामि (४) [हे पृथिवि!] सुक्ष्मा च असि शिवा च असि, स्योना च असि, सुषदा च असि, ऊर्जस्वती च असि, पयस्वती च असि

(૧) (हे पृथिवि!) गायत्रेण छन्दसा त्वा परिगृह्णामि એટલે કે 'હે માતૃભૂમિ! પ્રાણરક્ષાના છન્દે હું તને સ્વીકારું છું.' આ મંત્રમાં તેમ જ તે પછીના બે મંત્રોમાં छन्दः શબ્દ વપરાયો છે. એ શબ્દમાં અહીં શ્લેષાર્થ રહેલો છે. छन्दस् શબ્દના અર્થ જોવા જઈએ તો 'ઇચ્છા, ઇચ્છા-શક્તિ, કામના, આનંદ, સ્વતંત્ર ઇચ્છા-શક્તિ, ઇચ્છાપૂર્વકનો વ્યવહાર અથવા આચાર, મનીષા, યુક્તિ, અક્ષરછંદ' એટલા બધા થાય છે. गायत्र એટલે (गय + त्र) પ્રાણરક્ષા કિંવા પ્રાણનું રક્ષણ કરવું તે. પોતાના પ્રાણની રક્ષા કરવાની કામના પ્રત્યેકના દિલમાં હોય છે, પરંતુ પોતાના પ્રાણ પાથરીને પણ માતૃભૂમિનું રક્ષણ કરવું એવી જે શ્રેષ્ઠ ઇચ્છાશક્તિ માતૃભૂમિના ભક્તોના દિલમાં હોય છે, તે ઇચ્છાશક્તિના જોરે કિંવા નાદે હું મારી માતૃભૂમિનો સાદર સ્વીકાર કરું છું. મતલબ કે પ્રાણરક્ષાની જેવી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલી ઉત્કંઠા મનુષ્યના મનમાં હોય છે, તેવી ને તેટલી જ ઉત્કંઠાથી માતૃભૂમિનું રક્ષણ હું કરીશ. પ્રાણુરક્ષણુની ઇચ્છા જેવી રીતે દરેક મનુષ્યના મનમાં હોય છે, તેવા જ મનોભાવથી હું મારી માતૃભૂમિને ચાહીશ. માતૃભૂમિને પ્રાણ જેટલી જ વહાલી ગણીશ. તે જ પ્રમાણેઃ– (૨) [हे पृथिवि !] त्रैष्टुभेन छन्दसा त्वा परिगृह्णामि અર્થાત્ 'હે માતૃ-ભૂમિ! ત્રણ સ્તવનોના છંદે હું તને અંગીકારું છું.' स्तुभ એટલે 'સ્તુતિ કરવી, પૂજા કરવી, થંભાવવું, સ્તબ્ધ કરવુ' એટલા અર્થ થાય; તેથી ત્રિષ્ટુભ એટલે 'જેમાં ત્રણુની સ્તુતિ છે, જેનાથી ત્રણુનો સત્કાર થાય છે અને ત્રણેને જેણે પોતાની આગળ થંભાવી દીધા છે' એવો અર્થ થાય. પ્રકૃતિ, જીવાત્મા તથા પરમાત્મા એ ત્રણેની સ્તુતિ જે કર્મમાં રહેલી છે, એ ત્રણેનો પૂજાવિધિ જેમાં સમાયલો છે, એ ત્રણેનો સત્કાર જે કર્મથી થાય છે, તે કર્મના નાદે હું તને સ્વીકારું છું. એથી પણ આગળ વધીને કહે છે, કે–(૩) हे पृथिवि ! जागतेन छन्दसा त्वा परिगृह्णामि અર્થાત્ 'હે માતૃભૂમિ! જગતના નાદે કરીને હું તારો સ્વીકાર કરું છું.' એટલે કે 'હે માતૃભૂમિ ! જગતમાં મારાં કર્તવ્યો બજાવવાની ધગશને કારણે હું તારી ભક્તિ કરું છું; અર્થાત્ કે જગત સમસ્તનું હિત સધાય એવી ઇચ્છાથી પ્રેરાઈને જ હું તને ઉપાસ્ય દેવી તરીકે માનું છું. સકળ જગતની સેવા કરવાની મારી ઇચ્છા છે, પણ એ મહાભારત કાર્ય મારે હાથે બનવું મુશ્કેલ છે; એટલે જ જગતનું કલ્યાણ થાય તે ખાતર મેં મારી માતૃભૂમિની સેવા અંગીકારી છે. નં. ૧ થી ૩ના મંત્રભાગોમાં ત્રણ છંદનો ઉલ્લેખ છે. એ 'છંદ' શબ્દના બે અર્થો થાય છે. એક તો કાવ્યનો છંદ એટલે રાહ અથવા ઢાળ અને બીજા કોઈ પણ બાબતનો નાદ અથવા ચડસ. આ ઠેકાણે બીજો અર્થ લેવાનો છે. અમુક માણસને યોગનો છંદ લાગ્યો છે, અમુકને વ્યાયામનો નાદ લાગ્યો છેઃ એ વાક્યોમાં 'છંદ'નો જે અર્થ થાય છે તેવા જ અર્થમાં અહીં એ શબ્દ વપરાયો છે. (૧) गायत्र छन्द એ ગય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેતાં પ્રાણ અને ત્ર કહેતાં રક્ષણ—એટલે કે પ્રાણરક્ષાનો છંદ છે. (૨) બીજો त्रैष्टुभ छन्द એટલે त्रि કહેતાં ત્રણ, અને स्तुभ કહેતાં આદરસત્કાર—એટલે કે સૃષ્ટિ, જીવ અને ઈશ્વિર એ ત્રણેનો આદર કરવાનો નાદ છે. (૩) ત્રીજો जागत छन्द એ 'જાગત' કહેતાં 'જગત સંબંધી' કર્તવ્યો કરવાનો છંદ છે. આ ત્રીજા છંદને જગદુદ્ધારનો છંદ કહી શકાય. પ્રાણશક્તિને બળવાન બનાવીને પ્રાણોનું રક્ષણ કરવું એ વૈયક્તિક તૈયારીની દૃષ્ટિએ બહુ મહત્ત્વની વસ્તુ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ ઇત્યાદિ યોગનાં સાધનો પ્રાણની શક્તિ વધારવા માટે છે. ત્યારબાદ ઈશ્વરની ઉપાસના, આત્મિક બળનું સંવર્ધન અને સૃષ્ટિનો યથાયોગ્ય ઉપયોગ કરીને સુખસાધનો નિર્માણ કરવાં, એ ત્રણ બાબતો બીજા છન્દમાં સમાવિષ્ટ થાય છે. સામાજિક તેમ જ રાષ્ટ્રીય વ્યવહારનો સમાવેશ પણ આની જ અંદર થાય છે. ત્રીજા છંદમાં वसुधैव कुटुंबकम् ની વૃત્તિથી રાષ્ટ્રસેવા કરવાનો ભાવ રહેલો છે. રાષ્ટ્રસેવાનું કાર્ય જગત કલ્યાણનું વિરોધી ન જ હોય. આ ત્રણ છંદો બહુ ખૂબીથી આ ત્રણ મંત્રભાગોમાં રજૂ કરાયા છે. શ્લેષાર્થ કહેતાં બેવડા અર્થવાળા શબ્દપ્રયોગથી આ ઉપદેશ અત્રે આપવામાં આવ્યો છે. જેમ કે—बहुव्रीहि એ એક સમાસનું નામ છે, તેમ જ તેનો બીજો અર્થ 'પુષ્કળ ચોખા જેની પાસે છે તેવો મનુષ્ય' એવો પણ થઈ શકે. તે જ પ્રમાણે गायत्र, त्रैष्टुभ અને जागत એ શબ્દોનો પણ બીજો અર્થ ઘટાવીને જ ઉપર્યુક્ત અભિપ્રાય જણાવ્યો છે એમ સમજવું. આ શ્લેષાર્થ લક્ષ્યમાં નહિ લેવાય, તો અર્થનો અનર્થ થવાનો સંભવ છે; તેથી આ સૂચન અત્રે આગ્રહપૂર્વક કરવામાં આવ્યું છે. લોકોમાં આ ત્રણે છંદો હોય: (૧) પ્રાણરક્ષા કરવાનો: (૨) સૃષ્ટિ, જીવ અને ઈશ્વરનો આદર કરવાનો; (૩) જગતનું હિત કરવાનો. આ ત્રણે છંદ મનુષ્યને હોવા જોઈએ. જેને કોઈ પણ જાતનો છંદ નથી, તે માણસ બિલકુલ સાધારણ અવસ્થામાં જ પડી રહે છે. તેની યોગ્યતા ઝાઝી વધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતી જ નથી. કોઈ પણ જાતનો સારો છંદ અથવા નાદ એ તો ઉન્નતિને સહાયકતી જ થઈ પડે છે. ઘણાંઓને ખરાબ બાબતોનો છંદ હોય છે, પણ તેવા છંદ ઘાતક કિંવા અનર્થકારી છે; માટે અહીં આ ત્રણ છંદ જ હોય એવું ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. ખરાબ છંદથી પ્રાણશક્તિની ખરાબી થાય છે, એટલે ખરાબ છંદ ઘાત કરનારો છે. અત્રે રજૂ કરાયલા છંદોથી માતૃભૂમિનો સ્વીકાર-સત્કાર કરવાનો છે, એટલે કે માતૃભૂમિને ઉપાસ્ય દેવતા તરીકે હૃદયમાં ધારણ કરવાની છે. ઉપર્યુક્ત ત્રણે છંદો દ્વારા પણ માતૃભૂમિની ઉપાસના કરવામાં આવશે, તો તે જગત-ઉદ્ધારનો-વિશ્વોન્નતિનો ઉત્તમ કર્મમાર્ગ થઈ પડશે, એ વાત વાચકોએ અત્રે ખાસ ધ્યાનમાં લેવી. (૪) हे पृथिवि ! सुस्ना च असि, शिवा च असि, स्योना च असि, सुषदा च असि, ऊर्जस्वती च असि, पयस्वती च असि એટલે કે 'હે માતૃભૂમિ! તું બળ આપવાવાળી છે, આનંદ આપવાવાળી છે, કલ્યાણકારી છે, બેસવાને માટે ઉત્તમ સ્થાન દેવાવાળી છે, ઉત્તમ ખોરાક-પાણીથી યુક્ત છે.' માતૃભૂમિના યોગે બળ, આનંદ, સુખ, સ્થાન, તેમ જ ખાનપાનાદિની પ્રાપ્તિ થતી હોઈ માતૃભૂમિની ભક્તિ અવશ્ય કરતા રહેવી, એટલે સર્વ પ્રકારનાં સુખ સાધનો પ્રાપ્ત થશે. જન્મ ધરીને જે સૌથી શ્રેષ્ઠ કર્તવ્યો કરવાનાં છે તે આ જ છે. આ લોકોનો જીવનવ્યાપાર શુદ્ધ માર્ગે સુખપૂર્વક ચાલે અને પરલોકમાં પણ સુખ મળે એવા પ્રકારનાં શ્રેષ્ઠ કર્મો આ જન્મમાં મનુષ્યે કરવાં જ રહ્યાં. એવી જાતનાં અતિ પ્રશસ્ત કર્મો કરનાર મનુષ્ય પોતાના પુરુષાર્થ દ્વારા માતૃભૂમિને જરૂર તેજસ્વી બનાવે છે. માતૃભૂમિની ભક્તિ મનુષ્યે શા માટે કરવી એ પ્રશ્નનો ઉત્તર આ મંત્ર ઉત્તમ રીતે આપે છે, ને તે આ પ્રમાણેઃ—(૧) માતૃભૂમિ આપણા બળમાં વધારો કરે છે, (૨) માતૃભૂમિ આપણું હરેક પ્રકારે કલ્યાણ કરે છે, (૩) માતૃભૂમિ આપણને સર્વ પ્રકારનાં સુખસાધનો આપે છે, (૪) બેસવા ઉઠવાને તેમ જ હરેક પ્રકારના વહેવાર સારુ સ્થાન આપે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) આપણા પોષણ સારુ ઉત્તમ પ્રકારના સ્વાદિષ્ટ ખાદ્ય પદાર્થો આપે છે, (૬) ભાતભાતના પીવાના પદાર્થો પણ આપે છે—એટલા માટે જ માતૃભૂમિની ભક્તિ કરવી, એ હરેક મનુષ્યની ફરજ છે. આપણી માતૃભૂમિમાં આપણે ઉત્તમ સ્થિતિમાં સ્વતંત્રતાપૂર્વક રહી શકીએ તથા હરકોઈ પુરુષાર્થ અને પોતાની ઇચ્છા પ્રમાણે કામ કરી શકીએ એવી સ્થિતિ હોવી જોઈએ. માતૃભૂમિમાં વસતાં તમામ મનુષ્યોના ઉદ્ધાર અર્થે આત્મસમર્પણ કરવાને તત્પર રહેવું જોઈએ. આ બાબતમાં હવેનો મંત્ર ખાસ જોવા જેવો છે.

૨૮

पुरा क्रूरस्य विसृपो विरप्शिन्नुदादाय पृथिवीं जीवदानुम्। यामैरयँश्चन्द्रमसि स्वधाभिस्तामु धीरासो अनुदिश्य यजन्ते। प्रोक्षणीरासादय। द्विषतो वधोऽसि॥ २८॥

(१) हे विरप्शिन्! विसृपः क्रूरस्य पुरा यां जीवदानुं पृथिवीं उदादाय, धीरासः तां अनुदिश्य यजन्ते स्वधाभिः चन्द्रमसि ऐरयन् (२) प्रोक्षणीः आसादय (३) द्विषतः वधः असि

(१) हे विरप्शिन्! विसृपः क्रूरस्य पुरा, यां जीवदानुं पृथिवीं उदादाय, धीरासः अनुदिश्य यजन्ते, तां स्वधाभिः चन्द्रमसि ऐरयन् અર્થાત્ 'હે વિજ્ઞાનયુક્ત પુરુષ! વીરોના યુદ્ધની શરૂઆત થઈ તે પહેલાંથી જ, જીવનદાત્રી માતૃભૂમિના ઉદ્ધાર અર્થે, ધીર અને બુદ્ધિમાન લોકો તેની ખાતર જે આત્મયજ્ઞ અથવા આત્મસમર્પણ કરે છે, તે એ ભૂમિને પોતાની ધારકશક્તિ વડે ચંદ્રના જેવી તેજસ્વી બનાવે છે.' કેટલાક લોક એમ સમજતા હોય છે, કે યુદ્ધની અંદર જ વીર પુરુષ પોતાની સર્વ શક્તિનો સંપૂર્ણ આત્મયજ્ઞ કરે છે; પરંતુ આ મંત્રમાં કહ્યું છે, કે માતૃભૂમિના ભક્તોનો આત્મયજ્ઞ (क्रूरस्य पुरा धीरासः यजन्ते) ક્રૂર યુદ્ધની શરૂઆત થાય તે પહેલાંથી શરૂ થાય છે. બુદ્ધિમાન લોકોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મયજ્ઞ પહેલેથી જ થતો હોય છે, અને તે ખરું પણ છે. શૂરવીર યોદ્ધો પોતાનો દેહ સમરાંગણમાં સમર્પી દે છે એ ખરું; પણ જ્ઞાનવાન, ધનવાન અને કારીગર વર્ગ સુદ્ધાં પોતપોતાની અંદર રહેલી શક્તિઓ વડે માતૃભૂમિ અર્થે આત્મયજ્ઞ કરતા હોય છે જ. (ધીર=ધી+ર) બુદ્ધિથી સલાહ-મસલત આપનારા લોકો પોતાના બુદ્ધિપ્રભાવથી રાષ્ટ્ર-તેમ જ જનતાને સવેળા સાવધ કરી દેવારૂપી જે બૌદ્ધિક યજ્ઞ કરે છે, તે તો ખાસ મહત્ત્વનો છે. અહીં વીરોના યુદ્ધને 'ક્રૂર' કહેવામાં આવ્યું છે. યુદ્ધ એ બહુ મોટું ક્રૂર કર્મ છે. ખરું જોતાં તો ક્રૂર કર્મથી મનુષ્યે સો ગાઉ દૂર રહેવું જોઈએ; પરંતુ રાક્ષસી વૃત્તિના લોકો જ્યારે બૌદ્ધિક સમજાવટ-પતાવટથી ન માને, ત્યારે પછી તેવા લોકોને દૂર કરવા માટે યુદ્ધ જેવા ક્રૂર કર્મનો આશરો લેવો પડે છે. એ ક્રૂર યુદ્ધ શરૂ થાય તે પહેલાંથી જ બૌદ્ધિક કાર્ય કરનારા લોકો પોતાનો બુદ્ધિ અથવા જ્ઞાનયજ્ઞ આરંભી દે છે અને જનતાની અંદર અપૂર્વ ઉત્સાહ અને જોમ પ્રગટાવે છે. એ સઘળાં યજ્ઞ (तां पृथिवीं अनुदिश्य यजन्ते) એ માતૃભૂમિની ઉન્નતિનું ધ્યેય લક્ષમાં રાખીને જ કરવામાં આવે છે. અત્રે 'યજ્ઞ' કરવો એટલે શું? તે બરાબર સમજવું જોઈએ. યજ્ઞમાં મુખ્ય ત્રણ બાબતો કરવાની હોય છે: देवपूजा-संगतीकरण-दानमयो यज्ञः અર્થાત્ 'દેવ-સત્કાર, સંગઠન અને દાન, ધર્મ કે પરોપકાર'-આ ત્રણ મહત્ત્વની વાતો યજ્ઞમાં થાય છે. દીનહીન સ્થિતિમાં જે લોકો હોય તેમના ઉદ્ધાર માટે બને તેટલી સહાય આપવી જોઈએ. સમગ્ર સમાજનું સંગઠન કરીને તેનું સંઘબળ વધારવું જોઈએ અને જેઓ સત્કારને પાત્ર હોય, તેમનો યથાયોગ્ય સત્કાર કરવો જોઈએ. આ ત્રણે બાબતો યજ્ઞમાં બને છે. રાષ્ટ્રહિત અને જનહિતની દૃષ્ટિએ યજ્ઞનું મહત્ત્વ વિશેષ છે; એટલા માટે જ મંત્ર ૨૭:-૧ થી ૩ નંબરના મંત્રભાગોથી ઉપદેશવામાં આવ્યું છે, કે 'ત્રણ છંદથી માતૃભૂમિનો સ્વીકાર કરવો. (મંત્ર ૨૭:૪) તેની ઉપાસના કરીને સર્વ સુખો પ્રાપ્ત કરી લેવાં, (૧) પોતાના પુરુષાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારા તેને તેજસ્વી બનાવવી અને તેને માટે પોતપોતાની શક્તિઓ સમર્પી દેવી. યજ્ઞ કરવાનું જે કહેવાય છે, તે આવા જ પ્રકારનો યજ્ઞ હોઈ મનુષ્ય માત્રે તે કરવાની ખાસ જરૂર છે. અત્રે એમ પણ કહેવામાં આવ્યું છે, કે (तां पृथिवीं स्वधाभिः चन्द्रमसि ऐरयन्) એ માતૃભૂમિને પોતાની ધારકશક્તિ દ્વારા ચંદ્રમા મધ્યે પ્રેરિત કરે છે; અહીં स्वधा चन्द्रमस् એ બે શબ્દોના આશય સમજવા જોઈએ. स्व+धा એટલે પોતાની ધારકશક્તિઃ આપણી પોતાની અંદરની ધારકશક્તિના યોગે આપણાં શરીર, સમાજ, રાષ્ટ્ર અને આખા જગતનું ધારણ થયેલું છે; અર્થાત્ એ બધાંનો ટકાવ થયેલો છે, તે શક્તિને જ स्वधा કહેવામાં આવે છે. રાષ્ટ્રના લોકોમાં એ ધારકશક્તિ હોય છે તો જ રાષ્ટ્ર સ્વતંત્ર રહી શકે છે; નહિ તો તે એવા લોકોના તાબામાં જાય છે, કે જેમનામાં તેમના કરતાં વિશેષ ધારકશક્તિ હશે. એટલા માટે પ્રત્યેક રાષ્ટ્રની પ્રજાએ પોતાની ધારકશક્તિનું પ્રમાણ ખાસ વધારવું જોઈએ. આ स्वधा શબ્દનો અર્થ બરાબર ધ્યાનમાં રાખવામાં આવશે, તો પોતાનું કર્તવ્ય કર્મ શું? તે ક્યારે ય પણ હરકોઈ સહજે સમજી શકશે. चन्द्रमाः શબ્દનો મૂળ ધાત્વર્થ (चन्द्रति आह्लादयति इति चन्द्रः) 'આહ્લાદ આપનારો' એવો થાય છે. જેના તરફ જોવાથી જોનારને આનંદ થાય, તે ચંદ્ર અથવા ચંદ્રમા કહેવાય. જે મનુષ્ય પોતાની માતૃભૂમિને સ્વપુરુષાર્થથી ચંદ્રમા પ્રમાણે આહ્લાદદાયક બનાવે, તે જ મનુષ્ય માતૃભૂમિનો સાચો ભક્ત ગણાય. બુદ્ધિથી શૌર્યથી, ધનથી કે કર્મથી માતૃભૂમિને ચંદ્ર જેવી આનંદદાયી બનાવી શકાય, એવા પ્રકારના પુરુષાર્થનું નામ જ યજ્ઞ છે; અને એ કારણે જ 'યજ્ઞથી સર્વની ઉન્નતિ થાય છે' એવું બધા જ ધર્મોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એવી સ્વધા અથવા ધારકશક્તિ પોતાની અંદર વિકસે એવી ઇચ્છા જો હોય, તો (૨) प्रोक्षणीः आसादय એટલે 'શુદ્ધ કરનારી(બુદ્ધિ)નો સાથ શોધો.' અર્થાત્ પવિત્રતા વધારનારી બુદ્ધિમાં વધારો કરો. કાયા, વાચા, મન અને બુદ્ધિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલો મેલ દૂર કરો ને પવિત્ર બનો. તમારી નીતિ-રીતિ એવી રાખો, કે જેથી તમારી પવિત્રતા વધવા પામે; કારણ કે આત્મશુદ્ધિથી જ સર્વ જાતનું કલ્યાણ સિદ્ધ થવાનું છે. (૩) द्विषतः वधः असि એટલે 'દ્વેષકર્તાનો વધકર્તા તું છે.' [મંત્ર ૨૪ ની ૬ ઠ્ઠી ટીપણીમાં આ જ મંત્ર આવેલો હોઈ તેનું સ્પષ્ટાકરણ આ ઠેકાણે જોઈ લેવું. તેમ જ ૪૫ થી ૪૮ મા મંત્રભાગોનો આશય પણ આવો જ છે, એટલે તે પણ જોઈ જવા.] આ મંત્રના ઉપદેશ પ્રમાણે વર્તવાથી શું પરિણામ આવે તે જુઓ:

૨૯

प्रत्युष्टꣳ रक्षः प्रत्युष्टा अरातयो निष्टप्तꣳ रक्षो निष्टप्ता अरातयः । अनिशितोऽसि सपत्नक्षिद्वाजिनं त्वा वाजेध्यायै सम्मार्ज्मि । प्रत्युष्टꣳ रक्षः प्रत्युष्टा अरातयो निष्टप्तꣳ रक्षो निष्टप्ता अरातयः । अनिशिताऽसि सपत्नक्षिद्वाजिनीं त्वा वाजेध्यायै संमार्ज्मि ॥ २९ ॥

(१) रक्षः प्रत्युष्टं, अरातयः प्रत्युष्टाः, रक्षः निष्टप्तं, अरातयः निष्टप्ताः (२) अनिशितः सपत्नक्षित् असि, त्वा वाजिनं वाजेध्यायै संमार्ज्मि (३) रक्षः प्रत्युष्टं० [१] (४) अनिशिता सपत्नक्षित् असि, त्वा वाजिनीं वाजेध्यायै संमार्ज्मि

(१) रक्षः प्रत्युष्टं, अरातयः प्रत्युष्टाः रक्षः निष्टप्तं, अरातयः निष्टप्तः એટલે કે 'રાક્ષસનો નાશ થયો, અનુદાર નષ્ટ થયા, રાક્ષસ દાઝી જઈને ભાગી નીસર્યો, અનુદાર પણ દાઝીને ભાગી નીકળ્યા.' આ પ્રમાણે શત્રુઓનો વિનિપાત થતો હોવાનો અનુભવ તમને પ્રાપ્ત થશે. મતલબ કે, તમારી પોતાની આત્મશુદ્ધિ સધાઈ અને શત્રુઓનો સામનો કરવાની તમારી તાકાત વધી, એટલે પછી તમારા તમામ દુશ્મનો આપોઆપ દૂર ખસી જશે અથવા તમારા હાથે નાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામશે. તમને હેરાન કરવા કે તમને ત્રાસ આપવાને પછી કોઈ જ શત્રુ બાકી રહેશે નહિ. [આ ઠેકાણે, મંત્ર ૭: ટીપણી ૧ થી ૪, મંત્ર ૯: ૬, મંત્ર ૧૪: ૨ મંત્ર ૧૬: ૬, મંત્ર ૧૯: ૨ ની ટીપણીઓ જોવી; કારણ આ જ મંત્ર ત્યાં પણ આવેલા હોઈ ત્યાં તે વધારે વિસ્તારથી સમજાવવામાં આવ્યા છે.] (૨) अनिशित: सपत्नक्षित् असि, त्वा वाजिनं वाजेध्यायै संमार्ज्मि અર્થાત્ ' સ્વભાવે તું ખાસ તીખો ' નથી, છતાં પોતાના શત્રુને પરાસ્ત કરવાની શક્તિ તારામાં સ્વાભાવિક રીતે જ રહેલી છે. તારા એ સ્વાભાવિક સામર્થ્યના વિકાસ માટે હું તને પવિત્ર અથવા શુદ્ધ કરું છું.' તારો સ્વભાવ બહુ તીક્ષ્ણ અથવા તેજ નથી; એટલે કે કોઈ તીક્ષ્ણ હથિયાર સ્પર્શમાત્રથી જેમ જખમ કરી બેસે છે, અથવા તીખા સ્વભાવનો માણુસ વાતવાતમાં જેમ બીજાને સતાવે છે, તે પ્રમાણે કોમળ સ્વભાવનો મનુષ્ય સ્વાભાવિક રીતે જ બીજાને ત્રાસદાયક બની શકતો નથી. એ આશયથી કહે છે, કે ' હે પુરુષ ! તું (अनिशित:) બહુ તેજ સ્વભાવનો નથી, મૃદુ સ્વભાવનો છે, શાંત છે; છતાં પણ (सपत्नक्षित् असि) સ્વશત્રુઓનો નાશ કરવાનું સામર્થ્ય તારામાં રહેલું છે. સ્વભાવે તીખો અને ઉગ્ર માણુસ જ શત્રુઓને ઠોકી પાડે એવી સાધારણ સમજ છે; પરંતુ આ મંત્રભાગમાં વર્ણવ્યા પ્રમાણે તો સ્વભાવે શાંત રહેવા છતાં પણ મનુષ્ય શત્રુઓને પરાસ્ત કરવાની તાકાત કેળવી શકે તો તે ખાસ ઇષ્ટ છે. માનવીની અંદર રહેલી ક્રૂરતા દૂર કરીને તેની સૌમ્ય પ્રકૃતિને ખીલવવા સારુ જ ધર્મની યોજના છે. મનુષ્ય શાંતિપ્રિય, નિર્વૈર એટલે વેરઝેર વગરનો અને અહિંસક વૃત્તિનો થયો એટલે અજાતશત્રુ જ બની જાય છે, પછી તેનો કોઈ શત્રુ જ નથી રહેતો. ક્રૂર બનીને શત્રુઓનો નાશ કરવા કરતાં અજાતશત્રુ બનીને સર્વ દુષ્ટાત્માઓને પોતાની નિર્વૈર વૃત્તિથી શુદ્ધ કરીને સજ્જન બનાવવા એ વધારે યોગ્ય અને ઇષ્ટ છે. શત્રુઓને દૂર કરવાનો ગુણ તારા સ્વભાવમાં જ રહેલો હોવાથી, તું આમ મૃદુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકૃતિનો હોવા છતાં પણ (व्राजिनम्) શક્તિશાળી છે–બળવાન છે; અર્થાત્ કે એ બળ શારીરિક નથી સમજવાનું. શૂરવીર યોદ્ધામાં ક્રૂરતાયુક્ત જે બળ હોય છે તેવું બળ નહિ, પણ બૌદ્ધિક અને આત્મિક બળ સમજવાનું છે. એ બળો સદા શાંત સ્વભાવના મનુષ્યમાં જ હોય છે. તારી એ શક્તિઓ વધે તે ખાતર જ હું (वाजेभ्यायै संमार्ज्मि) તારા બળની વૃદ્ધિ અર્થે તને અધિક પવિત્ર કરું છું; કારણ કે 'આત્મિકબળ' એ પોતાની પવિત્રતાથી જ વધવાવાળું છે. એ બળ જેટલા પ્રમાણમાં તારી અંદર વિકસશે, તેટલા જ પ્રમાણમાં તારી શાંતિમાં પણ વધારો થતો જશે, ને તેમ છતાં ય સર્વ શત્રુઓને પરાસ્ત કરવાની–હરાવીને જીતવાની તારી તાકાત ટકી રહેશે; એટલું જ નહિ, પણ એ શક્તિના પ્રભાવથી શત્રુઓ પોતાની મેળે જ આઘા ખસી જશે. આટલે દરજ્જે તારી ઉન્નતિ થાય એ ઇષ્ટ છે. ઇચ્છવાયોગ્ય એ સ્થિતિ પ્રાપ્ત થતાં–

૩૦

अदित्यै रास्नासि विष्णोर्वेष्योऽस्यूर्जे त्वाऽदब्धेन त्वा चक्षुषावपश्यामि । अग्नेर्जिह्वासि, सुहूर्देवेभ्यो धाम्ने धाम्ने मे भव यजुषे यजुषे ॥ ३० ॥

(१) अदित्यै रास्ना असि (२) विष्णोः वेष्यः असि (३) ऊर्जे त्वा (२) (४) अदब्धेन चक्षुषा त्वा अवपश्यामि (५) अग्नेः जिह्वा असि (६) मे धाम्ने धाम्ने यजुषे यजुषे देवेभ्यः सुहूः भव

(१) अ–दित्यै रास्ना असि એટલે 'તું સ્વતંત્રતાની મેખલારૂપ બની જઇશ.' દોરીથી જેમ કોઈ ચીજ બાંધી શકાય છે કે વીંટી લઈ શકાય છે અને તેને પરિણામે તે ચીજ અંતરાઈ રહે છે, તે જ પ્રમાણે મનુષ્ય એ સ્વતંત્રતાદેવીની મેખલારૂપ એટલે કમરપટારૂપ બની રહે છે; અર્થાત્ કે મનુષ્યનાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિનાં બંધનોથી સ્વતંત્રતા દેવી જકડાઈ રહેલી છે. એ પાશ, એ બંધન, એ દોરી કે કમરપટો જેવા ને જેટલા પ્રમાણમાં કડક અગર શિથિલ હશે, તેવા ને તેટલા પ્રમાણમાં સ્વતંત્રતા દેવી સારી અથવા ખરાબ હાલતમાં હશે. (दिति એટલે બંધન અને अ-दिति એટલે અબંધન એટલે સ્વતંત્રતા, મુક્તિ અથવા સ્વાધીનતા ' એ તો આગળ સમજાવાઈ જ ગયું છે.) આ જ મેખલા હું છું. પ્રત્યેક મનુષ્યે વિચાર કરી નક્કી કરી લેવું, કે સ્વાતંત્ર્ય દેવીને એણે પોતે મજબૂત જકડી રાખી છે કે દૂર હડસેલી કાઢી છે ? दिति રાક્ષસીને તો સોડમાં નથી ઘાલી બેઠા ને ? अदिति એ દેવોની જનની છે, તેને અપનાવવાથી, તેનો સત્કાર કરવાથી દેવોની પાસે જવાનો અધિકાર મળશે; પણ તેને બદલે दिति રાક્ષસીને જો પડખામાં ઘાલવામાં આવશે, તો તો માત્ર સ્વનાશને જ નોતરવા જેવું થશે. दिति કહેતાં બંધન અગર પરતંત્રતા; એ સર્વ નાશનું કારણ બન્યા વગર રહે જ નહિ. જો તું સ્વતંત્રતા દેવીની ઉપાસના કરીશ, તો-(૨) विष्णोः वेष्यः असि-અર્થાત્ ' તું પોતે વિષ્ણુ કહેતાં વ્યાપક દેવનું ઘર છે ' એવો અનુભવ તને થશે. શરીર, ઇંદ્રિયો, મન, બુદ્ધિ અને આત્મા એ બધાં જે તારાં ક્ષેત્રો છે, તેમને દેવોનાં રહેઠાણ બનાવી દે. ઉપર જણાવ્યા પ્રમાણે જો તું વર્તીશ, તો ખાતરીથી તેમ થશે; મતલબ કે ' તારા હૃદયને સર્વવ્યાપક દેવનું પોતાનું મંદિર બનાવ અને તેમાં દેવને પધરાવ. ' એવું થશે એટલે (૩) इषे त्वा કહેતાં ' અન્ન અને બળને વાસ્તે તને પ્રાપ્ત કરું છું. ' એ સૂક્તની યથાર્થતા તારે વિષે સિદ્ધ થઈ, એમ લોકો કહેવા લાગશે. તારા સાન્નિધ્યથી પોતાનામાં વિશેષ શક્તિનો સંચાર થાય છે, એવો અનુભવ સર્વને થશે. તારી શક્તિ વધી હોવાની ખાતરી સારુ આટલો જ પુરાવો બસ ગણાશે. [મંત્ર નં. ૧ ની ટીપણી ૨ માં આ જ આશયના મંત્રભાગનું વિવરણ જુઓ.] આ અધ્યાયના પ્રારંભમાં જ આ મંત્ર આપ્યો છે. ત્યાં મનુષ્યને અન્નની પ્રાપ્તિ સારુ પ્રેરણા કરી હતી. હવે અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીના ઉપદેશ પ્રમાણે વર્તવાથી તેનામાં એટલી બધી યોગ્યતા આવી ગઈ, કે બીજા લોકો તેની પાસે આત્મિક બળ અને ખોરાક પાણી ખોળતા આવવા લાગ્યા. આટલે દરજ્જે ઉન્નતિ થયેલી જોવાનું તો કોક ભાગ્યશાળીના જ નસીબમાં હોય. પૂર્વ જન્મનાં તેમ આ જન્મનાં સુકૃત સિવાય એ સ્પૃહણીય સ્થિતિ પ્રાપ્ત થતી નથી. (૪) अदब्धेन चक्षुषा त्वा अवपश्यामि એટલે 'મીંચાયા વગરની આંખોએ અથવા અનિમેષ નેત્રોએ હું તને નીરખું છું': એવી વાણી દરેકના મુખમાંથી એવા ભાગ્યશાળી નરને માટે નીકળશે. ડોળા ફાડી ફાડીને એને નિહાળતા રહેવાથી પ્રત્યેકના દિલમાં આનંદ આનંદ થઈ રહેશે; કારણ કે શક્તિ માત્રનું કેન્દ્ર આ માણસ જ આ વેળા બની રહે છે! તેની એ શાંત તેજસ્વી મૂર્તિનાં દર્શનથી એકેએક જણના આનંદમાં અભિવૃદ્ધિ થાય છે, એવો સર્વ કોઈને અનુભવ થાય છે; મતલબ કે સહુનું જ લક્ષ્ય એવા સત્પુરુષ ભણી કેન્દ્રિત થાય છે. એવા સત્પુરુષની યોગ્યતા કેટલી મોટી છે તે જુઓઃ-(૫) अग्नेः जिह्वा असि અથવા 'હે પુરુષ! તું અગ્નિની જીભ છે.' અગ્નિની જિહ્વા એટલે કે અગ્નિની જ્વાળા જેમ અત્યંત તેજસ્વી હોય છે, પ્રકાશ આપે છે અને ગતિ આપે છે, તે જ પ્રમાણે તારી જીભ અથવા વાણી પણ તેજસ્વી એટલે પ્રભાવશાળી, જ્ઞાન-પ્રકાશ ફેલાવનારી અને પ્રગતિ કરાવનારી બને છે. 'જિહ્વા'નો અર્થ આ ઠેકાણે 'વાણી, સંભાષણ, વકતૃત્વશક્તિ, વિદ્વતા' ઇત્યાદિ સમજવાને જ ઉચિત થઈ પડશે; કારણ કે પૂર્વોક્ત રીતે શુદ્ધ અને પવિત્ર બનેલા સત્પુરુષની વાણી એવી જ ઓજસ્વી કિંવા પ્રભાવ પાડનારી હોય છે એ તો સર્વે જાણે છે. એવા પ્રકારની વાક્‌શક્તિ કિંવા વાક્‌સિદ્ધિના માલિક બનેલા મનુષ્યનું એક ખાસ કર્તવ્ય બતાવવામાં આવે છે તે બરાબર લક્ષ્યમાં લ્યોઃ-(૬) मे धम्ने धाम्ने यजुषे यजुषे देवेभ्यः सुहूः भव એટલે કે 'મારા પ્રત્યેક ઘર વિષે, સ્થાનક વિષે તથા યજ્ઞ વિષે દેવતાઓને ઉત્તમ રીતે બોલાવનારો તું થા'; મતલબ કે મારા ઘરમાં આવ્યા પછી મારા ઘર વિષે બધા જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવોને તું તેડી લાવ; યજ્ઞમાં જાય, તો ત્યાં પણ દેવોને બોલાવતો જા. અર્થાત્ કે જ્યાં જ્યાં તું જાય કે રહે, ત્યાં ત્યાં બધે જ તારી હાક પડતાં બરાબર દેવો હાજર થઈ જાય, એટલે દરજ્જે તારી વાણીની પવિત્રતા સાધ. તારી હાક દેવો કાને ધરે–તારા તેડાને માન આપે, એટલું સામર્થ્ય કેળવ–એટલો પ્રભાવ મેળવ. જે લોકો ખરા દિલથી હાક પાડે છે, તેમની જ હાક દેવલોકો સાંભળે છે. તેથી કરી તારા બોલાવતાં બરોબર દેવોને હાજર થવું જ પડે, એવી શક્તિ તારી હાકમાં આવવા દે. એવું થાય તેટલા માટે–

૩૧

सवितुस्त्वा प्रसव उत्पुनाम्यच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः। सावितुर्वः प्रसव उत्पुनाम्याच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः। तेजोऽसि शुक्रमस्यमृतमासि धामनामासि प्रियं देवानामनाधृष्टं देवयजनमसि ॥ ३१ ॥

(१) सवितुः प्रसवे त्वा अच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः उत्पुनामि सवितुः प्रसवे वः अच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः उत्पुनामि (२) तेजः असि (३) शुक्रम् असि (४) अमृतम् असि (५) धामनामा असि (६) देवानां प्रियम् अनाधृष्टम् देवयजनम् असि

(૧) सवितु : प्रसवे त्वा अच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः उत्पुनामि, सवितुः प्रसवे वः अच्छिद्रेण पवित्रेण सूर्यस्य रश्मिभिः उत्पुनामि અર્થાત્ ‘ઉત્પન્ન કરવાવાળા ઈશ્વરની પ્રસૂતિરૂપી આ સૃષ્ટિ વિષે તને તેમ જ તમને સર્વને છિદ્ર વિનાના પવિત્રીકરણના સાધન વતી તથા સૂર્યનાં કિરણો વતી પવિત્ર કરું છું, એટલે બધાંની વિશુદ્ધિ સાધું છું.’ આવી રીતે હું તમને પવિત્ર કરું છું અને એ રીતે પવિત્ર ને પવિત્ર થતાં સૌએ પોતપોતાની ઉન્નતિ પ્રાપ્ત કરી લેવી. [આ જ મંત્ર ૩ની ટીપણી ૩; ૧૨:૨; ૨૦: ૫ અને ૨૧: ૧ નંબરે આવેલા હોઈ ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપેલી સમજૂતી અત્રે જરૂર ધ્યાનમાં લેવી.] (૨થી૫) तेजः असि, शुक्रम् असि, अमृतम् असि, धामनामा असि એટલે કે 'તું તેજ, વીર્ય કિંવા બળ, અમૃત, ઐશ્વર્ય અને યશરૂપ છે.' ઉપર્યુક્ત વિધિએ તારી શુદ્ધતા સિદ્ધ થતાં બરાબર તારી અંદરના ગુણો પ્રકાશવા માંડશે, અને એ બધું તારું પોતાનું જ ઐશ્વર્ય તું પોતે અનુભવી શકીશ. સ્વશક્તિઓનો આવો અનુભવ મેળવવો, એ જ સર્વ ધર્માનુષ્ઠાનોનું મુખ્ય ધ્યેય છે. એ ધ્યેય તો પાર પડશે જ પડશે; પણ તે ઉપરાંત-(૬) देवानां प्रियम् अनाधृष्टम् देवयजनम् असि અર્થાત્ 'તું દેવોને પ્રિય એવું અને કોઈથી પણ ન દબાવી શકાય એવું દેવતાનું યજન કરવાનું સ્થાનક બની જાય છે'; મતલબ કે તારું શરીર તથા તારું નિવાસસ્થાન એ સર્વ દેવોને ખૂબ જ ગમનારું સ્થાનક બની જશે; અને (अनाधृष्टम्) અસુર અથવા આસુરી વૃત્તિઓ એ મજબૂત ધામ પર હલ્લો લાવવાની હિંમત જ નહિ કરે; અને તેમ છતાં ય એ શત્રુઓ ભૂલે-ચૂકે પણ તેમ કરશે, તો તત્કાળ તેમનો પરાજય થશે અને તારા આ સ્થાનકમાં દેવોની સાચી પધરામણી થશે. તાત્પર્ય કે પોતાનું શરીર દેવોનું મંદિર બની ગયું છે અને પોતાના રહેઠાણમાં દેવોનો વાસ પુરાયો છે, એવો અનુભવ મનુષ્યને થવો જોઈએ. દેવતાઓ સાથેનો આવો જીવતો-જાગતો સંબંધ જે સત્પુરુષ અનુભવી જાણે, તેનું જ જન્મવું સાર્થક છે—તેનું જ જીવવું ધન્ય છે. એવી સાર્થકતા, એવી ધન્યતા, આ વૈદિક ધર્માનુસાર આચરણ રાખવાથી મેળવી શકાય છે. પ્રશસ્તતમ કર્મો કીધા થકી એ બધું જ સિદ્ધ થઈ શકે, એ વાત જ આ પહેલા અધ્યાયમાં સાફ સાફ સુચવાઈ છે. આ ઉપદેશવચનોનું અધ્યયન તેમ જ મનન કરીને વાચકો પોતપોતાની કર્મશક્તિને શુદ્ધ માર્ગે વાળી પોતાની અખંડ ઉન્નતિ સાધી લે, એ જ અભિલાષા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તુ' સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચુ' સાહિત્ય'

ગ્રંથોનું સૂચિપત્ર

સદ્ગત સ્વામીજીના સમયમાં છપાયલાં પુસ્તકોની યાદી

ઉત્તમ ધાર્મિક ગ્રંથો—	પૃષ્ઠ	મૂલ્ય
સંપૂર્ણ મહાભારત–ભાષાંતર–દળદાર સાત ગ્રંથોમાં...	૫૨૦૮	૪૫–૦
ગિરધરકૃત રામાયણ–કવિ ગિરધરદાસની હસ્તપ્રત ઉપરથી	૭૬૨	૪–૮
માનસ રામાયણ–બે ભાગમાં, દોહા–ચોપાઈ હિંદી લિપિમાં અને અર્થ ગુજરાતીમાં ૩૦ ચિત્રો સાથે	૧૪૦૦	૭–૦
તુલસીકૃત રામાયણ–બે ભાગમાં, દોહા–ચોપાઈ ગુજરાતી લિપિમાં અર્થ સાથે: ૩૬ ચિત્રો સાથે ...	૧૪૩૨	૭–૮
વાલ્મીકિ રામાયણ–ભાષાંતર ૩૭ ચિત્રો સાથે, મોટા અક્ષરો	૧૫૨૮	૬–૮
ભગવતી (દેવી) ભાગવત–સરળ ભાષાંતર, મોટા અક્ષરોમાં	૯૨૮	૬–૦
મહાભારતનું શાંતિપર્વ–રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ–ચારે વર્ણ, આશ્રમના સામાન્ય ધર્મો; વિશેષ, મુખ્ય તથા ગૌણધર્મો ઇત્યાદિ	૮૫૬	૭–૮
વૈદિક વિનય–દરરોજના સ્વાધ્યાય માટે પસંદ કરી ચૂંટેલા ૩૬૦ વેદમંત્રો, ભાષાંતર–વિસ્તૃત સમજૂતી સાથે	૮૪૦	૩–૧૨
આખ્યાનમાળા–ગ્રંથ ૧ લો તથા ૨ જો–સ્વ૦ અનંત-પ્રસાદકૃત ઋષિ–મુનિઓ તથા દેવ–દેવીઓનાં કુલ ૪૩ આખ્યાનોનો ઉત્તમ સંગ્રહ	૧૪૨૮	૬–૦
આર્યધર્મનીતિ ને ચાણક્યનીતિસાર–પસંદ કરી ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો, સરળ અર્થ સાથે ...	૨૦૮	૦–૮
ઉપદેશસારસંગ્રહ–મહાત્મા તિરુવલ્લુવરના વેદતુલ્ય ઉપદેશો	૩૮૪	૧–૮
પ્રભુમય જીવનનું રહસ્ય–મહાપુરુષોના ઉપદેશની વાનગી તથા ભજનો ઇત્યાદિ	૧૬૮	૧–૦
સુબોધરત્નાકર–ધર્મનીતિનાં પ્રેરક ૧૦૫ દૃષ્ટાંતો	૩૦૦	૧–૮
વિષ્ણુસહસ્રનામ–ભગવાન વિષ્ણુનાં હજાર નામો, અર્થ સાથે	૧૨૮	૦–૪
વિષ્ણુસહસ્ર નામાવલિ દર્શન–ભગવાન વિષ્ણુનાં હજાર નામો અર્થ તથા વિસ્તૃત વિવરણ સાથે...	૨૨૦	૦–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુસ્મૃતિ–સરળ ભાષાંતર, મૂળ શ્લોકો સહિત ૬૪૦ ૩–૦

હૃદયતરંગ અને બ્રાહ્મણની ગૌ–અભયદેવ શર્માકૃત
ઉત્તમ વિચારતરંગો તથા બ્રહ્મગવીસૂક્તનું સરળ ભાષાંતર ૩૨૪ ૧–૦

સંતવાણી તથા ઉપદેશો—

દાસબોધ–ભક્તિનિરૂપણ, જન્મદુઃખનિરૂપણ, નવ પ્રકારની ભક્તિ, બ્રહ્મનિરૂપણ, પિંડ અને બ્રહ્માંડ, સારાસાર વિચાર ઇ૦ અનેક પ્રકારના **સમર્થ રામદાસના** ઉપદેશો ૬૪૮ ૨–૮

તુકારામ ગાથા–બે ગ્રંથોમાં–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત તુકારામે લખેલા પ્રભુપ્રેમ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યપ્રેરક ૪૧૪૧ મરાઠી અભંગોનું સરળ ભાષાંતર ૧૮૪૦ ૬–૦

પ્રીતમદાસની વાણી–ધોળ, છપ્પા, કક્કા, મહિના ઇ.નો સંગ્રહ ૫૬૦ ૨–૮

ભજનસાગર–જુદાજુદા ભક્તોનાં ૯૩૧ ઉત્તમ ભજનોનો સંગ્રહ ૬૮૮ ૨–૮

સ્વામી રામતીર્થના સદુપદેશો–આત્મકૃપા, બ્રહ્મચર્ય, રાષ્ટ્રીય ધર્મ, આત્મસાક્ષાત્કારનો વિધિ, પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ, યજ્ઞનું રહસ્ય, આનંદ, જીવતો કોણ છે? વગેરે બાબતો સમજાવતાં—
વ્યાખ્યાનો ઇત્યાદિ–(ગ્રંથ ૧ લા રૂપે) ૫૬૪ ૨–૮
સદુપદેશો–(ગ્રંથ ૩ જા રૂપે) ૫૨૦ ૨–૮

સ્વામી વિવેકાનંદના ઉપદેશો–ધર્મ એટલે શું? ભક્તિનું ખરું સ્વરૂપ, વેદાંતનું કાર્ય, ભરતખંડનું ભવિષ્ય, આપણું કર્તવ્ય, પુનર્જન્મ, ભક્તિયોગ, મૂર્તિપૂજા, પ્રભુપ્રેરિત વાતો, પત્રો ઇત્યાદિ
સદુપદેશો–(ભાગ ૪–૫ રૂપે) આવૃત્તિ ૨ જી ૬૦૦ ૨–૪
ભક્તિયોગ–આવૃત્તિ ૨ જી (ભાગ ૮મા રૂપે) ... ૩૮૪ ૧–૮
પાતંજલયોગ ને જ્ઞાનયોગ (ભાગ ૧૦–૧૧ રૂપે) ૫૬૦ ૨–૦

સંતો તથા વીર પુરુષોનાં જીવનચરિત્રો—

આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ ૨ જો–બોધક ૭૦ ટૂંકાં ચરિત્રો ૬૨૪ ૨–૮

ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથોમાં વિસ્તૃત ચરિત્ર ૧૫૯૬ ૬–૮

સંત તુકારામ–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું ચરિત્ર ... ૬૪૮ ૨–૮

સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજીનાં ચરિત્રો ૪૨૪ ૧–૬

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તચરિત્ર–નાભાકૃત ભક્તમાળમાં નહિ આવેલાં મહાન ૨૯ ભક્તોનાં અદ્ભુત અને પ્રેરણાદાયી ચરિત્રો	૫૨૮	૨–૮
ભારતના વીરપુરુષો–ઐતિહાસિક ૪૦ વીર પુરુષોનાં ચરિત્રો	૩૩૬	૧–૪
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર, વેદાંતના ઉપદેશો સાથે	૬૭૨	૩–૦
સ્વામી વિવેકાનંદ–બાળપણથી સમાધિ પર્યંતના ... જીવનના બધા પ્રસંગો આલેખતું વિસ્તૃત ચરિત્ર...	૭૮૪	૩–૦
રામકૃષ્ણ પરમહંસ–પ્રેરણાદાયી અદ્ભુત ચરિત્ર ...	૬૦૮	૨–૮
મહાત્મા સરયુદાસજી, ભૂધર ભક્ત ને મહાત્મા જાનકીદાસજીનાં ચરિત્રો	૨૫૬	૦–૧૦
શ્રી રામચંદ્રદત્ત ને નાગમહાશયનાં ચરિત્રો ...	૩૩૬	૧–૦
જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ : બે ચરિત્રો	૫૦૪	૨–૮
મુસ્લિમ મહાત્માઓ–૯૬ મુસ્લિમ સૂફી સંતોનાં ચરિત્રો	૭૫૬	૨–૪
વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**–મારવાડના રાજપૂત યુગના આ નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત...	૩૦૪	૧–૦

ખાસ સ્ત્રીઉપયોગી ગ્રંથો—

ભારતની દેવીઓ–ત્રણ ગ્રંથો : પ્રાચીન તથા અર્વાચીન ૫૨૮ સતીઓનાં ચરિત્રો : સૌથી મોટો ને સસ્તો સંગ્રહ	૨૨૬૮	૯–૦
દયાળુ માતા અને **સદ્ગુણી પુત્રી**–સ્ત્રીઉપયોગી ટૂંકી ચાર વાતો–બાલિકાઓ માટે ખાસ ઉપયોગી	૧૬૦	૦–૮
ટૂંકી વાતો–ગ્રંથ ૧ લો–સામાજિક નિર્દોષ ૬૬ વાતો	૫૮૮	૨–૮
,, ,, ૨ જો–કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાતો	૫૭૬	૨–૮
ટૂંકી વાતો–ગ્રંથ ૫ મો–સ્ત્રીપુરુષને ઉપયોગી ૫૬ વાતો	૪૦૮	૨–૮
,, ,, ૬ ઠ્ઠો–સર્વ માટે ઉપકારક ૮૬ વાતો	૭૨૦	૨–૮
સ્વર્ગનું વિમાન–ભક્તિમાર્ગના ટૂંકા ૩૨૫ રમૂજી દાખલા	૩૭૨	૨–૦
સ્વર્ગની કૂંચી–સદ્વર્તન રાખતાં શીખવનારું પુસ્તક ...	૩૭૨	૨–૦
સ્વર્ગનો ખજાનો–ભક્તિમાર્ગની સરળ ત્રીજી ચોપડી ...	૩૧૨	૨–૦
સ્વર્ગનો પ્રકાશ–જ્ઞાન અને પરમાર્થનો સંબંધ તથા ... પાગલ હરનાથની જાણવાલાયક વાતો ...	૩૩૬	૨–૦
સ્વર્ગનો આનંદ–ભક્તિના અનેક પ્રકારો ઇત્યાદિ ...	૩૬૦	૨–૦
સ્વર્ગની સડક–સ્વર્ગપ્રાપ્તિ માટેનો રસ્તો બતાવનાર	૪૬૮	૨–૦
સંસારમાં સ્વર્ગ–સંસારને સ્વર્ગરૂપ બનાવનારું પુસ્તક	૩૪૮	૨–૦
સ્વર્ગની સીડી–મોક્ષમાર્ગના ૧૨ પગથિયાંની સમજ...	૩૬૦	૨–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચું સ્વર્ગ-ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો ... ૪૯૨ ૨-૦
સ્વર્ગની જિંદગી-કંગાળ મનોદશાને માટે ક્ષેમિયારૂપે ૩૦૦ ૨-૦

ભગવદ્ ગીતાઓ—

શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્દગીતા-ભગવાન જ્ઞાનેશ્વરે લખેલી અનેક દાખલા-દૃષ્ટાંતથી ગીતા સમજાવતી 'ભાવાર્થ દીપિકા'ની ટીકાના સરળ અર્થ સાથે ... ૮૮૮ ૪-૦
શ્રી ભગવદ્દગીતા-એક બાજુ શ્લોક ને બીજી બાજુ ભાષાંતર, બૉર્ડપટ્ટીનાં પૂંઠાં ૪૮૦ ૦-૮
શ્રીમદ્ ભગવદ્દગીતા-માત્ર ગુજરાતી ભાષાંતર આવૃત્તિ ૨૦ મી, બૉર્ડપટ્ટીનાં પૂંઠાં ૨૮૮ ૦-૪

યોગ ને વેદાંત—

જ્ઞાનયોગ-આત્મા, વ્યાવહારિક વેદાંત, કલ્યાણનો પંથ, યાજ્ઞવલ્કય અને મૈત્રેયી-વગેરે ઉપર વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો ૨૩૬ ૦-૧૨
રાજયોગ-(સ્વામી વિવેકાનંદકૃત) સાધન, પ્રાણ, પ્રાણનું આધ્યાત્મિક રૂપ, પ્રાણનો સંયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ ઇત્યાદિ ૧૩૬ ૦-૧૨
પાતંજલ યોગસૂત્ર-ભગવાન પતંજલિનાં યોગ સૂત્રો, અર્થ તથા સ્વામી વિવેકાનંદજીના વિવેચન સાથે ... ૧૯૨ ૧-૦

ઉત્સાહ અને ચેતનાપ્રેરક ગ્રંથો—

આગળ ધસો-ચેતનાપ્રેરક મહાન ગ્રંથ : (આવૃત્તિ ૩જી) ૪૬૮ ૨-૮
આદર્શ દૃષ્ટાંતમાળા-ભાગ ૧-૨-મહાપુરુષોના જીવનપ્રસંગો પરથી બોધક અને અનુકરણીય ૮૧૯ દૃષ્ટાંતોનો સંગ્રહ ૬૨૮ ૪-૦
ભાગ્યના સ્રષ્ટાઓ-માણસ પોતાનું ભાગ્ય પોતાના હાથે જ કેવી રીતે રચી શકે છે, તે બતાવતું દૃષ્ટાંતો સાથેનું ઉત્સાહપ્રેરક પુસ્તક ૫૬૪ ૨-૮
શુભસંગ્રહ-(ભાગ ૧, ૨ ને ૯) જુદા જુદા ત્રણ ગ્રંથોમાં ઘરગથ્થુ દવાઓ તથા ઉપયોગી માહિતીના ૪૦૧ લેખોનો ઉપયોગી સંગ્રહ... ... ૧૪૭૨ ૫-૪
કતલખાનું-શ્રમજીવીઓનાં અનેકવિધ દુઃખોનો તાદૃશ્ય ચિતાર રજૂ કરતી નવલકથા (અપ્ટન સિંક્લેરકૃત) ૬૬૬ ૩-૦
સુબોધ કથાસાગર-બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ૪૬૪ ૨-૦
સુબોધ પુષ્પવાટિકા-શેખસાદીકૃત નીતિવિષયક, મધુર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયગ્રાહી શૈલીમાં લખાયલું પુસ્તક: રાજાની અને ત્યાગીની
રહેણીકરણી, મૌનનો મહિમા, શિક્ષણનું ફળ ઇત્યાદિ   ૧૩૬   ૦–૫

સુખી જીવનનાં સાધન–વ્યાવહારિક સુખ મેળવી આનંદી
જીવન ગાળવા ઉત્સાહ પ્રેરતું પુસ્તક...   ૩૧૨   ૧–૮

વૈદક તથા વિજ્ઞાનના ગ્રંથો—

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–મ૦ ગાંધીજીકૃત: શરીરરચના,
હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં, પાણીના તથા માટી-
ના ઉપચાર, અકસ્માત, ગર્ભવેળા સ્ત્રી–પુરુષનું કર્તવ્ય વગેરે   ૧૨૮   ૦–૮

વૈદક સંબંધી વિચારો–બે ગ્રંથમાં, આરોગ્ય અને વૈદકને
લગતા ઉપયોગી ૨૯૧ લેખોનો સંગ્રહ   ૧૧૧૬   ૩–૧૨

આર્યભિષક્ અથવા **હિંદુસ્તાનનો વૈદ્યરાજ**–૧૦ મી આવૃત્તિ:
અનેક વનસ્પતિઓના ગુણ–દોષ, ઉપયોગ તેમ જ રોગો,
તેનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ   ૮૩૨   ૬–૦

આયુર્વેદ નિબંધમાળા–બે ગ્રંથમાં, વૈદ્ય તિલકચંદ તારા-
ચંદકૃત: આયુર્વેદ પ્રમાણે અનેક રોગ, તેનાં લક્ષણ, કારણ,
ઉપાયો તેમ જ અનુભૂત ઉપચારો બતાવતો ઉત્તમ ગ્રંથ   ૧૧૫૨   ૪–૪

બાળકો માટેનાં પુસ્તકો—

બાળકોની વાતો–ભાગ ૧ લો: બોધપ્રદ ૨૧ વાતો ...   ૮૪   ૦–૬
" " ભાગ ૨ જો: બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ   ૨૬૪   ૦–૮

સદ્ગુણી બાળકો–૬૯ ખરા બનાવોનો સંગ્રહ... ...   ૧૩૬   ૦–૮

ટ્રસ્ટીઓએ બહાર પાડેલાં પુસ્તકોની યાદી

ધાર્મિક ગ્રંથો—

મહાવાક્ય રત્નાવલિ–સરળ અર્થ સાથે ૧૪૪   ૦–૧૨

ઉપનિષદો–૧૧૨ સરળ ગુજરાતી ભાષાંતર–ચાર ભાગમાં   ૯૦૦   ૪–૦

દત્ત–પરશુરામ અથવા **આત્મદર્શનયોગ**: ભગવાન દત્તાત્રેય પ્રણીત
ત્રિપુરારહસ્ય જ્ઞાનખંડ, વિસ્તૃત સમજણ અને વિવરણ સાથે   ૩૪૪   ૨–૦

હું કોણ? અથવા ઉકાભક્તનું આત્મદર્શન– ... ...
લેખક: સ્વામી માધવતીર્થજી (જૂજ પ્રતો છે.)   ૩૮૪   ૨–૦

પરમાનંદની પ્રાપ્તિ–લે૦ ધીરજલાલ સાંકળિયા: શુદ્ધાદ્વૈત
મતથી બ્રહ્મનું નિરૂપણ કરતું પુસ્તક, રસિક વાતચીતરૂપે   ૨૬૪   ૧–૮

વિદુરનીતિ–શ્લોકો તથા સરળ ભાષાંતર ૧૯૮   ૦–૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષમાળા-શ્રીમદ્ રાજચંદ્રકૃત જૈનતત્ત્વજ્ઞાનનું ઉત્તમ પુસ્તક
મહાત્મા ગાંધીજીના પરિચય સાથે... ... ૧૮૦ ૧-૪

પરમસુખી થવાના ઉપાય-શ્રીમન્નથુરામશર્માનાં ધાર્મિક
વ્યાખ્યાનોનો ઉપયોગી સંગ્રહ ૩૩૬ ૨-૦

વિવેકાનંદસાર-વિવેકાનંદના સમગ્ર ઉપદેશોના સારરૂપે
વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ૨૬૪ ૨-૦

રામકૃષ્ણકથામૃત-ઉપદેશો, બોધક વાતચીતના પ્રસંગો ઇ૦ ૮૦૦ ૫-૦

શ્રીમદ્ ભાગવત-બે ગ્રંથમાં ભાષાંતર-આવૃત્તિ ૧૧મી, ૨૭ ચિત્રો ૧૨૪૦ ૮-૦

એકાદશ સ્કંધ-મૂળ સહિત સરળ ભાષાંતર ૪૮૦ ૧-૪

દીવાને સાગર-પ્રભુપ્રાપ્તિ અને જીવનસાફલ્યનો ઉલ્લાસ
આપતી શ્રી 'સાગર'ની ગઝલોનો સંગ્રહ ... ૪૮૦ ૪-૮

અખાની વાણી-અઘરા શબ્દોના અર્થ સાથેની ત્રીજી આવૃત્તિ ૫૦૪ ૩-૦

જીવન પગલે-(કાવ્યો)-જીવનપથ ઉજાળવાની પ્રેરણા
આપતો કાવ્યસંગ્રહ ... ૧૧૨ ૦-૧૦

મીરાં અને નરસિંહ-(સંપાદક: ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ
દિવેટિયા) પસંદ કરેલાં ૧૯૩ ભજનો તથા પદો ૧૦૪ ૦-૧૨

તુકારામ્હણે:-સંત તુકારામના પસંદ કરેલા અભંગોનો સંગ્રહ
મરાઠીમાં... ૧૨૦ ૦-૫

જીવનચરિત્રો—

નાનક-ટૂંકું ચરિત્ર, અન્ય નવ ગુરુઓના ટૂંકા પરિચય સાથે ૭૨ ૦-૬

મહર્ષિ દયાનંદ-ગુજરાતના મહાન જ્યોતિર્ધરનું ચરિત્ર ૧૫૨ ૧-૦

મહાવીર-ભગવાન મહાવીરનું ટૂંકું ચરિત્ર... ... ... ૫૬ ૦-૬

રમણ મહર્ષિ-(લે. સ્વામી માધવતીર્થ) ટૂંકો પરિચય ને બોધ ૧૮૪ ૧-૦

સાઈબાબા-શિરડીના પ્રખ્યાત સંતનું ચરિત્ર ૪૩૬ ૩-૦

સ્વામી સહજાનંદ-ચરિત્ર ને ઉપદેશો ૩૨૮ ૧-૮

સ્ત્રીઉપયોગી સાહિત્ય—

સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો-સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસા-
હક્ક, ગામડાંની સ્ત્રીઓના પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક
સંપત્તિ, ગૃહઉદ્યોગ તથા સ્ત્રીઓની ફરજ ઇ૦ અનેક વિષયો ૨૬૪ ૧-૮

કલ્યાણમયી-વાર્તાના સ્વરૂપમાં સ્ત્રીઉત્કર્ષની ભાવનાને
રજૂ કરતો ગ્રંથ: સ્ત્રીઓના રોગો અને તેના
ઉપાયો સાથે: આવૃત્તિ ૨ જી ૨૨૪ ૧-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવદ્ ગીતાઓ—

શ્રીમદ્ ભગવદ્ગીતા—ગુજરાતી સરલાર્થ સહિત, મોટા અક્ષર	૨૪૮	૦–૧૨
અષ્ટાવક્રગીતા—શ્લોકો તથા સરળ અર્થ	૭૨	૦–૮
અવધૂતગીતા—મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ...	૧૫૨	૧–૦
શ્રીમદ્ ભગવદ્ગીતા—ગુજરાતી સરલાર્થ તથા **પંડિત નીલકંઠની** વિસ્તૃત ટીકા સાથે, કદ ૫×૭ાા	૬૭૬	૧–૧૦

વેદાંત ને યોગના ગ્રંથો—

વિવેકચૂડામણિ—શ્રીમદ્ શંકરાચાર્ય વિરચિતઃ મૂળ સહિત ગુજરાતી ભાષાંતર	૧૬૦	૦–૧૨
વિચાર સાગર—વેદાંતનાં દોહન-સારરૂપ તત્ત્વજ્ઞાનનું પુસ્તક	૪૩૨	૨–૮
લઘુ યોગવાસિષ્ઠ—મહામૂલા જીવનની દરેક પળ યોગપૂર્ણ વિતાવવા પ્રેરણા આપતું અજોડ પુસ્તક ...	૫૨૮	૨–૮
યોગવાસિષ્ઠ મહારામાયણ—ચાર દળદાર ગ્રંથો, વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ—આ છ પ્રકરણો	૧૯૦૮	૧૨–૦
આત્મવિલાસ—જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી વેદાંત સમજાવતો ગ્રંથ	૩૪૪	૨–૦
જીવન્મુક્તિવિવેક—તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય અને મનોનાશ કરી મુક્તિ માટે માર્ગદર્શન આપતો સ્વામી વિદ્યારણ્યકૃત પ્રાચીન ગ્રંથ	૨૨૦	૧–૪
આત્મરામાયણ—રામાયણની ટૂંકી કથા સાથે તત્ત્વજ્ઞાન સમજાવતું અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક	૧૪૦	૦–૧૨

વૈદક અને વિજ્ઞાન—

ખોરાકના ગુણદોષ—લેખક: ડૉ. રસિકલાલ જે. પરીખ આયુર્વેદ અને એલોપથી જાણનાર દાકતરને હાથે લખાયલું વ્યવહારુ માર્ગદર્શક પુસ્તક	૪૦	૦–૬
ઔષધિ કલ્પલતા—જડ અને હઠીલા રોગો ઉપર ૪૩ વનૌષધિઓના સેવન વિષે સમજૂતી	૧૧૨	૦–૧૨
આપણો ખોરાક—લે૦ મિનુ મસાણીઃ : રોજ કેવો ને કેટલો ખોરાક લેવો જોઈએ ? તે વૈજ્ઞાનિક ઢબે સમજાવતું પુસ્તક	૧૨૦	૦–૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળોપયોગી—

બિરબલ અને બીજા–લે૦ જ્યોતીન્દ્ર હ૦ દવે: બાદશાહ અને બિરબલની તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ   ૨૮૦   ૧–૮

ભારતીય નીતિકથાઓ–'મહાભારત'માંની પર ટૂંકી વાતો ૧૯૨   ૦–૮

સુબોધક નીતિકથા–સ્વ૦ 'બિરબલ'કૃત ૧૫૨ બોધપ્રદ વાતો   ૨૩૨   ૦–૯

પ્રકીર્ણ સાહિત્ય—

આત્મનિરીક્ષણ ને સંકલ્પ–રમણલાલ વ૦ દેસાઈનું વ્યક્તિગત અને સમાજની નિર્બળતા ઉપર ડોકિયું કરી સ્વસુધારણા માટે પ્રેરણા આપતું ઉત્તમ પુસ્તક ...   ૧૯૮   ૧–૦

કચ્છની લોકવાર્તા–(લે૦ ડુંગરશી ધરમશી સંપટ)... કચ્છદેશની રાજપૂત યુગની ઘટનાઓ આલેખતો ગ્રંથ   ૩૫૪   ૨–૦

સાહિત્યપ્રારંભિકા–લે૦ હિંમતલાલ ગણેશજી અંજારિયા: ગુજરાતી સાહિત્યના વિકાસનો ઇતિહાસ: વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ...   ૧૫૨   ૧–૦

ગુજરાતની ગઝલો–(દી. બ. કૃષ્ણલાલ ઝવેરી સંપાદિત) જુદી જુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ...   ૧૮૦   ૧–૦

ઉત્સાહ અને ચેતનાપ્રેરક ગ્રંથો—

અંતરની વ્યથા–લે૦ 'સોપાન' હૃદયના ઊંડાણમાંથી સભૂકતી સાચી પાંચ જ્વાળાઓ જીવનને આબાદ રીતે દૃઢ-ટકીલું બનાવી ખરા રાહ પર લાવે છે   ૧૯૨   ૧–૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, સેશન્સ કોર્ટ પાસે, પો. બો. નં. ૫૦, **અમદાવાદ**
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લાં ૩૫ વર્ષથી શિષ્ટ અને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહેલી

ભિક્ષુ અખંડાનંદે સ્થાપેલી

વિવિધ ગ્રંથમાળા

સંવત ૨૦૦૨	વાર્ષિક લવાજમ રૂા. ૬—૪—૦ પોસ્ટેજ માફ	વર્ષ ૩૫ મું

★

વરસ દિવસે કદ ૫×૭॥ ઈંચનાં પાન ૨૦૦૦ નું
શિષ્ટ ને ઉપયોગી વાચન ૬ થી ૮ પુસ્તકો
દ્વારા ઘેર બેઠાં અપાય છે.

આ માળાનું વર્ષ કારતકથી શરૂ થઈ આસોમાં પૂરું થાય છે. વર્ષની અધવચ્ચે ગમે ત્યારે ગ્રાહક થનારને કારતક માસથી ગ્રાહક ગણીને બહાર પડેલાં પુસ્તકો તરતમાં અપાય છે અને બાકીનાં નીકળે તેમ તેમ મોકલી અપાય છે.

વધુ વિગત માટે લખો:—

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, સેશન્સ કોર્ટ પાસે, પો. બો. નં. ૫૦, અમદાવાદ
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ—૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'

(અનુસંધાન પૂંઠાના પાન બીજાની સામેથી)

<u>જુન–૧૯૪૬ માં પ્રસિદ્ધ થશે</u>

બાકીનાં પાંચ પુસ્તકો તૈયાર થયે તેનાં નામ અને લેખક વિષે ચોક્કસ જાહેરાત કરવામાં આવશે. આજની ધારણા પ્રમાણે એ પુસ્તકોમાં નીચેના વિષયોનો સમાવેશ થશે:–

૧૪. રવીન્દ્ર-જીવન

કવિવર રવીન્દ્રનાથ ટાગોરના જીવનનો પ્રેરણાત્મક પરિચય

૧૫. ગુજરાતના સેવકો

આજના ગુજરાતને ઘડનારા મૂંગા સેવકોની જીવનકથા

૧૬. માતૃત્વ

બાળઉછેરને લગતા પ્રશ્નો અને ઉત્તરો

૧૭. જાગ્રત નારી

નારીજીવનને પ્રેરણા આપતા લેખો ને જીવન-ચરિત્રો

૧૮. સાહસ-કથાઓ

લોકકલ્યાણ અર્થે સાહસ કરનારા વીરોની કથાઓ

- આ શ્રેણીના દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના** રહેશે.
- બધાં પુસ્તકો માટે નામ નોંધાવનારને ૧૮ પુસ્તકો દસ રૂપિયામાં મળશે.
- ટપાલથી મંગાવનારે રૂા. ૧–૮–૦ ટપાલખર્ચનો મોકલવો.
- પ્રસિદ્ધ થનારાં પુસ્તકોમાં સંજોગવશાત્ સંસ્થા ફેરફાર કરી શકશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, સેશન્સ કોર્ટ પાસે, પો. બો. નં. ૫૦, **અમદાવાદ**
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

'આમ સાહિત્યશ્રેણી'

આ ગ્રંથાવલિમાં જ્ઞાન–ચારિત્ર્યવર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતે બહાર પડે છે. હાલ નીચે પ્રમાણે પુસ્તકો પ્રકટ થયાં છે:—

ગીતાસંકલન–સંપાદક: શ્રી૦ રમણ મહર્ષિ: મોઢે કરવા જેવા ગીતાના ૪૧ શ્લોકોનું સંકલન, બીજાં બે સંકલનો સાથે	૫૨	૦–૩
વિચાર સૂર્યોદય–તત્ત્વજ્ઞાનની બાળપોથી જેવું સરળ પુસ્તક	૫૨	૦–૩
જ્ઞાનનાં ઝરણાં–સ્વામી માધવતીર્થ : આવૃત્તિ બીજી ...	૬૪	૦–૩
ધ્યાન અને જ્ઞાન–લેખક : સ્વામી માધવતીર્થ	૪૮	૦–૩
કણ્ઠાભરણમ્–ચૂંટી કાઢેલા પ્રાર્થના–મંત્રો–અર્થ સાથે	૬૪	૦–૩
શ્રીમત્ શંકરાચાર્ય-(સચિત્ર) લેખક : પુરાતન બુચ : જગદ્ગુરુ આદ્ય શંકરાચાર્યનું ટૂંકું જીવન અને કવન	૪૮	૦–૩
ભગવાન બુદ્ધ-(સચિત્ર) લેખક : પુરાતન બુચ	૫૬	૦–૪
મેનાવતી ને ગોપીચંદ તથા **ભર્તૃહરિ ને વિક્રમ**–'કલાપી'કૃત	૪૮	૦–૩
જેસલ અને **તોરલ** તથા **ગોપીચંદ ને જાલંધર**– ,,	૫૬	૦–૩
મનને–એક સંતની મનોનિગ્રહ પ્રેરતી કવિતાઓ	૪૦	૦–૩
ઉચ્ચ જીવન–ડૉ. હરિપ્રસાદ દેસાઈ	૫૬	૦–૩
કાળમુખી અને **બીજી વાતો**–લેખક : ચુનીલાલ મડિયા	૬૪	૦–૩
ધાવણની ધાર અને **બીજી વાતો**–લેખક : ,, ,,	૬૪	૦–૩
કેરીની મોસમ ને બીજી વાતો–લેખક : 'રાયદા' ...	૭૮	૦–૫
અણોજો ને નવું રેલવે સ્ટેશન–લેખક ચુનીલાલ વ૦ શાહ	૬૦	૦–૪
જીવનનો મર્મ–લેખક : 'સોપાન'	૮૪	૦–૬
નવજવાન– ,, ...	૬૪	૦–૪
અહિંસાનું રહસ્ય– ,, ...	૭૨	૦–૪
એ વૃદ્ધ પુરુષ !– ,, ...	૫૬	૦–૪
આશાને અજવાળે– ,, ...	૫૬	૦–૪
શ્રીમંતોનો સડો–(કાવ્ય) ઈશ્વર ધોળકિયા...	૬૪	૦–૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૧૮૭૪ / ૧૯૪૨

છેલ્લી અર્ધી સદીમાં મહાગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી** અને **ભિક્ષુ અખંડાનંદ**—એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાનાજ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ-અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી, જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણ સો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને સર્વ રીતે શુદ્ધ કરીને, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે 'कथयन्तो मां नित्यम्' એ ગીતાસૂત્ર પ્રમાણે છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે, અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં—હિંદના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ ને મુંબઈ—૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar